سورة الفاتحة ١

سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ وَهِيَ سَبْعُ اٰيَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝١ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝٢ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ۝٣ اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ۝٤ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۝٥ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۝٧

**સૂરએ ફાતિહા મક્કામાં ઉતરેલી અને તેમાં ૭ આયતો છે**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમતવાળો છે.**

**બધી ખૂબીઓ અલ્લાહને જે બધીય દુન્યાવાળાઓનો માલિક[૧] ઘણો મહેરબાન રહમતવાળો[૨] બદલાના દિવસનો માલિક[૩] અમો તને જ પૂજીએ અને તારાથીજ મદદ માંગીએ[૪] અમને સીધા રસ્તે ચલાવ[૫] તેઓનો રસ્તો જેમના ઉપર તેં એહસાન કર્યું,[૬] નહિ કે તેઓનો જેમના ઉપર ગઝબ થયો અને ન ભટકેલાઓનો[૭]**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો છે. અમો અલ્લાહની ખૂબી બયાન કરીએ છીએ અને તેના રસૂલેકરીમ ઉપર દુરૂદ પઢીએ છીએ.**

## સૂરએ ફાતિહાનાં નામ

આ સૂરહના અનેક નામો છે (૧) ફાતિહા (૨) ફાતિહુલ કિતાબ (૩) ઉમ્મુલ કુરઆન (૪) સૂરતુલ કન્ઝ (૫) કાફિયહ (૬) વાફિયહ (૭) શાફિયહ (૮) શિફા (૯) સબએ મસાની (૧૦) નૂર (૧૧) રૂકય્યહ (૧૨) સૂરતુલ હમ્દ (૧૩) સૂરતુદદુઆ (૧૪) તઅલીમુલ મસઅલહ (૧૫) સૂરતુલ મુનાજાત (૧૬) સૂરતુત્તફવીઝ (૧૭) સૂરતુસ્સવાલ (૧૮) ઉમ્મુલ કિતાબ (૧૯) ફાતિહતુલ કુરઆન (૨૦) સૂરતુસ્સલાત

આ સૂરહમાં ૭ આયતો ૨૭ શબ્દો ૧૪૦ હુરૂફ છે, કોઇ આયત નાસિખ (કોઇ આયત પર અમલ થતો અટકાવવા ઉતરેલી આયત) અથવા મન્સૂખ (જેના પર અમલ થતો અટકાવી દેવાયો હોય એવી આયત) નથી.

## શાને નુઝૂલ

આયત અથવા સૂરહ ઉતરવાના કારણને શાને નુઝૂલ કહે છે. આ સૂરહ મક્કામાં અથવા મદીનામાં અથવા બન્નેમાં ઉતરી, અમ્ર બિન શરહબીલનું કહેવું છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત ખદીજહ્ રદીયલ્લા હો અન્હાને ફરમાવ્યું, ''હું એક અવાજ સાંભળતો રહું છું, જેમાં ઇકરઅ (પઢ) કહેવામાં આવે છે. વરકા બિન નવફિલને ખબર આપવામાં આવી, તેમણે વિનંતી કરી કે જ્યારે એ અવાજ આવે ત્યારે શાંતિથી સાંભળો. ત્યાર પછી હઝરત જિબ્રઇલે સેવામાં ઉપસ્થિત થઇ વિનંતી કરી, ''બોલો બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.'' આનાથી માલમ પડે છે કે ઉતરવાના

ક્રમમાં આ પહેલી સૂરહ છે. પરંતુ બીજી રિવાયતોથી માલમ પડે છે કે પહેલાં સૂરહ 'ઇકરઅ' નાઝિલ થઇ, આ સૂરહમાં તાલીમ આપવા માટે બન્દાઓની ઝબાનમાં (અર્થાત બન્દો પોતાના તરફથી બોલતો હોય એ રીતે જો કે એ કલામ ખુદા પાકનું જછે) વાત કરવામાં આવી છે.

## હુકમો

**મસઅલો :** : નમાઝમાં આ સૂરતનું પઢવું વાજિબ છે, ઇમામ અને એકલો નમાઝ પઢતો હોય તો તેના માટે તો હકીકતન વાજિબ છે એટલે કે તેઓને શબ્દોનો ઉચ્ચાર પણ કરવો પડશે, અને મુક્તદી માટે હુકમી તોર પર વાજિબ છે એટલે કે ઇમામ મારફત, સહીહ હદીસમાં છે કે ઇમામનું પઢવું એજ મુક્તદીનું પઢવું છે. કુરઆને પાકમાં મુક્તદીને ચૂપ રહી ઇમામની કિરઅત સાંભળવાનો હુકમ કરવામાં આવ્યો છે. ''ઇઝા કુરિઅલ કુરઆનો ફસ્તમિઉ લહૂ વનસીતૂ'' મુસ્લિમ શરીફની હદીસમાં છે, જ્યારે ઇમામ કિરઅત પઢે ત્યારે તમે ચૂપ રહો અને બીજી ઘણી હદીસોમાં આ બયાન છે.

**મસઅલો :** : જનાઝાની નમાઝમાં દુઆ યાદ ન હોય તો દુઆની નિય્યતથી સૂરએ ફાતિહા પઢવી જાઇઝ છે, કિરઅતની નિય્યતથી જાઇઝ નથી.

## સૂરએ ફાતિહાની ફઝીલતો

હદીસોમાં આ સૂરતની ઘણી ફઝીલતો આવી છે, હુઝૂરે ફરમાવ્યું, તવરેત, ઇન્જિલ, ઝબૂરમાં આ સૂરત જેવી સૂરત ઉતરી નથી.' – તિરમિઝી.

એક ફરિશ્તાએ આસ્માનમાંથી ઉતરી હુઝૂરને સલામ કરી અને બે એવા નૂરોની ખૂશખબરી આપી જે હુઝૂર પહેલાં કોઇ નબીને મળ્યાં નથી, એક સૂરએ ફાતિહા બીજું સૂરએ બકરની છેલ્લી આયતો (મુસ્લિમ) સૂરએ ફાતિહા દરેક બીમારીની દવા છે. (દારમી) સૂરએ ફાતિહા ૧૦૦ વખત પઢી જે દુઆ માંગે ખુદા પાક તેને કબૂલ કરે છે. (દારમી)

**મસઅલો** : તિલાવત પહેલાં ઇસ્તિઆઝહ એટલે કે અઉઝુ બિલ્લાહિ મિનશ-શયતાન-નિર્રજીમ પઢવું સુન્નત છે. (ખાઝિન) પરંતુ જો શાગિર્દ ઉસ્તાદ પાસે પઢતો હોય તો તેના માટે સુન્નત નથી. (શામી)

**મસઅલો** : નમાઝમાં ઇમામ અને એકલા નમાઝ પઢનાર માટે ષના પઢયા પછી અઉઝુ બિલ્લાહ.... (પુરી) પઢવું સુન્નત છે. (શામી)

**મસઅલો** : તસ્મિયહ એટલે બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ કુરઆને પાકની આયત છે. પણ સૂરએ ફાતિહા અથવા બીજી કોઇ સૂરતનો ભાગ નથી, એટલા માટે જ નમાઝમાં જોરથી પઢવામાં ન આવે. બુખારી અને મુસ્લિમમાં રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત સિદ્દીક તથા ફારૂક રદીયલ્લાહો અન્હુમા અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીનથી નમાઝ શરૂ કરતા હતા.

**મસઅલો** : કુરઆને પાકની દરેક સૂરત 'સૂરએ બરાઅત' સિવાય બિસ્મિલ્લાહથી શરૂ કરવામાં આવે.

**મસઅલો :** સૂરએ નમ્લમાં સિજદાની આયત પછી જે બિસ્મીલ્લાહ આવેલી છે તે સ્વયં એક આયત નથી પરંતુ આયતનો ભાગ છે. મતભેદ વગર તે તે આયતની સાથે જરૂર પઢવામાં આવશે. જહરી એટલે કે જોરથી કિરઅત પઢાતી હોય એવી નમાઝમાં એ બિસ્મિલ્લાહ જોરથી અને સિર્રી એટલે કે આહિસ્તા કિરઅતવાળી નમાઝમાં આહિસ્તાથી પઢવામાં આવશે.

**મસઅલો** : દરેક જાઇઝ કામ બિસ્મિલ્લાહથી શરૂ કરવું મુસ્તહબ છે, નાજાઇઝ કામ પર બિસ્મિલ્લાહ પઢવાની મનાઇ છે.

**મસઅલો** : તરાવીહમાં જે કુરઆન શરીફ ખતમ કરવામાં આવે છે, તેમાં એકવાર પુરી બિસ્મિલ્લાહ

જોરથી પઢવામાં આવે જેથી એક આયત બાકી ના રહી જાય.

## સુરએ ફાતિહામાં બયાન કરાએલી બાબતો

આ સૂરતમાં અલ્લાહ તઆલાની હમ્દોષના (તારીફ-ખૂબી) ખુદા પાક સમસ્ત જગતનું પાલન પોષણ કરે છે તે બાબત, ખુદા પાકની રહમત, ખુદા પાક બધાયે જહાનનો માલિક છે એ બાબત, અલ્લાહ તઆલા ઇબાદતનો હક ધરાવે છે એ બાબત, અલ્લાહ પાસે ભલાઇની તૌફીક માંગવા બાબત, બન્દાઓની હિદાયત અંગે અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા અંગે ફક્ત ખુદાની જ ઇબાદત કરવા બાબત, મદદ માંગવા બાબત નેકી અને હિદાયત માંગવા અંગે દુઆનો તરીકો અને આદાબ નેક લોકોની હાલત સાથે સંલગ્ન થવા બાબત, ભટકેલાઓ અને ગુમરાહોથી દૂર રહેવા બાબત, દુન્યાની ઝિન્દગીનો અંત, બદલો અને બદલાના દિવસ બાબતનું સ્પષ્ટ અને વિગતવાર બયાન છે. અને બીજી તમામ બાબતોનું બયાન ઇજમાલન એટલે કે સમાવિષ્ટ કરી લીધેલી બાબત તરીકે થયું છે.

**મસઅલો** :- દરેક કામની શરૂઆતમાં બિસ્મિલ્લાહની જેમ અલ્લાહની હમ્દ પણ કરવી જોઇએ.

**મસઅલો** :- કદીક હમ્દ વાજિબ હોય છે જેમકે જુમ્આના ખુત્બામાં, કદીક મુસ્તહબ જેમકે નિકાહના ખુત્બહમાં, દુઆમાં, દરેક સારા કામમાં અને ખાધા-પીધા પછી, કદીક સુન્નતે મુઅક્કિદહ હોય છે જેમકે છીંક આવ્યા પછી. (તહતાવી)

''રબ્બિલ આલમીન''માં સમગ્ર 'કાએનાત' (બ્રહ્માંડ)ના ફના થવા તેમજ એનું અસ્તિત્વ સ્વયં ન હોવા તથા એના મોહતાજ હોવા તરફ અને 'અલ્લાહ' સ્વયં જેની શરૂઆતનો કોઇ છેડો નથી એવા કાળથી છે અને અનંત કાળ સુધી રહેનાર છે, તેમજ તે જીવંત કરનાર, કુદરતવાળો અને જાણકાર હોવા તરફ ઇશારો છે, આ બધી બાબતોને રબ્બિલ આલમીનના શબ્દે ઘેરી લીધી છે. બે શબ્દોમાં જ 'ઇલ્મે ઇલાહીયાત' અર્થાત ખુદાપાકને લગતા જ્ઞાનની મહત્વની ચર્ચાઓ પૂર્ણ થઇ ગઇ.

'માલિકિયવમિદ્દીન'માં માલિકીની સંપૂર્ણ જાહેરાતનું બયાન છે, અને એમાં દલીલ છે કે અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, કારણ કે દરેક વસ્તુ તેની માલીકીની છે. અને જે વસ્તુ પોતે બીજાની માલીકીની હોય તે ઇબાદત કરવા યોગ્ય નથી, અને એનાથી એ પણ માલૂમ પડયું કે દુન્યા દારૂલ અમલ અર્થાત અમલ કરવાની જગ્યા છે. અને એના માટે એક અંત છે, જગતની અવર જવર હંમેશાથી ચાલતી આવે છે અને અનંતકાળ સુધી ચાલ્યા જ કરશે એવું માનવું ખોટું છે, દુન્યાના અંત પછી એક બદલાનો દિવસ છે, એનાથી આવાગમન (અવતાર)ની માન્યતા રદ થઇ ગઇ.

'ઇય્યાક નઅબુદુ' પોતાની ઝાત અને ગુણોના બયાન પછી અલ્લાહે ઇય્યાક નઅબુદુ ફરમાવ્યું, એનાથી એ તરફ ઇશારો છે કે અકીદો એ અમલ કરતાં પ્રથમ છે. અને ઇબાદત કબૂલ થવી કે ન થવી એ અકીદાની સત્યતા પર નિર્ભર છે.

**મસઅલો** :- નઅબુદુ એ જમા (બહુવચન) છે. એનાથી એવું જાણવા મળે છે કે ઇબાદત જમાત સાથે હોવી જોઇએ, અને એ પણ માલમ પડયું કે સામાન્ય માણસની ઇબાદત ખુદાના મહબૂબ અને મકબૂલ બન્દાઓની ઇબાદત સાથે ભળીને મકબૂલ બની જાય છે.

**મસઅલો** :- એમાં શિર્કનું રદ પણ છે. અલ્લાહ પાક સિવાય બીજા કોઇની ઇબાદત કરી શકાય નહિ.

વ ઇય્યાક નસ્તઇન આમાં એ શિખવવામાં આવ્યુ છે કે મદદ માંગવી પછી તે વસીલાથી હોય કે વગર વસીલાથી હોય દરેક રીતે અલ્લાહ સાથેજ ખાસ છે, અસલ જેના પાસે મદદ માંગીએ છીએ તે તો તેજ (ખુદા) છે. બાકી સાધનો ખિદમતગારો મહબૂબ બન્દાઓ વિગેરે તો ખુદાઇ મદદના પ્રતિકરૂપ છે. બન્દાએ તેના (ખુદા) પર જ નજર રાખવી જોઇએ. અને દરેક વસ્તુમાં કુદરતના હાથને કામ કરતાં નિહાળવો જોઇએ, એનાથી એ સમજવું કે અમ્બિયા અને અવલિયા પાસે મદદ માંગવી શિર્ક છે એ ખોટું છે, કારણ કે

ખુદાના ખાસ બન્દાઓની મદદ એ ખુદાની જ મદદ છે, અન્યની મદદ નથી, જો આ આયતનો મતલબ એ હોત જે વહાબીઓ સમજયા છે, તો કુરઆને પાકમાં અઇનૂની બિકુવ્વતિન (તાકત વડે મારી મદદ કરો) અને ઇસ્તઇનુ બિસ્સબરિ વસ્સલાત (સબ્ર અને નમાઝ વડે મદદ માંગો) ફરમાવવામાં ન આવ્યું હોત, અને હદીસોમાં પણ અહલુલ્લાહ પાસે મદદ માંગવાની તાલીમ આપવામાં ન આવી હોત.

ઇહદિ નસ્સિરાતલ મુસ્તકીમ ખુદાની ઝાત અને ગુણો ઓળખાવ્યા પછી ઉપર ઇબાદતનું બયાન થયું અને ત્યારબાદ આ આયતમાં દુઆ શીખવવામાં આવે છે, એનાથી એ **મસઅલો** જાણવા મળ્યો કે બન્દાએ ઇબાદત પછી દુઆમાં મશગુલ થવું જોઇએ, હદીસ શરીફમાં પણ નમાઝ પછી દુઆની તાલીમ આપવામાં આવી છે. (તિબરાની, બયહકી)

સિરાતે મુસ્તકીમ એટલે ઇસ્લામ અથવા કુરઆન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક આદતો અથવા હુઝૂર પોતે અથવા હુઝૂરના આલ-અસ્હાબ ધારવામાં આવે છે, એનાથી સાબીત થયું કે સિરાતે મુસ્તકીમ એ એહલે સુન્નતનો તરીકો છે જેઓ અહલે બૈત, અસ્હાબ, કુરઆન, સુન્નત, સવાદે આઝમ દરેકને માને છે.

'સિરાતલ્લઝીન અન્અમ્ત અલયહિમ' આ આયત ઉપરના વાક્યની તફસીર છે. સિરાતે મુસ્તકીમથી મુસલમાનોનો તરીકો મુરાદ છે. આનાથી ઘણા મસઅલા હલ થાય છે. જેના પર બુઝુર્ગાને દીન અમલ કરતા આવ્યા હોય તે દરેક કામ સિરાતે મુસ્તકીમમાં દાખલ છે.

'ગયરિલ મગદુબિ અલયહિમ વલદ્દાલ્લીન' આમાં તાલીમ છે કે, **મસઅલો** : હકને ઢુંઢનાર માટે જરૂરી છે કે ખુદાના દુશ્મનોથી દૂર રહે, તેમના રિવાજો, રસ્તાઓ અને તેમની રહેણી કરણી (સંસ્કૃતિ)થી પણ દૂર ભાગે. તિરમિઝીની રિવાયતમાં છે કે મગદુબે અલયહીમથી યહૂદીઓ અને દાલ્લીનથી નસારા (ખ્રીસ્તી)ઓ મુરાદ છે.

**મસઅલો** : અરબી અક્ષરોમાં એક દ્વાદ છે જ્યારે બીજો ઝોય છે બન્ને અક્ષરોમાં વિરોધાભાસ છે. અમુક ગુણોમાં બન્ને સરખા હોવાથી એક જ અક્ષર બની જતા નથી માટે વલદ્દાલ્લીનમાં કોઇ જાણી જોઇને દ્વાદને બદલે ઝોય પઢશે તો કુરઆનમાં તહરીફ (ફેરફાર) કરવાના કારણે કુફ્ર લાગુ પડશે અને અજાણતામાં પઢે તો પણ નાજાઇઝ તો છે જ.

**મસઅલો** : જે કોઇ દ્વાદને ઝોય પઢે તેની ઇમામત જાઇઝ નથી. (મુહીતે બુરહાની)

આમીન એનો અર્થ છે 'એવું જ કર' અથવા 'કબૂલ કર'

**મસઅલો** : ઉપરોક્ત શબ્દ (આમીન) કુરઆન નથી.

**મસઅલો** : સૂરએ ફાતેહાની સમાપ્તિ પર 'આમીન' કહેવું સુન્નત છે. નમાઝમાં પણ અને બહાર પણ.

**મસઅલો** : હઝરત ઇમામે આઝમનો મઝહબ એ છે કે આમીન નમાઝમાં અવાજ કાઢયા વગર બોલવામાં આવે, આ વિષેની તમામ હદીસો પર દ્રષ્ટિપાત કર્યા પછી અને અવલોકન કર્યા બાદ એજ પરિણામ નીકળે છે કે જોરથી બોલવા અંગે ફક્ત વાઇલની રિવાયત જ સહીહ છે. તેમાં મદ્દબિહાનો શબ્દ છે (જેનો માયનો આમીનને ખેંચીને પઢયા, એવો થાય છે) એનો અર્થ જોરથી બોલવા માટે ચોક્કસ નથી, જેટલી શક્યતા એમાં જોરથી બોલવાની છે તેટલી જ બલ્કે તેનાથી વધુ શક્યતા એ છે કે એનો અર્થ આમીનના હમ્ઝાને ખેંચવાનો થાય છે, માટે એ રિવાયત જોરથી બોલવા માટે દલીલ બની શકતી નથી. બીજી રિવાયતો કે જેઓમાં 'જહર' અને 'રફઅ'ના શબ્દો છે (જેમનો અર્થ આમીન જોરથી બોલ્યા, આમીનમાં આવાઝ બુલંદ કર્યો એવો થાય છે) તેઓની સનદો (હદીસ બયાન કરનાર વ્યક્તિઓના નામોની ક્રમવાર ગોઠવણીને સનદ કહે છે) માં કહેવાપણું છે. એ સિવાય તે બધી રિવાયતો 'બિલમાઅના' છે. (સહાબીએ હુઝૂરના અમુક કામનું બયાન પોતાની સમજ મુજબ પોતાના શબ્દોમાં કર્યું હોય તેને રિવાયત બિલમઅના કહે છે) અને બયાન કરનારની સમજને હદીસ કહી શકાય નહીં. માટે નમાઝમાં 'આમીન' આહિસ્તા બોલવું જ વધારે ખરૂં છે.

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો (છે).**

**અલિફ-લામ-મીમ[1] (૧) તે ઉચ્ચ દરજ્જાની કિતાબ કોઇ શંકાને સ્થાન નથી[2] એમાં માર્ગદર્શન છે ડરવાળાઓને[3] (૨) તે જેઓ વગર દેખે ઇમાન લાવે[4] અને નમાઝ કાયમ રાખે[5] અને અમે આપેલી રોઝીમાંથી અમારા રસ્તામાં આપે[6] (૩) અને તે જે ઇમાન લાવે અય મહબૂબ તેના પર જે તમારી તરફ ઉતાર્યુ અને તે જે તમારાથી પહેલાં ઉતાર્યુ[7] અને આખિરત પર યકીન રાખે[8] (૪)**

الٓمّٓ البقرة

سُورَةُ الْبَقَرَةِ مَدَنِيَّةٌ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ﴿١﴾ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛۚ فِيْهِ ۛۚ
هُدًى لِّلْمُتَّقِيْنَ ﴿٢﴾ الَّذِيْنَ يُؤْمِنُوْنَ
بِالْغَيْبِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا
رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣﴾ وَالَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ
مِنْ قَبْلِكَ ۚ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿٤﴾

**સૂરએ બકરહ**

૧. આ સૂરત મદની એટલે કે મદીના શરીફમાં ઉતરેલી છે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાએ ફરમાવ્યું કે મદીના શરીફમાં સૌ પ્રથમ આ સૂરત ઉતરી હતી, સિવાય કે એની 'વત્તકૂ યવમન તુરજઉન' વાળી આયત કે એ આયત મક્કા મુકર્રમમાં હજ્જતુલ વિદાઅના મોકા પર ઉતરી હતી. (ખાઝિન)

આ સૂરતમાં ૨૮૬ આયતો ૬૧૨૧ શબ્દો અને ૨૫,૫૦૦ હુરૂફ છે. (ખાઝિન)

પહેલાં કુરઆન મજીદમાં સૂરતોના નામો લખવામાં આવતાં ન હતાં. આ પદ્ધતિ હજ્જાજે બનાવી, ઇબ્ને અરબીનું કહેવું છે કે સુરએ બકરહમાં એક હજાર અમ્ર (એવા હુકમો જે કોઇ કામ કરવા માટે કરાયા હોય) એક હજાર નહી (એવા હુકમો જે કોઇ કામ ન કરવા માટે કરાયા હોય) એક હજાર ખબરો, એક હજાર હુકમો છે.

આ સૂરત પ્રાપ્ત કરવામાં એટલે કે એને પઢવામાં અને એના પર અમલ કરવામાં બરકત અને એને છોડવામાં હસરત એટલે આખેરતનો પસ્તાવો છે, જૂઠા જાદૂગરો એની શક્તિ ધરાવી શકતા નથી, જે ઘરમાં આ સૂરત પઢવામાં આવે ત્યાં ત્રણ દિવસ સુધી શયતાન પ્રવેશી શકતો નથી, મુસ્લિમ શરીફની હદીષમાં છે કે જે ઘરમાં આ સૂરત પઢવામાં આવે ત્યાંથી શયતાન નાસે છે. (જુમલ) બયહકી અને સઇદ બિન મન્સૂરે હઝરત મુગીરહથી રિવાયત કરી છે કે જે માણસ સૂતી વખતે સૂરએ બકરહની દસ આયતો પઢશે તો કુરઆન મજીદ ભૂલશે નહિ, તે આયતો આ છે ચાર આયતો શરૂઆતની અને એક આયતુલકુરસી અને બે આયતો એના પછીની અને ત્રણ આયતો સૂરતના અંતની.

**મસઅલો** : તિબરાહની અને બયહકીએ હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહો અન્હુમાથી રિવાયત કરી છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, મય્યતને દફનાવ્યા પછી તેના માથા તરફ સૂરએ બકરહની શરૂઆતની આયતો તેમજ તેના પગ તરફ અંતની આયતો પઢો.

**શાને નુઝૂલ**

અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એક એવી કિતાબ આપવાનો વાયદો કર્યો હતો જે ન તો પાણીથી ધોઇને મિટાવી શકાય તેમજ ન તો પુરાણી થાય. જ્યારે કુરઆન મજીદ ઉતરવાનું શરૂ થયું ત્યારે ફરમાવવામાં આવ્યું ઝાલિકલ કિતાબ અર્થાત તે વાયદો કરેલી કિતાબ આ જ છે.

બીજું એક મંતવ્ય એ છે કે અલ્લાહ તઆલાએ બની ઇસરાઇલ સાથે એક કિતાબ ઉતારવાનો અને હઝરત ઇસ્માઇલની અવલાદમાં એક રસૂલ પેદા કરવાનો વાયદો કર્યો હતો. જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મદીના શરીફ હિજરત ફરમાવી કે જ્યાં યહૂદીઓ મોટી સંખ્યામાં રહેતા હતા. ત્યારે અલિફ લામ મીમ ઝાલિકલ કિતાબ નાઝિલ કરીને તે વાયદો પુરો થવાની ખબર આપી.

અલિફ લામ મીમ સૂરતોની શરૂઆતમાં જે હુરૂફે મુકત્તિઅહ આવે છે, તેમના વિશે યોગ્ય મંતવ્ય એ છે કે એ હુરૂફ ખુદાપાકના ભેદોમાંથી છે એ મુતશાબેહાત કહેવાય છે. અલ્લાહ પાકે એનો શું અર્થ ઘટાવ્યો છે તે અલ્લાહ અને રસૂલ જાણે, આપણે એના હક હોવા પર ઇમાન લાવીએ છીએ.

૨. ઝાલિકલ કિતાબુ લા રયબ ફીહ, એટલે તે ઉચ્ચ દરજ્જાની કિતાબ કોઇ શંકાનું સ્થાન નથી, એટલા માટે કે શંકા તે વસ્તુમાં થાય છે, જેની દલીલ ન હોય, કુરઆન મજીદ એવી સ્પષ્ટ અને મઝબૂત દલીલો ધરાવે છે જે બુદ્ધિમાન ન્યાય કરનારને એવું માનવા લાચાર કરી મૂકે છે કે બેશક તે અલ્લાહની કિતાબ અને હક છે, માટે આ કિતાબ કોઇપણ રીતે શંકાને યોગ્ય નથી, પણ કોઇ કાળા દિલવાળો શત્રુ જો ઇન્કાર કરે તો જેવી રીતે આંધળાના ઇન્કારથી સૂર્યનું અસ્તિત્વ શંકામાં પડી જતુ નથી એજ રીતે તેના ઇન્કારથી આ કિતાબ શંકાસ્પદ બની જતી નથી.

૩. હુદલ લિલ મુત્તકીન અર્થાત એમાં માર્ગદર્શન છે ડરવાવાળાઓને, જો કે કુરઆન કરીમનું માર્ગદર્શન એમાં નઝર કરનાર એનો અભ્યાસ કરનાર તમામ માટે છે. મોમિન હોય કે કાફિર, જેમકે બીજી આયતમાં હુદલ્લિન્નાસ એટલે કે તમામ લોકો માટે માર્ગદર્શન ફરમાવ્યું છે. પરંતુ એનાથી ફાયદો ફક્ત તકવા (ડર) વાળાઓને થાય છે, એટલે હુદલ લિલ મુત્તકીન ફરમાવ્યું, જેવી રીતે બોલવામાં આવે છે કે વરસાદ ઘાસચારા માટે છે એટલે કે એનાથી ફાયદો ઘાસચારો ઉઠાવે છે, જો કે વરસાદ તો બનજર એટલે કે ઘાસ ઉગાડવાની શક્તિ ન ધરાવતી હોય તે જમીન ઉપર પણ વરસે છે.

તકવાના ઘણા અર્થો છે, નફસને ખોફની ચીજોથી બચાવવો એ તકવાનો અર્થ છે, પણ શરીઅતની પરિભાષામાં નફસને મના કરેલી બાબતોથી દૂર રાખી ગુનાહોથી બચાવવો એવો અર્થ છે, હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાએ ફરમાવ્યું, મુત્તકી એટલે કે તકવાવાળો તે છે જે શિર્ક, કબીરા ગુનાહ અને બેહયાઇની બાબતોથી બચે. અમુક લોકોએ કહ્યું મુત્તકી તે છે જે પોતાને બીજાઓથી સારો ન સમજે, અમુકનું મંતવ્ય છે કે હરામ બાબતોને છોડવી અને ફર્ઝ બાબતોને અદા કરવી એ તકવો છે. અમુક કહે છે ગુનાહો પર કાયમ રહેવાનું તેમજ ઇબાદત પર ઘમંડ કરવાનું છોડી દેવું એ તકવો છે, બીજા અમુક કહે છે તકવો એ છે કે તારો મૌલા (ખુદા) તને એવી જગ્યાએ ન જુએ જ્યાં તેણે મના કરી છે, એક કોલ એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને સહાબએ કિરામની પેરવી (અનુકરણ)નું નામ તકવો છે. (ખાઝિન) આ

બધા અર્થો એક બીજા સામે સામ્ય ધરાવે છે અને પરિણામની દ્રષ્ટિએ એમનામાં કશો વિરોધાભાસ નથી.

**તકવાના મરતબા (વર્ગો)**

તકવાના મરતબા ઘણા છે. સામાન્ય લોકોનો તકવો ઇમાન લાવી કુફ્રથી બચવું એ છે. મધ્યમ માર્ગીઓનો તકવો હુકમોનું પાલન કરવું અને મનાઇ હુકમોથી બચવું એ છે. અને ખાસ બન્દાઓનો તકવો એ છે કે દરેક તે વસ્તુને છોડી દેવી જે ખુદાથી ગાફિલ કરતી હોય. (જુમલ)

ઇમામે અહલે સુન્નત આલા હઝરત મૌલાના અહમદ રઝાખાન સાહેબે ફરમાવ્યું તકવો સાત પ્રકારનો છે. (૧) કુફ્રથી બચવું ખુદાના ફઝલથી એ દરેક મુસલમાનને પ્રાપ્ત છે. (૨) બદમઝહબથી બચવું એ દરેક સુન્નીને નસીબ છે. (૩) દરેક કબીરા ગુનાહથી બચવું. (૪) નાના ગુનાહોથી પણ બચવું. (૫) શંકાસ્પદ બાબતોથી દૂર રહેવું. (૬) વાસનાઓથી બચવું. (૭) ગેર તરફ ઢળવાથી બચવું. એ ખાસુલ ખાસ લોકોનો દરજ્જો છે. કુરઆને પાક આ સાતેય દરજ્જાઓનું માર્ગદર્શન આપનાર છે.

૪. અલ્લઝીન યુઅમિનૂન વ બિલગયબ યાને તે જેઓ વગર દેખે ઇમાન લાવે, અહીંથી મુફલિહૂન સુધીની આયતો ઇખ્લાસવાળા મુઅમિનો માટે છે, જેઓ બાહ્ય અને આંતરિક બન્ને રીતે મુસલમાન છે. એના પછી બે આયતો ખુલ્લા કાફિરો માટે છે જેઓ જાહેર અને બાતિન બન્ને રીતે કાફિર છે, એ પછી વમિનન્નાસથી ૧૩ આયતો મુનાફિકો માટે છે. જેઓ અંદરખાનેથી કાફિર છે અને પોતાને મુસલમાન જાહેર કરે છે. (જુમલ)

આયતમાં 'ગૈબ'નો શબ્દ ક્રિયાપદ અથવા કર્તાના અર્થમાં છે, એ ધારણા મુજબ ગૈબની વ્યાખ્યા એ થશે કે હવાસ (ઇન્દ્રિઓ-અવયવો) અને બુદ્ધિ દ્વારા જાહેર રીતે જાણી ન શકાય, એના બે પ્રકાર છે. એક તે જેના પર કોઇ દલીલ ન હોય એ 'ઇલ્મે ગૈબ ઝાતી' કહેવાય છે, અને કુરઆન મજીદની આયત ઇન્દહૂ મફાતિહુલ ગૈબ લાયઅલમુહા ઇલ્લાહુ (ગૈબની ચાવીઓ ફક્ત અલ્લાહ પાસેજ છે. તેને અલ્લાહ સિવાય કોઇજ જાણતુ નથી) અને બીજી પણ આવી આયતો જેમાં ખુદા સિવાય અન્યને ગૈબનું ઇલ્મ હોવાનો ઇન્કાર કરવામાં આવ્યો છે. એ તમામ આયતોમાં આ પહેલા પ્રકારના ઇલ્મે ગૈબનીજ વાત છે કે જેના પર કોઇ દલીલ ન હોય એટલેકે 'ઇલ્મેગૈબ ઝાતી' ફક્ત અલ્લાહ સાથેજ ખાસ છે.

ગૈબનો બીજો પ્રકાર એ છે કે જેના પર કોઇ દલીલ હોય જેવી રીતે કે જગતના સર્જનહારના અસ્તિત્વ વિશેનું ઇલ્મ, નુબુવ્વત અને એને સંબંધિત વસ્તુઓ અહકામે શરીઅતને લગતી બાબતો વિગેરેનું ઇલ્મ, કયામતના દિવસ અને એને લગતી બાબતો હિસાબ, કબ્રમાંથી ઉઠવુ, સારા નરસા આમાલનો બદલો મળવો વિગેરેનું ઇલ્મ આ તમામ બાબતોની સત્યતા પર દલીલો કાયમ થએલી છે, અને એ તાલીમે ઇલાહીથી પ્રાપ્ત થાય છે, આ આયતમાં આ બીજા પ્રકારનું ઇલ્મે ગૈબ મુરાદ છે, આ બીજા પ્રકારના ગૈબો જે ઇમાન સાથે સંબંધિત છે તેનું ઇલ્મ અને યકીન દરેક મુઅમિનને છે, અને જો એ બાબતોનું ઇલ્મ અને યકીન ન હોય તો તે મુઅમિન ન બની શકે, અને અલ્લાહ તઆલા પોતાના ખાસ બન્દાઓ અમ્બિયા અવલિયા પર જે ગૈબોનો દરવાજો ખોલે છે તે આ બીજા પ્રકારનાં જ ગૈબો છે.

અથવા આયાતમાં ગૈબના શબ્દને સહાયક ક્રિયાપદના અર્થમાં રાખીને એનો સંબંધ 'મુઅમિન બેહી' સાથે જોડવામાં આવે તો આયતનો અર્થ એ થશે કે 'જેઓ વગર દેખે ઇમાન લાવે' જેવો કે આલા હઝરતે તરજુમો કર્યો છે. અથવા 'બિલગૈબ' માં જે 'બે' છે તેને 'મુતલબ્બસીન' મહઝૂફ (વાક્યમાં છુપાએલો શબ્દ એટલે કે શબ્દોમાં ન હોય પણ અર્થમાં હોય તે) સાથે સંબંધિત કરવામાં આવે તો આયતનો અર્થ એ થશે કે

જે મુઅમિનો પીઠ પાછળ ઇમાન લાવશે એટલે કે તેમનું ઇમાન મુનાફિકોની જેમ મુઅમિનોને દેખાડવા પુરતું ન હોય બલ્કે નિખાલસતાથી ઇમાન લાવે, હાજરીમાં અને ગેરહાજરીમાં બન્ને હાલતમાં મુઅમિન હોય.

ગૈબની તફસીરમાં એક મંતવ્ય છે કે 'ગૈબ'થી આયતમાં 'દિલ' મુરાદ લેવામાં આવ્યું છે એ રીતે આયતનો અર્થ એ થશે કે 'જેઓ દિલથી ઇમાન લાવે'. (જુમલ)

**ઇમાનની વ્યાખ્યા**

જે વસ્તુઓ વિશે દેખીતી રીતે અને યકીન મારફત જાણીએ છીએ કે એ વસ્તુઓ દીને મુહમ્મદીની છે તે તમામને માનવાનું, દિલથી તસ્દીક કરવાનું અને જબાનથી ઇકરાર કરવાનું નામ ઇમાન છે.

અમલ ઇમાનમાં દાખલ નથી એટલા માટે જ 'યુઅમિનૂન બિલ ગૈબ' પછી 'યુકીમુનસ્સલાત' ફરમાવ્યું. (એટલે કે પહેલાં ઇમાન લાવો પછી નમાઝ પઢો, નમાઝ અમલ છે જે ઇમાન પછી બયાન કરાયો છે.)

૫. વ યુકીમૂનસ્સલાત યાને નમાઝ કાયમ રાખે, નમાઝ કાયમ કરવાથી એ મુરાદ છે કે તેને હમેશાં પઢતા રહે અને ચોક્કસ સમયો પર નિયમિત રીતે તેના અરકાન પુરેપુરા અદા કરીને ફર્ઝ સુન્નત અને મુસ્તહબની હિફાઝત રાખે, કોઇમાં પણ ખલેલ ન આવવા દે, ફાસિદ કરી દેનાર અને મકરૂહ કરનાર બાબતોથી તેને બચાવે અને તેના હક્કોને સારી રીતે અદા કરે, નમાઝના હક્કો બે રીતના છે એક જાહેરી જે ઉપર બયાન થયા, બીજા બાતિની અને તે ખુશૂઅ એટલે કે આજીઝી અને હુઝૂર એટલે તમામ બાબતોથી દિલને ખાલી કરી એક ધ્યાનથી અલ્લાહની બારગાહમાં ધ્યાન પરોવવું, અર્ઝોનિયાઝ અને દુઆમાં દિલ પરોવવું.

૬. વમીમ્મા રઝકનાહુમ યુનફિકૂન અર્થાત અમે આપેલી રોઝીમાંથી અમારા રસ્તામાં આપે, અલ્લાહના રસ્તામાં આપવાથી યાતો ઝકાત મુરાદ છે જેમકે બીજી જગ્યાએ ફરમાવ્યું યુકીમૂનસ્સલાત વયુઅતૂનઝઝકાત (નમાઝ કાયમ કરે છે, અને ઝકાત આપે છે.) અથવા કોઇ પણ જાતના બંધન વગર આપવું. પછી તે ફર્ઝ કે વાજિબ હોય જેમ કે ઝકાત, નઝર પોતાનો અને પોતાના અહલો અયાલનો ખર્ચ વિ. કે પછી મુસ્તહબ હોય જેમકે નિફલ સદકાઓ મુર્દાઓને ઇસાલે સવાબ માટે ખર્ચવું વિ.

**મસઅલો** : અગ્યારમી, ફાતેહા, ત્રીજ્યું, ચાલીસુ વિ. બાબતોનો પણ આમાં સમાવેશ થઇ જાય છે, કારણ કે એ તમામ નિફલ સદકાઓ છે, અને એ મોકાઓ ઉપર કુરઆને પાક, કલેમા શરીફ વિગેરેની તિલાવત નેકી સાથે નેકી મળી જઇને સવાબમાં વધારો કરે છે.

મિમ્મમાં જે 'મીમ' છે તે અરબી વ્યાકરણમાં 'તબઇઝી' કહેવાય છે. જે આખા ભાગમાંથી અમુકનો અર્થ બતાવવા વપરાય છે, જેનાથી સાબિત થયું કે ખર્ચ કરવામાં ફુઝૂલખર્ચી કરવાની મનાઇ છે, અર્થાત ખર્ચ પછી તે પોતાની જાત માટે હોય કે પોતાની આલ ઔલાદ માટે હોય પણ મધ્યમ કક્ષાનો હોવો જોઇએ, ફુઝૂલ ખર્ચી ન થવી જોઇએ.

આયતમાં રઝકનાહુમ (અમે તેઓને રોઝી આપી) ને યુનફિકૂન (ખર્ચ કરો) કરતાં પહેલાં રાખીને અને રોઝીને પોતાના તરફ નિસ્બત આપીને ખુદા પાકે એ વાત જાહેર કરી છે કે માલ તમારો પેદા કરેલો નથી, અમારો આપેલો છે. અને જો અમારા હુકમથી અમારા રસ્તામાં ખર્ચ ન કરો તો તમે સખ્ત બખીલ છો. અને આ બખીલી ઘણી જ ખરાબ કહેવાશે.

૭. 'વલ્લઝીન યુઅમિનૂન બિમા ઉનઝિલ ઇલય્ક વમા ઉન્ઝિલ મિન કબ્લિક' અને તે જે ઇમાન લાવે અય મહબૂબ તેના પર જે તમારી તરફ ઉતર્યુ અને જે તમારાથી પહેલાં ઉતર્યુ, આ આયતમાં જે કહેવાયું છે કે જે લોકો તમારા પર ઉતરેલ કિતાબ પર અનેં તમારાથી પહેલાં ઉતરેલી કિતાબો પર ઇમાન લાવે, તો

الٓمّٓ البقرة ٢

أُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ ۚ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝٥
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ
تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ۝٦ خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَ
عَلٰى سَمْعِهِمْ ۗ وَعَلٰٓى اَبْصَارِهِمْ غِشَاوَةٌ ۫ وَّلَهُمْ
عَذَابٌ عَظِيْمٌ ۝٧ وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا
بِاللّٰهِ وَبِالْيَوْمِ الْاٰخِرِ وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ ۝٨ يُخٰدِعُوْنَ
اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا ۚ وَمَا يَخْدَعُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ
وَمَا يَشْعُرُوْنَ ۝٩ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ فَزَادَهُمُ اللّٰهُ
مَرَضًا ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۢ بِمَا كَانُوْا يَكْذِبُوْنَ ۝١٠
وَاِذَا قِيْلَ لَهُمْ لَا تُفْسِدُوْا فِى الْاَرْضِ ۙ قَالُوْٓا اِنَّمَا
نَحْنُ مُصْلِحُوْنَ ۝١١ اَلَآ اِنَّهُمْ هُمُ الْمُفْسِدُوْنَ وَلٰكِنْ

**તે જ લોકો પોતાના રબ તરફથી હિદાયત પર છે અને તેઓ જ મુરાદ સુધી પહોંચનાર (છે) (૫) બેશક તેઓ જેમના નસીબમાં કુફ્ર છે[૯] તેઓને સરખું છે ચાહે તમે તેઓને ડરાવો કે ન ડરાવો, તેઓ ઇમાન લાવવાના નથી (૬) અલ્લાહે તેઓના દિલો પર અને કાનો પર મહોર મારી દીધી અને તેઓની આંખો પર ઘટાટોપ (કાળુ વાદળ) છે[૧૦] અને તેમના માટે મોટો અઝાબ (છે) (૭) અને અમુક લોકો કહે છે[૧૧] કે અમે અલ્લાહ અને પાછલા દિવસ પર ઇમાન લાવ્યા. અને તે ઇમાનવાળા નથી (૮) ફરેબ દેવા ઇચ્છે છે અલ્લાહ અને ઇમાનવાળાઓને[૧૨] અને વાસ્તવમાં ફરેબ નથી દેતા પણ પોતાના જીવોને અને તેઓને સમજ નથી (૯) તેમના દિલોમાં બિમારી છે[૧૩] તો અલ્લાહે તેમની બીમારી ઓર વધારી અને તેઓ માટે કષ્ટદાયક અઝાબ છે બદલો તેઓના જૂઠનો[૧૪] (૧૦) અને જો તેઓને કહેવામાં આવે કે જમીનમાં ફસાદ ન કરો[૧૫] તો કહે છે અમે તો સુધારકો છીએ (૧૧) સાંભળે છે. તેઓ જ ફસાદી છે પણ તેઓને**

એનાથી તે અહલે કિતાબ મુઅમિનો મુરાદ છે જે પોતાની કિતાબ અને તમામ પાછલી કિતાબો અને અમ્બિયા અલયહિમુસ્સલામની વહીઓ ઉપર પણ ઇમાન લાવ્યા, અને કુરઆને પાક ઉપર પણ ઇમાન લાવ્યા અને મા ઉનઝીલ થી આખુ કુરઆન અને પુરી શરીઅત મુરાદ છે. (જુમલ)

**મસઅલો** : જે રીતે કુરઆન મજીદ પર ઇમાન લાવવું દરેક મુસલમાન પર ફર્ઝ છે. એવી જ રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી પહેલાંના અમ્બિયા પર, જે કિતાબો અલ્લાહે ઉતારી તેમના ઉપર પણ ઇમાન લાવવું જરૂરી છે, હા તેઓમાંના જે હુકમો આપણી શરીઅતમાં મન્સૂખ થઇ ગયા તેમના પર અમલ કરવો દુરસ્ત નથી, પણ ઇમાન જરૂરી છે, દા.ત. પાછલી શરીઅતોમાં 'બયતુલ મુકદ્દસ' કિબ્લા હતું, એના પર ઇમાન લાવવું તો આપણા માટે જરૂરી છે. પણ અમલ યાને નમાઝમાં બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરવું જાઇઝ નથી, કારણ કે મન્સૂખ થઇ ચુકયું છે.

**મસઅલો** : કુરઆને કરીમથી પહેલાં જે કાંઇ અલ્લાહતઆલા તરફથી તેના પયગમ્બરો પર નાઝિલ થયું તે તમામ પર ટૂંકમાં ઇમાન લાવવું ફર્ઝ છે. અને કુરઆને કરીમ પર વિગતવાર ઇમાન લાવવું ફર્ઝે કિફાયહ છે. માટે સામાન્ય જનતા પર એની વિગતોના ઇલ્મની પ્રાપ્તિ ફર્ઝ નથી. જ્યારે કે આલિમો મૌજૂદ છે જેમણે એના ઇલ્મની પ્રાપ્તિમાં પુરી કોશિષ ખર્ચ કરી નાખી છે, (હા કુરઆન મજીદ પર ટૂંકમાં ઇમાન લાવવું દરેક મુસલમાન પર ફર્ઝ છે.)

૮. વબિલ આખિરતિ હુમ યુકિનૂન. યાને આખિરત પર યકીન રાખે એટલે કે આખિરત અને જે કાંઇ તેમાં છે બદલો, હિસાબ વિ. તમામ પર એવું યકીન અને ઇત્મિનાન રાખે કે જરા પણ શંકા કુશંકા ન હોય, અહીં અહલે કિતાબ અને બીજા કાફિરોને અલગ છાંટી નાખ્યા જેઓના અકીદા આખિરત વિશે ફાસિદ છે.

૯. ઇન્નલ્લઝીન ક-ફ-રૂ. બેશક તેઓ જેમના નસીબમાં કુફ્ર છે. ઉપરની આયતોમાં મુફલિહૂન સુધી ખુદાપાકે પોતાના ઇમાનદાર બંદાઓનું બયાન કર્યુ. અને ત્યારબાદ આ આયતથી પોતાના શત્રુઓ એટલે કે કાફિરોનું બયાન શરૂ કર્યું, આ હિદાયત આપવાનો સરસ તરીકો છે. જેથી આ સરખામણી દ્વારા દરેકને પોતાના કર્તવ્યની હકીકત અને તેના પરિણામો જણાઇ જાય.

### શાને નુઝૂલ

આ આયત અબૂ જહલ, અબૂ લહબ વિગેરે કાફિરો વિશે ઉતરી, જેઓ અલ્લાહની જાણ મુજબ ઇમાનથી મહરૂમ છે, એટલા ખાતર તેઓને અલ્લાહના વિરોધથી ડરાવવા કે ન ડરાવવા બન્ને સરખું છે, તેઓને કંઇ જ ફાયદો થશે નહિ, પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રયત્નો નિષ્ફળ ન કહેવાય. કારણ કે બધી દુનિયા માટેના પયગમ્બરીના હોદ્દાનો એ ફર્ઝ છે કે માર્ગદર્શન આપે. દલીલો કાયમ કરે અને સંપૂર્ણપણે તબ્લીગ કરે.

**મસઅલો** : જો કોમ નસીહત માન્ય ન રાખે તો પણ હિદાયત આપનારને તેના પ્રયત્નોનો સવાબ તો મળશે જ. આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સંતોષ આપવામાં આવ્યો છે કે કાફિરોનાં ઇમાન ન લાવવાનાં કારણે દુ:ખી થશો નહિ. કારણ કે તબ્લીગ માટેનાં આપના પ્રયત્નો તો સંપૂર્ણ છે. આપને તો એનો બદલો મળવાનો જ છે, સવાબથી મહરૂમ તો આ અભાગિયાઓ રહી ગયા જેમણે આપની તાબેદારી ન કરી.

### કુફ્રની વ્યાખ્યા

કુફ્રનો અર્થ અલ્લાહપાકના અસ્તિત્વનો અથવા તેની વહદાનિયત (ખુદાનું એક હોવું)નો ઇન્કાર કરવો. યા કોઇ પણ નબીની નબુવ્વતનો ઇન્કાર કરવો અથવા દીનની જરૂરી બાબતોમાંથી કોઇ બાબતનો ઇન્કાર કરવો. અથવા એવું કાર્ય કરવું જેનાથી શરીઅતની રૂએ ઉપરોક્ત બાબતોમાંની કોઇ બાબતનો ઇન્કાર કરવાની દલીલ મળતી હોય, એ તમામ કુફ્ર છે.

૧૦. ખતમલ્લાહુ અલા કુલૂબિહિમ...... ગિશાવહ, સુધી માયનો એ છે અલ્લાહે તેઓના એટલે કે કાફિરોના દિલો પર અને કાનો પર મહોર મારી દીધી છે, અને તેઓની આંખો પર પણ પડદો પાડી દીધો છે, અર્થાત કાફિરો ગુમરાહીમાં એટલા બધા ડૂબેલા છે કે હક વસ્તુને દેખવા, સાંભળવા અને સમજવાથી એવા મહરૂમ બની ગયા છે જાણે કે કોઇના દિલ અને કાનો પર મહોર લાગી ગઇ હોય અને આંખો પર પડદો પડી ગયો હોય.

**મસઅલો** : આ આયતથી સાબિત થયું કે બન્દાઓનાં કાર્યો પણ કુદરતે ઇલાહીના કબ્જામાં છે, આનાથી એ પણ સાબિત થયું કે હિદાયતના માર્ગો તેમના માટે પ્રથમથી જ બંધ ન હતા, કે જેથી બહાનુ મળે, બલ્કે આ પરિણામ તો તેઓના કુફ્ર, દીનની અદેખાઇ, સરકશી, બેદીની, હકના વિરોધ અને અમ્બિયા સાથે દુશ્મની રાખવાનું છે. જેવી રીતે કોઇ માણસ હકીમ-ડોકટરનો વિરોધ કરીને ઝેર ખાઇ લે પછી તેના માટે દવા ફાયદાકારક ન બને તો એવો માણસ પોતેજ ઠપકાને લાયક છે.

૧૧. 'વમિનન્નાસિ મંય યકૂલુ' અને અમુક લોકો કહે છે કે અલ્લાહ અને પાછલા દિવસ એટલે કે કયામત પર ઇમાન લાવ્યા. પણ તેઓ એવું કહેવા છતાં મુઅમિન નથી.

### શાને નુઝૂલ

અહીંથી (વમિનન્નાસથી) ૧૩ આયતો મુનાફિકો વિશે ઉતરી છે, જેઓ અંદરખાનેથી કાફિર હોવા છતાં

પોતાને મુસલમાન તરીકે જાહેર કરતા હતા, તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું 'વમાહુમ બિમુઅમિનીન' તેઓ ઇમાનવાળા નથી, એટલે કે કલેમો પઢવો, ઇસ્લામનો દાવો કરવો. નમાઝ રોઝા અદા કરવા એ બધું મુઅમિન હોવા માટે પુરતું નથી, જ્યાં સુધી દિલથી તસ્દીક ન કરે.

**મસઅલો** : અહીંથી જાણવા મળ્યું કે જેટલા ફિર્કાઓ ઇમાનનો દાવો કરે છે અને એતેકાદ કુફ્રના ધરાવે છે બધાનો આજ હુકમ છે કે તેઓ ઇસ્લામથી ખારિજ છે, શરીઅતમાં એવાઓને મુનાફિક કહેવામાં આવે છે. અને એવાઓ ઇસ્લામને ખુલ્લા કાફિરો કરતાં વધારે નુકસાન પહોંચાડે છે.

'મિનન્નાસ' કહેવામાં એક બારીક ભેદ એ છે કે એ લોકો ઉચ્ચ ગુણો અને માનવિય આદર્શોથી એટલા બધા ખાલી છે કે તેઓનો ઉલ્લેખ કોઇ સારા ગુણો કે ખૂબીથી કરવામાં ન આવ્યો, તેમના માટે તો એવું જ કહેવું જોઇએ કે આદમીઓમાંથી અમુક છે.

**મસઅલો** : આનાથી જાણવા મળ્યું કે પયગમ્બરોને 'બશર' કહેવું એમાં તે પાક હસ્તીઓની અઝમત અને બુઝુર્ગીનો ઇન્કાર કરવા જેવું છે, એટલા માટે કુરઆન મજીદમાં ઘણી જગ્યાઓએ અમ્બિયાને 'બશર' કહેનારાઓને કાફિર કહેવાયા છે, અને હકીકતમાં અમ્બિયાની શાનમાં આવો શબ્દ બોલવો અદબથી વેગળો અને કાફિરોનો તરીકો છે, મુફસ્સિરોએ કહ્યું 'વમિનન્નાસ' લોકોને આશ્ચર્યજનક કરવા માટે કહ્યું, કે આવા મૂર્ખાઓ પણ લોકોમાં છે.

૧૨. 'યુખાદિઉનલ્લાહ વલ્લઝીન આમનૂ' ફરેબ દેવા ઇચ્છે છે અલ્લાહ અને ઇમાનવાળાઓને, અલ્લાહ તઆલાને કોઇ ફરેબ કે ધોકો આપી શકતું નથી, તે તો ભેદો અને છુપી વાતોને પણ જાણનાર છે. મતલબ એ છે કે મુનાફિકો પોતાના ખ્યાલ મુજબ ખુદાને ફરેબ દેવા માંગે છે, અથવા એ મતલબ છે કે ખુદાને ફરેબ દેવાનો મતલબ એ કે રસૂલ અલયહિસ્સલામને ફરેબ આપવા ઇચ્છે, કારણ કે આપ ખુદાના ખલીફા છે, અને અલ્લાહ પાકે પોતાના હબીબને છુપી વાતોની જાણ કરી છે, અને આ મુનાફિકોના છુપાએલા કુફ્રથી માહિતગાર છે, અને મુસલમાનો આપના જણાવવાથી જાણે છે. એટલે આ બેદીન લોકોનો ફરેબ ન તો ખુદા પર ચાલે છે ન રસૂલ પર કે ન મુસલમાનો પર, બલ્કે વાસ્તવમાં તેઓ પોતાના જીવોને પોતાની જાતને જ ફરેબ આપી રહ્યા છે.

**મસઅલો** : આનાથી જાણવા મળ્યું કે તકિય્યો (જરૂરતના સમયે દિલમાં ન હોય તેવી વાત જાહેર કરવી) મોટી અયબ છે, જે મઝહબનો પાયો તકિય્યા પર હોય તે જૂઠો છે, તકિય્યાવાળાની હાલાત વિશ્વાસપાત્ર નથી હોતી. તોબા પણ ભરોસાપાત્ર નથી હોતી, એટલા માટે જ ઉલમાઓએ ફરમાવ્યું છે કે ઝિન્દીક (બિનભરોસાપાત્ર કાફિર)ની તૌબા કબૂલ થતી નથી.

૧૩. 'ફી કુલૂબિહિમ મરદુન' તેમના દિલોમાં બીમારી છે. અકીદાઓની ખરાબીને દિલની બીમારી કહેવામાં આવ્યું. એનાથી જાણવા મળ્યું કે અકાઇદનું ખરાબ હોવું રૂહાની જીવનને બરબાદ કરનાર વસ્તુ છે.

૧૪. **મસઅલો** : આ આયતમાં મુનાફિકો માટે કહેવાયું છે કે તેઓને જૂઠ બોલવા માટે કષ્ટદાયક અઝાબ થશે, એનાથી સાબિત થયું કે જૂઠ બોલવું હરામ છે અને એના પર કષ્ટદાયક અઝાબ લાગુ પડે છે.

૧૫. અને જ્યારે તેઓને કહેવામાં આવે છે કે જમીનમાં ફસાદ ન કરો, દિલમાં ઇમાન ન હોવા છતાં ઇમાન જાહેર કરી મુસલમાનો સાથે ભળતા રહેવાની આદત જે મુનાફિકોમાં હતી, તેને જ આ આયતમાં તેમનો ફસાદ કહેવામાં આવે છે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે કુફ્ફાર અને બદ અકીદાવાળા લોકો સાથે મેળમિલાપ રાખવો,

ભાન નથી (૧૨) અને જ્યારે તેમને કહેવામાં આવે ઇમાન લાવો જેવું બીજા લોકો ઇમાન લાવ્યા છે[૧૬] તો કહે, શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લઇ આવીએ[૧૭] સાંભળે છે તેઓ જ મૂર્ખાઓ છે પણ જાણતા નથી[૧૮] (૧૩) અને જ્યારે ઇમાનવાળાઓને મળે તો કહે અમે ઇમાન લાવ્યા અને જ્યારે પોતાના શયતાનો પાસે એકલા હોય[૧૯] તો કહે અમે તો એમ જ મશ્કરી કરીએ છીએ[૨૦] (૧૪) અલ્લાહ તેઓ સાથે ઇસ્તિહઝા ફરમાવે છે[૨૧] (જેવો તેની શાનને લાયક છે) અને તેમને છૂટ આપે છે કે પોતાની સરકશીમાં ભટકતા ફરે (૧૫) આ તે લોકો છે જેમણે હિદાયતને બદલે ગુમરાહી ખરીદી લીધી[૨૨] તો તેમનો સોદો કંઇ ન નફો લાવ્યો અને તેઓ સોદાનો રસ્તો જાણતા જ ન હતા.[૨૩] (૧૬) તેઓનું દ્રષ્ટાંત તેના જેવું છે જેણે આગ પ્રગટાવી તો જ્યારે એનાથી આજુબાજુ બધુ પ્રકાશિત બન્યું અલ્લાહ તેઓનો પ્રકાશ લઇ ગયો અને તેઓને અંધારાઓમાં મૂકી દીધા કે કશું સુઝતું નથી[૨૪] (૧૭) બહેરા, આંધળા, ગુંગા તો તેઓ પરત આવવાના નથી(૧૮)



لَا يَشْعُرُوْنَ ﴿١٢﴾ وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَاۤ اٰمَنَ النَّاسُ
قَالُوْۤا اَنُؤْمِنُ كَمَاۤ اٰمَنَ السُّفَهَآءُ اَلَاۤ اِنَّهُمْ هُمُ
السُّفَهَآءُ وَلٰكِنْ لَّا يَعْلَمُوْنَ ﴿١٣﴾ وَاِذَا لَقُوا الَّذِيْنَ
اٰمَنُوْا قَالُوْۤا اٰمَنَّا وَاِذَا خَلَوْا اِلٰى شَيٰطِيْنِهِمْ قَالُوْۤا
اِنَّا مَعَكُمْ اِنَّمَا نَحْنُ مُسْتَهْزِءُوْنَ ﴿١٤﴾ اَللّٰهُ يَسْتَهْزِئُ
بِهِمْ وَيَمُدُّهُمْ فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١٥﴾ اُولٰٓئِكَ
الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ
وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿١٦﴾ مَثَلُهُمْ كَمَثَلِ الَّذِى
اسْتَوْقَدَ نَارًا فَلَمَّاۤ اَضَآءَتْ مَا حَوْلَهٗ ذَهَبَ اللّٰهُ
بِنُوْرِهِمْ وَتَرَكَهُمْ فِيْ ظُلُمٰتٍ لَّا يُبْصِرُوْنَ ﴿١٧﴾ صُمٌّ
بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ ﴿١٨﴾ اَوْ كَصَيِّبٍ مِّنَ



તેમના ખાતર દીનમાં નરમી કરવી, ગૈર કોમો અને બદમઝહબના લોકો સાથે ચાપલુસી કરવી, તેમની ખુશી હાંસલ કરવા સુલ્હેકુલ્લી બની જવું અને હક વસ્તુ જાહેર ન કરવી, વિગેરે વાતો મુનાફિકની નિશાનીઓ છે, અને એટલા માટે હરામ છે. આજકાલ ઘણા લોકોએ એ માર્ગ અપનાવી લીધો છે, જેમના જલ્સા સભામાં ગયા તેમના જેવા બની ગયા. ઇસ્લામમાં આની મનાઇ છે, જાહેર અને બાતિનનું એકસરખું ન હોવું એક મોટી અયબ છે.

૧૬. અને જ્યારે તેમને કહેવામાં આવે ઇમાન લાવો જેવું બીજા લોકો ઇમાન લાવ્યા. આ આયતમાં 'લોકો'થી સહાબાએ કિરામ અથવા બીજા મુઅમિનો મુરાદ છે. કારણ કે અલ્લાહની ઓળખ, ફરમાંબરદારી અને આકેબતનો વિચાર એ બાબતો તેઓમાં એવી છે જેના કારણે એ લોકો જ 'ઇન્સાન' કહેવાના લાયક છે.

**મસઅલો** : 'આમનૂ કમા આમન' અર્થાત જેવું બીજા લોકો એટલે સહાબા અથવા મુઅમિન ઇમાન લાવ્યા છે તેવું ઇમાન લાવો, એવું કહેવાથી એ સાબિત થયું કે નેક લોકોનું અનુકરણ વખાણને પાત્ર અને આવશ્યક છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે અહલે સુન્નતનો તરીકો સાચો અને હક છે કારણ કે એમાં નેક લોકો બુઝુર્ગોની ઇતાઅત થાય છે, અને એ પણ જાણવા મળ્યું કે એ સિવાયના બીજા બધા ફિરકાઓ ગુમરાહ છે કારણ કે તેઓ સાલિહીન બુઝુર્ગોથી ફરેલા છે.

**મસઅલો** : અમુક ઉલમા આ આયતથી દલીલ કરે છે કે 'ઝિન્દીક'ની તવબહ પણ કબૂલ થઇ શકે છે. (બયઝાવી) ઝિન્દીક એવો માણસ કહેવાય છે જે નબીની નબુવ્વતને સ્વીકારે. ઇસ્લામની પ્રતિકરૂપ બાબતો

જાહેરમાં કરે પણ અંદરખાને એવા અકીદા ધરાવતો હોય જે બધાના મંતવ્યાનુસાર કુફ્ર હોય, આવા લોકો પણ મુનાફિકોમાં ગણાય છે.

૧૭. તો કહે છે શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લઇ આવીએ? મુનાફિકો ઇમાનવાળાઓને મૂર્ખાઓ કહેતા હતા, એનાથી ફલિત થયું કે નેક લોકોને બુરૂ કહેવું એ બાતિલ ફિર્કાઓની જુની પ્રણાલિકા છે, આજ કાલના બાતિલ ફિર્કાઓ પણ બુઝુર્ગોને બુરા કહે છે, રાફઝી ફિર્કો સહાબા અને ખુલફાએ રાશેદીનને ખરાબ કહે છે, ખારજી લોકો હઝરત અલી અને તેમના સાથીઓનું બુરૂં બોલે છે. ગૈર મુકલ્લિદ લોકો ચાર ઇમામને સ્વીકારતા નથી, વહાબીઓ અનેક અવલિયા અને ખુદાના મકબૂલ બન્દાઓની શાનમાં ગુસ્તાખી કરે છે. કાદયાનીઓ પહેલાંના પયગમ્બરો સુદ્ધાંને બુરૂં કહે છે. ચકળાલવી સહાબા અને મુહદ્દિસોને તેમજ નેચરી લોકો ઉમ્મતની મહાન વ્યક્તિઓને મ્હેણાં-ટોણાં મારે છે. આ આયતથી સાબિત થયું કે એ તમામ લોકો ગુમરાહીમાં છે. અને આ આયતમાં દીનદાર આલીમોને સંતોષ અપાયો છે કે તેઓ ગુમરાહોના બકવાસથી દુઃખી ન થાય એટલું જ સમજી લે કે આ તો બાતિલ ફિર્કાઓની પુરાણી પદ્ધતિ છે. (મદારિક)

૧૮. સાંભળે છે તેઓ જ મૂર્ખાઓ છે પણ જાણતા નથી, મુનાફિકો જે કંઇ કહેતા હતા કે 'શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લાવીએ?' વિગેરે તો તેઓની આ બકવાસ મુસલમાનો સમક્ષ ન હતી, તેઓ મુસ્લિમોને તો એવું જ કહેતા કે અમે તો નિખાલસ મુઅમિન છીએ. જેમકે હવે પછીની આયત ''વઇઝા લકુલ્લઝીન આમનૂ'' માં કહેવામાં આવ્યું છે, બલ્કે આવી બાબતો તેઓ પોતાની ખાસ મજલિસોમાં કહેતા હતા. તો અલ્લાહ તઆલાએ તેઓનો પર્દો ખોલી નાખ્યો. (ખાઝિન) એવી જ રીતે આજકાલના બાતિલ ફિર્કાઓ મુસલમાનો સામે પોતાના અકીદા છુપાવે છે (અને પોતાની અંગત મજલિસોમાં એની ચર્ચા કરે છે) પણ અલ્લાહ તઆલા તેઓની કિતાબો અને લખાણોમાંથી ભેદ ખોલી દે છે, આ આયતથી મુસલમાનોને સાવધાન કરવામાં આવ્યા છે કે બેદીન લોકોની જાળથી હોશિયાર રહે અને ધોકો ન ખાય.

૧૯. અને જ્યારે પોતાના શયતાનો પાસે એકલા હોય, અહીં શયતાનોથી કાફિરોના એવા સરદારો મુરાદ છે કે જેઓ હમેશા લોકોને ભટકાવવામાં મગ્ન રહે છે, (ખાઝિન-બયઝાવી) મુનાફિકો જ્યારે આવા સરદારોને મળતા ત્યારે કહેતા કે અમે તો તમારી સાથે જ છીએ, અને મુસલમાનો સાથે અમારી મુલાકાત તો ફક્ત એક મશ્કરી પુરતી જ છે, કે જેથી તેઓના ભેદની વાતો જાણી શકીએ, અને તેઓમાં ફસાદ ઉભો કરવાનો મોકો મળે, (ખાઝીન).

૨૦. અમે તો એમ જ મશ્કરી કરીએ છીએ, એટલે કે ઇમાનની જાહેરાત મશ્કરી રૂપે કરી, તો એ ઇસ્લામનો સ્વીકાર નહીં પણ ઇન્કાર થયો.

**મસઅલો** : અમ્બિયા અલયહિમુસ્સલામ અને દીન સાથે મશ્કરી કરવી કુફ્ર છે.

### શાને નુઝૂલ

આ આયત અબ્દુલ્લા ઇબ્ને ઉબય અને બીજા મુનાફિકો વિશે ઉતરી, એક દિવસ તેઓએ સહાબાએ કિરામની એક જમાઅતને આવતાં જોઇ, તો ઇબ્ને ઉબયે પોતાના મિત્રોને કહ્યું તમે જુઓ હું આ લોકોને કેવા મૂર્ખા બનાવું છું. જ્યારે પેલા સહાબા નજીક આવ્યા ત્યારે ઇબ્ને ઉબયે પ્રથમ હઝરત સિદ્દીકે અકબરનો હાથ પોતાના હાથમાં પકડી આપના વખાણ કર્યા, ત્યાર પછી એ જ રીતે હઝરત ઉમર અને હઝરત અલી રદીયલ્લાહુ અન્હુમાના વખાણ કર્યા, ત્યારે હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે અય ઇબ્ને ઉબય ખુદાથી ડર અને નિફાકથી દૂર થા, ઇબ્ને ઉબયે કહ્યું, ખુદાની કસમ આ વાતો મેં નિફાકની રીતે નથી કહી,

હું આપની જેમજ સાચો મોઅમિન છું, પછી જ્યારે સહાબા ચાલ્યા ગયા ત્યારે પોતાના ટોળામાં જઇ પોતાની ચાલબાઝી પર ગર્વ કરવા લાગ્યો ત્યારે આ આયત ઉતરી કે મુનાફિકો મુસલમાનોની રૂબરૂમાં ઇમાનની જાહેરાત કરે છે. પણ પોતાની ખાસ મજલિસોમાં મુસલમાનોની ઠેકડી ઉડાવે છે, (આ રિવાયત 'સઅલબી' અને 'વાહીદી'ની બયાન કરેલી છે, પણ ઇબ્ને હજરે અને સૂયૂતીએ 'લુબાબુન્નકૂલ'માં એને ઝઇફ કહી છે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે સહાબાએ કિરામ અને દીનના રેહબરોની ઠેકડી ઉડાડવી કુફ્ર છે.

૨૧. અને અલ્લાહ તેઓ સાથે ઇસ્તેહઝા ફરમાવે છે, અલ્લાહ તઆલા ઇસ્તેહઝા (મશ્કરી કરવી) અને બીજી તમામ અયબો અને નુકસાનોથી પાક છે, પણ અહીં મશ્કરીના પ્રત્યુત્તરને મશ્કરી કહેવામાં આવી છે, જેથી સારી રીતે સમજી શકાય કે આ સજા પેલા અયોગ્ય કાર્યની છે, આવા મોકા પર પ્રત્યુત્તરમાં પેલા કાર્ય જેવો શબ્દ વાપરવો ભાષાનો નિયમ છે, જેમકે ફરમાવવામાં આવ્યું છે 'જઝાઉ સય્યઅતિ સય્યિઅતુન' બુરાઇનો બદલો બુરાઇ, બયાન કરવાની ઢબનો કમાલ એ છે કે આ વાક્ય 'અલ્લાહુ યસ્તહઝઉ બિહિમ' ને ઉપરના વાક્ય 'ઇન્નમા નહનૂ મુસ્તહઝિઉન' પર અત્ફ કરવામાં નથી આવ્યું, એટલે કે તેના સાથે સંબંધિત કરવામાં નથી આવ્યું, કારણ કે ઉપરના વાક્યમાં 'ઇસ્તિહઝા' તેના વાસ્તવિક અર્થમાં હતુ.

૨૨. આ તે લોકો છે જેમણે હિદાયતને બદલે ગુમરાહી ખરીદી લીધી, હિદાયતને બદલે ગુમરાહી ખરીદવાનો અર્થ એ છે કે ઇમાનને બદલે કુફ્ર ધારણ કરવું, આ ઘણી જ ખોટ અને નુકસાનીની વાત છે.

### શાને નુઝૂલ

આ આયત ઇમાન લાવીને કાફિર બની જનાર લોકો માટે ઉતરી અથવા યહૂદીઓ માટે ઉતરી જે પ્રથમથી તો હુઝૂર અલયહિસ્સલામ પર ઇમાન ધરાવતા હતા પણ આપની પધરામણી પછી ઇન્કાર કરી દીધો, અથવા બધા કાફિરો વિશે ઉતરી કે કુદરતે તેમને સદબુદ્ધિ આપી, હકની દલીલો સ્પષ્ટ કરી, હિદાયતના માર્ગો ખોલ્યા પણ તેઓએ બુદ્ધિ અને ન્યાયનો ઉપયોગ ન કર્યો અને ગુમરાહી ધારણ કરી.

**મસઅલો** : આ આયતથી 'બયએ તઆમૂલી' જાઇઝ હોવાનું સાબિત થયું, એટલે કે ખરીદ વેચાણના શબ્દો બોલ્યા વગર એક બીજાની રાજીખુશીથી એક વસ્તુના બદલે બીજી વસ્તુ લેવી જાઇઝ છે.

૨૩. અને તેઓ સોદાનો રસ્તો જાણતા જ ન હતા, જો વેપારની પદ્ધતિ આવડતી હોત તો અસલ મૂડી (હિદાયત) ન ગુમાવી દેત.

૨૪. અહીં લોકોની હાલત દ્રષ્ટાંત આપીને સમજાવી છે જેમને અલ્લાહપાકે કંઇક હિદાયત આપી અથવા હિદાયત પ્રાપ્ત કરવા સમર્થ કર્યા, છતાં તેઓ એને ગુમાવી બેઠા અને કાયમી દોલત પ્રાપ્ત ન કરી, તેઓનું પરિણામ તે માણસ જેવું છે જે પ્રકાશમાં હતો અને તેની પાસેથી ઓચિંતો પ્રકાશ ખેંચાઇ ગયો તો હવે તેને પસ્તાવો, અફસોસ, આશ્ચર્ય અને ડર લાગે છે, આમાં તે મુનાફિકોનો પણ સમાવેશ થાય છે જેઓએ ઇમાન જાહેર કર્યું અને દિલમાં કુફ્ર રાખીને જાહેરમાં સ્વીકારેલી વસ્તુની રોશનીને ખોઇ બેઠા. અને આમાં તે લોકો પણ દાખલ છે જે મુઅમિન થયા પછી મુરતદ બન્યા. અને તેઓ પણ જેઓને સદ્બુદ્ધિ મળી. અને દલીલોની રોશનીમાં હક વસ્તુને ઓળખી પણ તેઓએ એનાથી ફાયદો ન ઉઠાવ્યો. અને ગુમરાહી ધારણ કરી અને જ્યારે હક બાબત સાંભળવા, માનવા, કહેવા, દેખાવાથી મહરૂમ રહી ગયા. તો પછી કાન, જબાન, આંખ બધુ બેકાર છે. (માટે જ તેઓને આંધળા, ગુંગા, બહેરા કહેવામાં આવ્યા છે.)

૨૫. હિદાયતને બદલે ગુમરાહી ખરીદનારાઓની આ બીજી મિષાલ છે. આસ્માનથી વરસતુ પાણી જમીનના જીવનનું કારણ છે. પણ તેની સાથે ભયાનક અંધારાઓ ડરાવી મૂકે એવી ગર્જનાઓ અને

البقرة ٢ الٓمّٓ ١

السَّمَآءِ فِيْهِ ظُلُمٰتٌ وَّرَعْدٌ وَّبَرْقٌ يَجْعَلُوْنَ اَصَابِعَهُمْ
فِيْٓ اٰذَانِهِمْ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ الْمَوْتِ وَاللّٰهُ مُحِيْطٌ
بِالْكٰفِرِيْنَ ﴿١٩﴾ يَكَادُ الْبَرْقُ يَخْطَفُ اَبْصَارَهُمْ كُلَّمَآ اَضَآءَ
لَهُمْ مَّشَوْا فِيْهِ وَاِذَآ اَظْلَمَ عَلَيْهِمْ قَامُوْا وَلَوْ شَآءَ
اللّٰهُ لَذَهَبَ بِسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ اِنَّ اللّٰهَ عَلٰى
كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٠﴾ يٰٓاَيُّهَا النَّاسُ اعْبُدُوْا رَبَّكُمُ الَّذِيْ
خَلَقَكُمْ وَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿٢١﴾
الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ فِرَاشًا وَّالسَّمَآءَ بِنَآءً
وَّاَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا
لَّكُمْ فَلَا تَجْعَلُوْا لِلّٰهِ اَنْدَادًا وَّاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٢﴾ وَاِنْ كُنْتُمْ
فِيْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ

**અથવા જેમ આસ્માનથી ઉતરતું પાણી કે તેમાં ઘોરઅંધારૂં છે અને ગર્જના અને વિજળીનો ચમકાર[૨૫] પોતાના કાનોમાં આંગળીઓ ઘુસાડી રહ્યા છે કડાકાને કારણે, મોતના ડરથી[૨૬] અને અલ્લાહે કાફિરોને ઘેરેલા છે[૨૭] (૧૯) એવું લાગે છે કે વિજળી તેમની નિગાહો (દ્રષ્ટિ) ઊંચકી જશે[૨૮] જ્યારે થોડો પ્રકાશ થયો તેમાં ચાલવા માંડયા[૨૯] અને જ્યારે અંધારૂં થયું ઉભા રહી ગયા અને અલ્લાહ ચાહતે તો તેઓના કાન અને આંખો લઇ જતે[૩૦] બેશક અલ્લાહ બધુંજ કરી શકે છે[૩૧] (૨૦) અય લોકો[૩૨] પોતાના રબને પૂજો જેણે તમને અને તમારા પૂર્વજોને પૈદા કર્યા એવી આશા સાથે કે તમને પરહેઝગારી મળે[૩૩] (૨૧) અને જેણે તમારા માટે જમીન ને પથારી અને આસ્માનને ઇમારત બનાવી. અને આસ્માનથી પાણી ઉતાર્યું[૩૪] તો એનાથી અમુક ફળો કાઢયાં તમારા ખાવા માટે તો અલ્લાહ માટે જાણી સમજીને સરખામણીવાળા ન બનાવો[૩૫] (૨૨) અને જો તમને કંઇ શક હોય તેમાં જે અમે પોતાના તે ખાસ બન્દા[૩૬] પર ઉતાર્યું તો તેના જેવી એક સૂરત લઇ આવો[૩૭] અને અલ્લાહ સિવાય પોતાના તમામ ટેકેદારોને**

વિજળીના ચમકારા હોય છે. એવી જ રીતે કુરઆન અને ઇસ્લામ દિલોની ઝિન્દગીનું કારણ છે. અને એમાં કુફ્રો, નિફાક, શિર્કનું બયાન અંધારાઓની જેમ છે. જેવી રીતે અંધારૂ મૂસાફરને આગળ ધપવામાં નડતરરૂપ હોય છે. એવી જ રીતે કુફ્ર અને નિફાક સીધા માર્ગ સુધી જવામાં નડતરરૂપ હોય છે. એમાં જે અઝાબની ખબરો છે તે ગર્જનાઓની જેમ છે. અને હકની ખુલ્લી દલીલો વિજળીના ચમકારની જેમ છે.

**શાને નુઝૂલ**

મુનાફિકોમાંના બે માણસો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાંથી ઉઠીને મુશ્રિકો પાસે જવા લાગ્યા રસ્તામાં આ વરસાદ આવ્યો જેનું વર્ણન આયતમાં કરાયું. એમાં સખ્તમાં સખ્ત ગર્જના, કડાકા અને વિજળીના ચમકારા હતા, જ્યારે કડાકો થતો ત્યારે તેઓ બીકના માર્યા કાનોમાં આંગળીઓ નાખી દેતા હતા કે ક્યાંક એના ભયાનક અવાજથી મરી ન જવાય, જ્યારે વિજળીનો ચમકારો થતો ત્યારે તેની રોશનીમાં થોડું ચાલતા અને પાછુ અંધારૂ થતાં ઉભા રહી જતા, તેઓ એક બીજાને કહેવા લાગ્યા કે જો ખુદાપાક સુખરૂપ સવાર દેખાડે તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં જઇ આપણા હાથ તેઓના મુબારક હાથોમાં સોંપી દઇએ. પછી તેમણે એવું જ કર્યુ અને ઇસ્લામમાં પાકા થયા, તેઓની હાલતને ખુદા પાકે મુનાફિકો માટે દ્રષ્ટાંત બનાવી. (અને આ આયત ઉતારી)

અથવા આ આયત એવા લોકો વિશે ઉતરી છે, જે હુઝૂર સલ્લલ્લાહો અલયહો વસલ્લમની પાક મજલિસમાં હાજર થતા ત્યારે પોતાના કાનોમાં એવી નિય્યતથી આંગળીઓ નાંખી લેતા કે ક્યાંક હુઝૂરની મુબારક બોલી તેઓને અસર ન કરી જાય, અને જ્યારે (ઇસ્લામના કારણે) તેઓના માલ ઔલાદમાં વધારો

થતો અને ગનીમત વિગેરેનો માલ મળતો ત્યારે તો વિજળીની ચમકમાં ચાલનારાઓની જેમ ચાલતા અને કહેતા કે હવે તો દીને મુહમ્મદી સાચો છે, પણ પછી જ્યારે માલ-ઔલાદ હલાક થતાં અને કોઇ બલા આવતી ત્યારે વરસાદના અંધારામાં લપાઇને ઉભો રહી જનારની જેમ લપાઇ જતા અને કહેતા કે આ બધી મુસીબત આ ધર્મના કારણે જ છે, અને એવી રીતે ઇસ્લામથી ફરી જતા. (લુબાબુન્નુકૂલ લિસ્સુયુતી)

૨૬. જેમ અંધારી રાત્રે કાળી ઘટા છવાએલી હોય અને વિજળીની ચમક અને કડાકા મૂસાફરને હેરાન કરતા હોય અને કડાકાના અવાજથી ડરીને મરવાની બીકે કાનોમાં આંગળીઓ નાખતો હોય એવી જ રીતે કાફિરો કુરઆન મજીદ સાંભળવાથી કાનોમાં આંગળીઓ ઠોંસી લે છે. અને તેઓને ડર છે કે ક્યાંક કલામે પાક ના આકર્ષક મઝમૂનો (બયાન) તેઓના દિલ પર અસર કરીને બાપ દાદાના ધર્મથી છેટા ન કરી દે. જે તેઓના માનવા મુજબ મરવાની સમકક્ષ છે.

૨૭. પણ આ નાસભાગ તેઓને કંઇ જ ફાયદો આપી શકશે નહિ, કારણ કે કાનોમાં આંગળીઓ ઘુસાડીને તેઓ ખુદાઇ કહેરથી બચી શકવાના નથી, (અલ્લાહ પાકે પોતાની કુદરત વડે તેઓને બધી બાજુએથી ઘેરી લીધેલા છે.)

૨૮. એવું લાગે છે કે વિજળી તેઓની દ્રષ્ટિ ઉંચકી જશે, વિજળી ઝબકે છે ત્યારે એવું લાગે છે જાણે કે હમણાં જ આંખોની રોશનીને ખતમ કરી નાંખશે, એવી જ રીતે સ્પષ્ટ દલીલોનો પ્રકાશ મુનાફિકોની આંતિરક દ્રષ્ટિને ખૂંચવી લે છે.

૨૯. જ્યારે થોડો પ્રકાશ થયો તેમાં ચાલવા લાગ્યા, વરસાદમય અંધારી રાતમાં જેવી રીતે મૂસાફર હેરાની અનુભવે છે. વિજળી ચમકે છે ત્યારે થોડું ચાલે છે વળી જ્યારે અંધારૂ થાય ત્યારે ઉભો રહી જાય છે, એવી જ રીતે ઇસ્લામની ચઢતી અને મુઅજેઝાના પ્રકાશ તેમજ આરામના સમયે મુનાફિકો ઇસ્લામ તરફ આકર્ષાય છે, અને જ્યારે કોઇ તકલીફ આવે છે ત્યારે કુફ્રની તારીકી - અંધારામાં ઉભા રહી જાય છે, અને ઇસ્લામથી છેટા થવા લાગે છે, આજ વસ્તુને બીજી આયતમાં આ પ્રમાણે બયાન કરવામાં આવી છે, 'ઇઝા દુઉ ઇલલ્લાહિ વરસૂલિહી લિયહકુમ બયનહુમ ઇઝા ફરીકુમ મિન્હુમ મુઅરિદૂન વઇંય યકુલ્લહુમુલ હકકુ યઅતૂ ઇલયહિ મુઝઇનીન' (ખાઝિન, સાવી. વિ.)

૩૦. અલ્લાહ ચાહતે તો તેઓના કાન અને આંખ લઇ જતે, એટલે કે મુનાફિકોનું કાર્ય તો એ સઝાને લાયક જ છે. પણ છતાં અલ્લાહ એમના કાન અને આંખોને બેકાર નથી કરતો.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે અસ્બાબ (કારણો)ની તાસીર અલ્લાહની મરજીને આધીન છે. અલ્લાહની મરજી વગર અસ્બાબ કે કારણો કશું કરી શકતાં નથી.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે અલ્લાહની મરજી કારણોને આધીન નથી તે વગર કારણે પણ ગમે તે કરી શકે છે.

૩૧. બેશક અલ્લાહ બધું જ કરી શકે છે. આયતમાં જે 'શય'નો શબ્દ આવ્યો છે તેનો અર્થ એ છે કે જે ખુદા ઇચ્છે અને જે તેની ઇચ્છાના વર્તુળમાં આવી શકે, તમામ મુમકેનાત (તેની ઇચ્છાના વર્તુળમાં આવતી બાબતો) 'શય'માં દાખલ છે એટલા માટે તે કુદરતની હદમાં છે, પણ જે બાબતો મુમકિન નથી વાજિબ (ખુદાની ઝાત માટે અનિવાર્ય) છે અથવા મુમતનઅ (ખુદાની ઝાત માટે અસંભવ) છે તેના સાથે કુદરત કે ઇરાદો સંબંધિત થતો નથી, જેવી રીતે કે ખુદાની ઝાત અને તેના ગુણો વાજિબ છે એટલા માટે તેને મકદૂર કહી શકાય નહીં.

**મસઅલો** : બારી તઆલા માટે જૂઠ અને બીજા તમામ અયબો અશક્ય છે. માટે તેની કુદરતને એ બાબતો સાથે કશો સંબંધ નથી.

૩૨. અય લોકો! પહેલી સૂરતમાં ફરમાવ્યું હતું કે આ કિતાબ મુત્તકીન માટે હિદાયત આપવા ઉતરી છે. પછી મુત્તકીનના ગુણોનું બયાન કર્યું, ત્યાર પછી તેઓથી ફરી જનાર કાફિરોનું અને તેમની હાલતનું બયાન થયું, જેથી નેકબખ્ત માણસ હિદાયત અને તકવા તરફ આકર્ષાય, અને નાફરમાની તેમજ બગાવતથી બચે, હવે તકવો પ્રાપ્ત કરવાનો તરીકો બતાવવામાં આવે છે. ''યા અય્યુહન્નાસ''નું સંબોધન વધુ કરીને મક્કાવા-સીઓ માટે અને 'યા અય્યુહલ્લઝીન આમનૂ'નું સંબોધન મદીનાવાસીઓ માટે કરવામાં આવે છે, પણ આ આયતમાં જે 'યા અય્યુહન્નાસ' કહેવાયું છે તે મુઅમિન, કાફિર દરેક માટે છે. આમાં એ ઇશારો એ તરફ છે કે ઇન્સાની શરાફત એમાં જ છે કે માણસ તકવો હાંસલ કરે અને ઇબાદતમાં મગ્ન રહે.

### ઇબાદતની વ્યાખ્યા

ઇબાદત તે હદ દરજ્જાની તઅઝીમનું નામ છે જે બન્દો પોતાના બન્દાપણા તેમજ જેની ઇબાદત કરે છે તેના ઇલાહ (ખુદા) હોવાનો ઇકરાર અને માન્યતા સાથે બજાવી લાવે.

આ આયતમાં ઇબાદતનો ભાવાર્થ સામાન્ય છે. તેના તમામ પ્રકાર અસલ ઇબાદત અને તેના પેટા વિભાગ વિ. આમાં દાખલ છે.

**મસઅલો** : કાફિરો માટે પણ ખુદાની ઇબાદત ફર્ઝ છે. જેવી રીતે વુઝૂ ન હોવું નમાઝ ફર્ઝ થવાને રોકતુ નથી. એવી જ રીતે કુફ્ર ઇબાદત ફર્ઝ થવાને રોકતું નથી. અને જે રીતે નમાઝ ફર્ઝ થવાથી તેના માટે વુઝુ કરવું જરૂરી ઠરે છે, તેવીજ રીતે ઇબાદત ફર્ઝ થવાથી કાફિર માટે કુફ્ર અને શિર્કથી દૂર થવું જરૂરી ઠરે છે.

૩૩. એવી આશા સાથે કે તમને પરહેઝગારી મળે, આનાથી સાબિત થયું કે ઇબાદતનો ફાયદો ઇબાદત કરનારને પોતાને જ થાય છે. અલ્લાહ તઆલા એનાથી પાક છે કે તેને ઇબાદત ઇત્યાદીથી ફાયદો થાય.

૩૪. ઉપરની આયતમાં અસ્તિત્વમાં લાવવાની નેઅમતની ચર્ચા કરી કે તમને અને તમારા પૂર્વજોને શૂન્યમાંથી સર્જ્યા, હવે આ બીજી આયતમાં જીવન જરૂરીયાતની બાબતો, જમીન, આસ્માનની પેદાઇશ, પાણી વરસાવવું, ફળો ઉગાડવાં વિગેરેનું બયાન કરીને જાહેર કર્યું કે ફક્ત તેજ નેઅમતો દેવાવાળો છે. તો અન્યની પૂજા ખુલ્લે ખુલ્લી રીતે ખોટી છે.

૩૫. અલ્લાહના એક હોવા, નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેના રસૂલ હોવા અને કુરઆન તેની કિતાબ અને લાજવાબ હોવા વિશે હવે પછીની આયતમાં એવી જડબાતોડ દલીલ રજુ કરવામાં આવે છે કે સત્યના શોધકને સંતોષ આપે અને ઇન્કાર કરનારને ચૂપ કરી મૂકે.

૩૬. આ આયતમાં ખાસ બન્દાથી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાક ઝાત મુરાદ છે.

૩૭. તો તેના જેવી એક સૂરત તો લઇ આવો, એટલે કે એવી સૂરત બનાવી લાવો જે ફસાહત - બલાગત (શ્રેષ્ઠ વકતવ્ય) નઝમો તરતીબ (વાક્યોની ગોઠવણી) અને ગયબની ખબરો આપવામાં કુરઆન જેવી હોય.

૩૮. અહીં પથ્થરથી તે મૂર્તિઓ મુરાદ છે જેઓને કાફિરો પૂજે છે. અને તેમની મહોબ્બતના કારણે કુરઆને પાક અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો દુશ્મનીથી ઇન્કાર કરે છે.

૩૯. તૈયાર રાખી છે કાફિરો માટે. **મસઅલો** : આનાથી સાબિત થયું કે દોઝખ પેદા થઇ ચૂકી છે.

بولاوી لو... 

وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ﴿٢٣﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا وَلَنْ تَفْعَلُوْا فَاتَّقُوا النَّارَ
الَّتِيْ وَقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ ۖ اُعِدَّتْ لِلْكٰفِرِيْنَ ﴿٢٤﴾
وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ كُلَّمَا رُزِقُوْا مِنْهَا مِنْ ثَمَرَةٍ
رِّزْقًا ۙ قَالُوْا هٰذَا الَّذِيْ رُزِقْنَا مِنْ قَبْلُ ۙ وَاُتُوْا بِهٖ
مُتَشَابِهًا ؕ وَلَهُمْ فِيْهَآ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۙ وَّهُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٥﴾
اِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖٓ اَنْ يَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً
فَمَا فَوْقَهَا ؕ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ
مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَآ اَرَادَ
اللّٰهُ بِهٰذَا مَثَلًا ۘ يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِيْ بِهٖ

**બોલાવી લો જો તમે સાચા હોઉ તો (૨૩) પછી જો ન લાવી શકો અને અમે કહી દઇએ છીએ કદાપી લાવી નહીં શકો! તો ડરો તે આગથી જેનું બળતણ આદમી અને પથ્થર છે[38] તૈયાર રાખી છે કાફિરો માટે[39] (૨૪) અને ખુશખબરી આપો તેઓને જે ઇમાન લાવ્યા અને સારા કામો કર્યા. કે તેઓ માટે બગીચા છે જેમની નીચે નહેરો વહે છે[40] જ્યારે તેઓને તે બગીચાઓમાંથી કોઇ ફળ ખાવા માટે આપવામાં આવશે આકૃતિ દેખીને કહેશે આ તેજ રિઝક છે જે અમને પ્રથમ મળ્યું હતું[41] અને તે આકૃતિમાં ભળતુ તેઓને આપવામાં આવ્યું અને તેમના માટે તે બગીચાઓમાં પાક સાફ પત્નીઓ છે.[42] અને તેઓ તેમાં હમેશાં રહેશે[43] (૨૫) બેશક! અલ્લાહ એ બાબતથી હયા નથી ફરમાવતો કે ઉદાહરણ સમજાવવા ગમે તેવી ચીજની ચર્ચા કરે મચ્છર હોય કે એનાથી વધીને[44] તો તે જેઓ ઇમાન લાવ્યા તે તો જાણે છે કે આ તેમના રબ તરફથી હક છે[45] રહ્યા કાફિર તેઓ કહે છે આવા ઉદાહ-રણમાં અલ્લાહનો શું મકસદ છે? અલ્લાહ ઘણાઓને એનાથી ગુમરાહ કરે છે[46] અને ઘણાઓને હિદાયત આપે**

**મસઅલો** : એ પણ સાબિત થયું કે અલ્લાહના કરમથી (ગુનેહગાર) મોમિનો હમેશા દોઝખમાં રહેશે નહિ.

૪૦. આ આયતમાં મોમિનોને જન્નતના બગીચાઓ અને તેની વિવિધ નેઅમતોની ખુશખબરી આપવામાં આવી છે. ખુદાપાકનો તરીકો છે કે કુરઆનમાં ડરાવવા પછી ખુશખબરી આવે છે. એટલા માટે કાફિરો, તેમનાં કાર્યો અને તેમને થનાર અઝાબના બયાન બાદ હવે મોમિનો અને તેમનાં કાર્યોની ચર્ચા કરી, અને તેઓને જન્નતની ખુશખબરી આપી, આયતમાં સાલિહાતનો શબ્દ છે તેનો અર્થ નેકીઓ થાય છે. જે શરીઅતની રૂએ ફર્ઝ અને નવાફિલ - નિફલોને પણ દાખલ કરી લે છે. (જલાલૈન)

**મસઅલો** : ઇમાન અને અમલને અલગ પાડવાથી એ સાબિત થયું કે આમાલ (કર્મો) ઇમાનનો ભાગ નથી.

**મસઅલો** : આ આયતમાં જન્નતની જે ખબર આપવામાં આવી છે તે નેક મોમિનો માટે બિનશરતી છે. જ્યારે ગુનેહગાર મોમિનો માટે ખુદાની ઇચ્છા શર્ત છે. તે ઇચ્છે તો પોતાના કરમથી માફ કરે, અથવા સજા આપી પછી જન્નત આપે.

૪૧. આકૃતિ દેખીને કહેશે કે આ તો તે જ રિઝક - ફળ છે જે અમને પહેલાં મળ્યું હતું, આવું એટલા માટે થશે કે જન્નતનાં ફળો જોવામાં એક બીજા સાથે મળતાં છે. પણ તેઓનો સ્વાદ અલગ અલગ, માટે જન્નતી ઉપર મુજબ કહેશે, પણ ખાવાથી તેની લિઝઝત મળશે ત્યારે તેઓને ઓર લુત્ફ આવશે.

૪૨. જન્નતીઓને ત્યાં જે પાક સાફ પત્નીઓ આપવામાં આવશે તે યા તો હૂરો હોય અથવા બીજી

બધી સ્ત્રીઓ હોય, તમામ પ્રકારની ગંદકીઓથી અને નાપાકીઓથી પાક સાફ હશે, ન તો શરીર પર મેલ હશે, ન તેઓને પેશાબ કે જાજરૂની હાજત થશે, અને સાથોસાથ તીખા સ્વભાવ અને કુટેવોથી પણ પાક અલગ હશે.

૪૩. અને તેઓ જન્નતમાં હમેશાં હમેશાં રહેશે, એટલે કે તેઓ કદી ફના થશે નહીં, અને જન્નતમાંથી તેઓને કાઢી મૂકવામાં પણ નહિ આવે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે જન્નત અને જન્નતીઓ માટે ફના - નાશ નથી.

૪૪. અલ્લાહ ઉદાહરણ આપવા ગમે તેવી ચીજની ચર્ચા કરતાં હયા નથી ફરમાવતો, આ આયત ઉતરવાનું મુખ્ય કારણ એ બન્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ મસલુહુમ **કમસલિલ્લઝીસ્તવકદ....** અને **અવકસય્યિબિમ મિનસ્સમા** વાળી આયતો નાઝિલ કરી જેમાં ખુદા પાકે મુનાફિકોને આગ સળગાવનાર અને વરસાદમાં ચાલનાર સાથે સરખાવ્યા (જેનું બયાન પાછળ થઇ ગયું છે) ત્યારે મુનાફિકોએ કહ્યું કે અલ્લાહ પાક આવી મિષાલો બયાન કરવાથી પાક છે, (અર્થાત તે એક બુલંદ મરતબાવાળો થઇને આવી હલ્કી અને નાની વસ્તુઓની મિષાલ શા માટે આપે છે?) ત્યારે તેઓને રદિયો આપવા આ આયત ઉતરી.

૪૫. ઇમાનવાળાઓ આવી મિષાલોને હક જાણે છે. કારણ કે મિષાલો બયાન કરવી એ અકલમંદીને અનુરૂપ છે, અને વકતવ્યને દિલોમાં ઉતારી દે છે, તેમજ અરબના વક્તાઓની પદ્ધતિ છે, માટે એનામાં વાંધા વચકા કાઢવા એ ખોટું અને અસ્થાને છે, જેથી મિષાલો હક છે.

૪૬. અલ્લાહ ઘણાઓને આનાથી (એટલે કે આવી મિષાલો અને ઉદાહરણોથી) ગુમરાહ કરે છે, આ તે બાબતનો જવાબ છે જે મુનાફિકોએ કહી હતી કે આવા ઉદાહરણો કહેવાથી અલ્લાહનો શું મકસદ છે?

**ફઅમ્મલ્લઝીન આમનૂ અને વઅમ્મલ્લઝીન કફરૂ** જે આ વાક્યો બયાન કરવામાં આવ્યાં છે, તેમની તફસીર આ મુજબ છે કે, આ મિષાલોથી ઘણાંઓને ગુમરાહ કરે છે જેઓની બુદ્ધિ પર અજ્ઞાનતાએ વિજય મેળવ્યો છે, અને જેઓની આદત ઘમંડ કરવાની તેમજ દુશ્મની રાખવાની છે. અને જેઓ હક વાત તેમજ ખુલ્લી હિકમતને નકારવા માટે ટેવાએલા છે. અને આ મિષાલ ખરેખર લગતી હોવા છતાં ઇન્કાર કરે છે. તેઓને આનાથી ગુમરાહ કરે છે, અને આનાથી અલ્લાહ તઆલા ઘણાઓને હિદાયત આપે છે, એટલે કે જેઓ વિચારવા અને સત્ય શોધવા માટે ટેવાએલા છે. અને ન્યાયની વિરૂદ્ધ વાત નથી કરતા, તેઓ જાણે છે કે હમેશાં હમેશાં ઉચ્ચ મરતબાવાળી વસ્તુની મિષાલ કોઇક કદરવાળી વસ્તુથી અને તુચ્છ વસ્તુનું ઉદાહરણ કોઇક ન જેવી વસ્તુથી આપવામાં આવે છે. જેમકે ઉપરની આયતમાં હકને નૂર અને બાતિલને અંધારા સાથે સરખાવવામાં આવ્યું છે, એવા લોકોને ખુદા પાક આવી મિષાલોથી હિદાયત આપે છે.

૪૭. અને ખુદા પાક આ મિષાલોથી એવા લોકોને ગુમરાહ કરે છે જે ફાસિક એટલે હુકમોનો અનાદર કરનાર હોય, શરીઅતની રૂએ ફાસિક એવા નાફરમાનને કહે છે જે કબીરા ગુનાહ કરતો હોય, ફિસ્ક જેનાથી ફાસિક બની જવાય તેના ત્રણ પ્રકાર છે. (૧) તગાબી એટલે કે આદમી સંજોગવશાત કોઇ કબીરા ગુનાહ કરી બેઠો પણ તે એને બુરૂંજ જાણે છે. (૨) ઇન્હિમાક એટલે કે કબીરા ગુનાહોથી ટેવાઇ ગયો, અને બચવાની પરવા ન રહી (૩) હરામને સારૂં સમજીને કરે. આ ત્રીજા પ્રકારવાળો ઇમાનથી મહરૂમ બની જાય છે. પહેલા બે પ્રકારોમાં જ્યાં સુધી કબીરાઓથી પણ મોટો કબીરા ગુનાહ એટલે કે શિર્ક ન કરે ત્યાં સુધી તેને મોમિન કહી શકીશું, આ આયતમાં ફાસિકીનથી એવા નાફરમાનો મુરાદ છે જેઓ ઇમાનથી નીકળી ગયા, કુરઆનમાં કાફિરોને પણ ફાસિક કહેવામાં આવ્યા છે. અમુક મુફસ્સિરોએ અહીં ફાસિકનો અર્થ મુનાફિકો ઘટાવ્યો છે, અમુકે કાફિરો અને અમુકે યહૂદીઓનો અર્થ ઘટાવ્યો છે.

كثيرا وما يضل به إلا الفاسقين ﴿٢٦﴾ الذين ينقضون
عهد الله من بعد ميثاقه ويقطعون ما أمر الله
به أن يوصل ويفسدون في الأرض أولئك هم
الخاسرون ﴿٢٧﴾ كيف تكفرون بالله وكنتم أمواتا
فأحياكم ثم يميتكم ثم يحييكم ثم إليه ترجعون ﴿٢٨﴾
هو الذي خلق لكم ما في الأرض جميعا ثم استوى
إلى السماء فسواهن سبع سماوات وهو بكل شيء عليم ﴿٢٩﴾
وإذ قال ربك للملائكة إني جاعل في الأرض
خليفة قالوا أتجعل فيها من يفسد فيها ويسفك
الدماء ونحن نسبح بحمدك ونقدس لك قال إني
أعلم ما لا تعلمون ﴿٣٠﴾ وعلم آدم الأسماء كلها ثم

**છે અને આનાથી એવાઓને ગુમરાહ કરે છે જે હુકમોનો અનાદર કરે છે[૪૭] (૨૬) તેઓ જે અલ્લાહના વાયદાને તોડી નાખે છે[૪૮] પાકો થયા પછી અને કાપી નાખે છે તે વસ્તુને જેને જોડવાનો ખુદાએ હુકમ કર્યો અને ધરતીમાં ફસાદ ફેલાવે છે[૪૯] તેઓ જ નુકસાનમાં છે (૨૭) ભલા તમે કેમ કરીને ખુદાને નકારનાર થશો જ્યારે કે તમે મૃતપ્રાય હતા તેણે તમને જીવાડયા ફરી તમને મારી નાખશે ફરી તમને જીવાડશે પછી તેના જ તરફ પલટીને જશો[૫૦] (૨૮) તે જ છે જેણે તમારા માટે બનાવ્યું જે કંઇ જમીનમાં છે[૫૧] પછી આકાશ તરફ ઇસ્તિવા (કસ્દ-ઇરાદો) ફરમાવ્યો તો ઠીક સાત આસ્માન બનાવ્યાં, અને તે બધું જ જાણે છે[૫૨] (૨૯) અને યાદ કરો જ્યારે કહ્યું તમારા પાલનહારે ફરિશ્તાઓને, હું જમીનમાં મારો નાયબ બનાવનાર છું[૫૩] બોલ્યા, શું એવાને નાયબ બનાવીશ કે જે તેમાં ફસાદ ફેલાવે અને ખુનામરકી કરે[૫૪] અને અમે તારા વખાણ કરીને તારી તસ્બીહ પઢીએ અને તારી પવિત્રતાનું વર્ણન કરીએ છીએ. ફરમાવ્યું, મને ખબર છે જે તમે નથી જાણતા[૫૫] (૩૦) અને અલ્લાહ તઆલાએ આદમને તમામ**

૪૮. તેઓ જે અલ્લાહના વાયદાને તોડી નાખે છે. આનાથી તે વાયદો ધારવામાં આવ્યો છે કે જે આગલી કિતાબોમાં અલ્લાહ પાકે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર ઇમાન લાવવા બાબત લીધો હતો, એક મંતવ્ય એવું છે કે વાયદા ત્રણ છે, (૧) તે વાયદો જે અલ્લાહ પાકે તમામ ઔલાદે આદમ પાસેથી લીધો કે તેઓ ખુદાની રબૂબિયતનો સ્વીકાર કરે, જેનું બયાન ''વઇઝ અખઝ રબ્બુક મિમ બની આદમ'' વાળી આયતમાં થયુ છે, (૨) આ બીજો વાયદો અમ્બિયા સાથે મખ્સૂસ છે કે રિસાલતની તબ્લીગ કરે અને દીનને પ્રચલિત કરે જેનું બયાન 'વઇઝ અખઝના મીનન્નબીય્યીન મીસાકહુમ' વાળી આયતમાં છે, (૩) ત્રીજો વાયદો ઉલમા સાથે કે હકને ન છુપાવે જે 'વઇઝ અખઝલ્લાહુ મીસાકલ્લઝીન ઉતુલ કિતાબ' માં કહેવાયું છે.

૪૯. અને કાપી નાખે છે તે વસ્તુને જેને જોડવાનો ખુદાએ હુકમ કર્યો છે તે આ છે સગાઇના સંબંધો, મુસલમાનોની દોસ્તી અને મહોબ્બત, બધા જ પયગમ્બરોને માનવા, અલ્લાહની કિતાબોની સત્યતા કબૂલ કરવી, હક બાબત પર એકમત થવું, આ તે વસ્તુઓ છે જેને જોડવાનો હુકમ થયો છે. આ બાબતોને તોડવી, એક બીજાથી અલગ કરવી, કુસંપનાં બી વાવવાં વિ. મના કરવામાં આવ્યું છે.

૫૦. ભલા તમે કેમ કરીને ખુદાને નકારનાર થશો! ઉપરની આયતોમાં તવહીદ અને નુબુવ્વતની દલીલો તેમજ કુફ્ર અને ઇમાનના બદલાનું બયાન કર્યા પછી આ આયતમાં ખુદા પાક પોતાની સામાન્ય અને ખાસ નેઅમતો તેમજ કુદરત અને હિકમતની નિશાનીઓનું બયાન કરે છે, અને કુફ્રની બુરાઇઓ દિલમાં ઉતારી દેવા પછી કાફિરોને સંબોધી કહે છે કે ભલા તમે કેમ કરીને ખુદાને નકારી શકશો? જ્યારે કે તમારી પોતાની પરિસ્થિતિ તેના પર ઇમાન લાવવાનું કહી રહી છે, કારણ કે તમે મૃતપાય એટલે કે જીવ વગરનું

શરીર હતા એક આકૃતિરૂપે તેણે તમને પ્રાણ આપી જીવંત કર્યા. ફરી જીવનની મુદ્દત પુરી થએથી તમને મોત આપશે, ફરી તમને કબ્રમાં અથવા સવાલ માટે અથવા હશ્રમાં જીવંત કરશે, પછી તમે હિસાબ તેમજ બદલા માટે તેના તરફ પલટાવવામાં આવશો, પોતાની આ હાલત જાણ્યા પછી કુફ્ર કરવું ઘણું જ આશ્ચર્યજનક છે.

મુફસ્સિરીનનું એક મંતવ્ય આ પણ છે કે કયફ તકફુરૂન (તમે કેમ કરીને ખુદાનો ઇન્કાર કરી શકો છો ?) માં મોમિનોને સંબોધન છે અને મતલબ એ છે કે તમે કેવી રીતે કાફિર બની શકો છો ? જ્યારે કે તમે અજ્ઞાનતાની મોતમાં મરેલા હતા અલ્લાહ તઆલાએ તમને ઇલ્મ અને ઇમાનની જિંદગી આપી. ત્યારબાદ તમારા માટે તે જ મોત છે જે જિંદગી પુરી થયા પછી બધાંને આવે છે, ત્યારબાદ તે તમને વાસ્તવિક અને હમેશાંની જિંદગી અર્પણ કરશે, ત્યારબાદ તમે તેના પ્રતિ લઇ જવામાં આવશો, અને તે તમને એવો સવાબ આપશે જે ન તો કોઇ આંખે જોયો છે ન તો કોઇ કાને સાંભળ્યો છે અને ન તો કોઇ દિલ પર તેની કલ્પના થઇ છે.

૫૧. તે જ છે જેણે બનાવ્યું તમારા માટે જે કંઇ જમીનમાં છે એટલે કે ખાણો, લીલોતરી, જાનવરો, નદીઓ, પહાડ જે કંઇ જમીનમાં છે તે બધુ અલ્લાહે તમારા દીન અને દુનિયાના ફાયદા માટે બનાવ્યું છે, દીનનો ફાયદો એ કે એ બધી વસ્તુઓને જોઇને તમને તેની કુદરત અને હિકમતનું ભાન થાય, અને દુનિયાનો ફાયદો એ કે એને ખાવ, પીઓ, વાપરો, આરામથી. પોતાના ઉપયોગમાં લાવો આ બધી નેઅમતો હોવા છતાં તમે કેમ કરી કુફ્ર કરશો ?

**મસઅલો** : કરખી અને અબૂબક્ર રાઝીએ 'ખલક લકુમ' (તમારા માટે પેદા કર્યું) ના શબ્દને ફાયદો હાંસલ કરી શકાય એવી વસ્તુઓ અસલમાં મુબાહ હોવા માટે દલીલ બનાવી છે.

૫૨. અને તે બધું જ જાણે છે, એટલે કે આ પેદા કરેલી અને બનાવેલી વસ્તુઓ એ વાતની દલીલરૂપ છે કે અલ્લાહ પાક તમામ બાબતોનું ઇલ્મ ધરાવે છે, કારણ કે આવી હિકમત અને રહસ્યોથી ભરપુર વસ્તુઓનું પેદા કરવું તમામ પાસાંઓના સંપૂર્ણ જ્ઞાન વગર શક્ય નથી, મરવા પછી જીવંત થવાને કાફિરો અશક્ય જાણતા હતા, આ આયતોમાં એ માન્યતા જૂઠી હોવા માટે સશક્ત દલીલ રજુ કરી દીધી કે જ્યારે અલ્લાહ તઆલા કુદરતવાળો અને દરેક વસ્તુને જાણનાર છે અને શરીરના અણુઓ ભેગા કરવાની અને જીવંત કરવાની લાયકાત ધરાવે છે તો પછી મોત પછી જીવંત થવું કેવી રીતે અશક્ય બની શકે છે ?

જમીન અને આસ્માન પેદા કર્યા પછી અલ્લાહ પાકે આસ્માનમાં ફરિશ્તાઓને અને જમીનમાં જિન્નાતોને રહેવા જગ્યા આપી, જિન્નાતોએ જ્યારે ફસાદ ફેલાવ્યો ત્યારે ફરિશ્તાઓની એક ટુકડીએ આવીને તેઓને જંગલો અને ખીણોમાં ભગાડી મૂક્યા.

૫૩. હું જમીનમાં મારો નાયબ બનાવનાર છું, ખલીફાનો અર્થ નાયબ થાય છે, ખલીફા હુકમો કરવામાં અને બીજી સત્તાઓમાં અસ્લ (હેડ)નો નાયબ હોય છે, અહીં ખલીફાથી હઝરત આદમ અલયહિસ્સલામ મુરાદ છે. જો કે બીજા અમ્બિયા પણ અલ્લાહ તઆલાના ખલીફા છે. હઝરત દાઊદ અલયહિસ્સલામ માટે ફરમાવ્યું 'યા દાવુદુ ઇન્ના જઅલ્નાકા ખલીફતન ફીલ અરદિ'' અય દાઊદ અમે તમને જમીનમાં ખલીફા બનાવ્યો છે.

ફરિશ્તાઓને હઝરત આદમ અલયહિસ્સલામને ખલીફા બનાવવાના છે એવી ખબર એટલા માટે આપવામાં આવી કે જેથી તેઓ તેમને ખલીફા બનાવવાનું રહસ્ય પૂછીને જાણી લે, અને તેઓ પર ખલીફાનું ઉચ્ચપણું અને શાન જાહેર થાય, કે એમને જન્મ પહેલાં જ ખલીફાનું બિરૂદ પ્રાપ્ત થયું છે. અને આસ્માનવાળાઓને

**વસ્તુઓના નામ શિખવ્યાં[૫૬] પછી તમામ વસ્તુઓ ફરિ-શતાઓ સમક્ષ રજુ કરી ફરમાવ્યું, સાચા હોવ તો આના નામો તો બતાવો[૫૭] (૩૧) બોલ્યા, પવિત્રતા છે તારા માટે અમને કંઇજ જ્ઞાન નથી પણ જેટલું તેં અમને શિખવ્યું, બેશક ! તુ જ ઇલ્મ અને હિકમતવાળો છે[૫૮] (૩૨) ફરમાવ્યું અય આદમ ! બતાવી દે એમને દરેક વસ્તુઓનાં નામ. જ્યારે આદમે તેમને દરેકનાં નામ બતાવ્યાં[૫૯], ફરમાવ્યું હું ન કહેતો હતો કે હું જાણું છું આસ્માનો અને જમીનની બધી છુપી ચીજો અને હું જાણું છું જે કંઇ તમે જાહેર કરો છો અને જે કંઇ તમે છુપાવો છો[૬૦] (૩૩) અને યાદ કરો જ્યારે અમે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમને સિજદો કરો તો બધાએ સિજદો કર્યો ઇબ્લિસ સિવાય, મુન્કિર થયો અને ઘમંડ કર્યો અને કાફિર થઇ ગયો[૬૧] (૩૪) અને અમે ફરમાવ્યું, અય આદમ, તુ ! અને તારી પત્ની પેલી જન્નતમાં રહો અને ખાવ તેમાંથી રોકટોક વગર જ્યાં તમારો જીવ ઇચ્છે, પણ પેલા ઝાડ પાસે ન જશો[૬૨] કે હદથી વધી જનારાઓમાં થઇ જશો[૬૩] (૩૫) તો શયતાને તેઓને લગઝીશ (ભૂલથાપ) આપી.**

الٓمّٓ ۱ البقرة ۲

عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ فَقَالَ اَنْۢبِـُٔوْنِیْ بِاَسْمَآءِ هٰۤؤُلَآءِ
اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۳۱﴾ قَالُوْا سُبْحٰنَكَ لَا عِلْمَ لَنَاۤ
اِلَّا مَا عَلَّمْتَنَا ؕ اِنَّكَ اَنْتَ الْعَلِیْمُ الْحَكِیْمُ ﴿۳۲﴾ قَالَ یٰۤاٰدَمُ
اَنْۢبِئْهُمْ بِاَسْمَآئِهِمْ ۚ فَلَمَّاۤ اَنْۢبَاَهُمْ بِاَسْمَآئِهِمْ ۙ قَالَ اَلَمْ
اَقُلْ لَّكُمْ اِنِّیْۤ اَعْلَمُ غَیْبَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ۙ وَ اَعْلَمُ
مَا تُبْدُوْنَ وَ مَا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿۳۳﴾ وَ اِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ
اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْۤا اِلَّاۤ اِبْلِیْسَ ؕ اَبٰى وَ اسْتَكْبَرَ ٚ
وَ كَانَ مِنَ الْكٰفِرِیْنَ ﴿۳۴﴾ وَ قُلْنَا یٰۤاٰدَمُ اسْكُنْ اَنْتَ
وَ زَوْجُكَ الْجَنَّةَ وَ كُلَا مِنْهَا رَغَدًا حَیْثُ شِئْتُمَا ۪ وَ لَا
تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِیْنَ ﴿۳۵﴾ فَاَزَلَّهُمَا
الشَّیْطٰنُ عَنْهَا فَاَخْرَجَهُمَا مِمَّا كَانَا فِیْهِ ۪ وَ قُلْنَا

منزل ۱

એમના જન્મની ખુશખબર આપવામાં આવી.

**મસઅલો** : આનાથી બન્દાઓને તાલીમ અપાય છે કે તેઓ કોઇ કામ કરતાં પહેલાં મશ્વરો (મસલત) કરી લે, અને અલ્લાહ તઆલા એનાથી પાક છે કે તેને મશ્વરાની જરૂર હોય.

૫૪. બોલ્યા, શું એવાઓને નાયબ બનાવીશ જે તેમાં ફસાદ ફેલાવે અને ખૂનામરકી કરે, આવું કહેવાથી ફરિશ્તાઓનો હેતુ વાંધાવચકા કાઢવાનો કે હઝરત આદમને ટોણાં મારવાનો ન હતો, પણ નાયબ બનાવ-વામાં શું રહસ્ય છે તે જાણવાનો હતો, અને ઇન્સાનો ફસાદ અને ખુનામરકી ફેલાવશે એની જાણ યા તો તેઓને અલ્લાહ પાકે આપી હોય અથવા તેઓએ લૌહે મહફૂઝમાંથી જાણ્યું હોય અથવા મનુષ્યો પહેલાં જમીનમાં જિન્નાતોએ ફસાદ ફેલાવ્યો હતો તેના પરથી અંદાજ કાઢયો હોય.

૫૫. ફરમાવ્યું, મને ખબર છે જે તમે નથી જાણતા, એટલે કે મારી હિકમતો તમારા પર જાહેર નથી, વાત એમ છે કે ઇન્સાનોમાં પયગમ્બરો પણ થશે, અવલિયા અને આલિમો પણ થશે, અને તેઓ ઇલ્મી અને અમલી બન્ને વિશેષતાઓને એકત્ર કરશે.

૫૬. અને અલ્લાહ તઆલાએ આદમને તમામ વસ્તુઓનાં નામો શિખવ્યાં, એટલે કે અલ્લાહ તઆલાએ તમામ વસ્તુઓ અને નામવાળી તમામ ચીજો હઝરત આદમ લયહિસ્સલામ સામે રજુ કરી આપને તેમના નામો, ગુણો અને કાર્યો તેમજ એમની વિશિષ્ટતાઓ, જ્ઞાન અને બનાવટના નિયમો ઇલ્હામી તરીકાથી શિખવ્યા.

૫૭. સાચા હોઉ તો આનાં નામો તો બતાવો, અર્થાત જો તમે પોતાના એ ખ્યાલમાં સાચા હોવ કે હું

કોઇ મખ્લૂક તમારાથી વધારે જ્ઞાની પેદા નહિ કરૂં અને નાયબ બનવાના તમે જ હકદાર છો તો આ વસ્તુઓનાં નામો બતાવો, કારણ કે નાયબનું કામ સત્તાનો ઉપયોગ અને કાર્યો પદ્ધતિસર કરવાનું તેમજ ન્યાય કરવાનું છે, અને એ ત્યાં સુધી શક્ય નથી કે જ્યાં સુધી નાયબ - ખલીફાને તમામ વસ્તુઓનું જ્ઞાન ન હોય કે જે વસ્તુઓ પર તેને સત્તા સોંપવામાં આવી છે, અને જેમનો એને ફેંસલો કરવાનો છે.

**મસઅલો** : અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામને ઇલ્મના કારણે ફરિશ્તાઓ કરતાં શ્રેષ્ઠ જાહેર કર્યા, એનાથી સાબિત થયું કે ઇલ્મ (ભલે પછી તે ઇલ્મે અશયા) હોય એકાંતની ઇબાદતથી બેહતર છે. (કારણ કે ફરિશ્તાઓ એકાંતમાં ઇબાદત કરતા હોવા છતાં ઇલ્મે અશયાના અભાવે હઝરત આદમ કરતાં પાછળ રહ્યા.)

**મસઅલો** : આ આયતથી એ પણ જાહેર થયું કે અમ્બિયા અલયહિમુસ્સલામ ફરિશ્તાઓ કરતાં અફઝલ છે.

૫૮. આ આયતમાં ફરિશ્તાઓના જવાબનો ઉલ્લેખ છે કે અમો એ વિશે કંઇ જ જાણતા નથી, અમે તો તારી પવિત્રતા બોલવાનું શિખ્યા છીએ અને તુ જ ઇલ્મ હિકમતવાળો છે. એટલે કે ફરિશ્તાઓએ પોતાની લાચારીનો સ્વીકાર કરી લીધો, અને એનાથી જાહેર થાય છે કે તેઓએ જે વિનંતી કરી હતી તે વાંધાવચકા કાઢવા માટે નહીં પણ જાણવા માટે હતી, હવે તેઓને ઇન્સાનની પયદાઇશનું રહસ્ય અને તેની બુઝુર્ગી માલૂમ થઇ ગઇ જે પહેલાં તેઓ જાણતા ન હતા.

૫૯. પછી જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામે દરેક વસ્તુનું નામ અને તેની પેદાઇશની હિકમત (રહસ્ય) બતાવી દીધું.

૬૦. હું જાણું છું જે કંઇ તમે જાહેર કરો છો અને જે કંઇ છુપાવો છો, ફરિશ્તાઓએ જે વાત જાહેર કરી હતી તે એ હતી કે ઇન્સાન જમીનમાં ફસાદ અને ખુનામરકી ફેલાવશે, અને જે વાત છુપાવી હતી તે એ હતી કે ખિલાફતની પદવીને પાત્ર તેઓ પોતે જ છે, અને તેઓથી વધારે જ્ઞાની અને શ્રેષ્ઠ બીજી કોઇ મખ્લૂક ખુદા પાક પેદા કરશે નહીં.

**મસઅલો** : આ આયતથી ઇન્સાનની શ્રેષ્ઠતા ઇલ્મની બુઝુર્ગી સાબિત થઇ, અને એ પણ કે અલ્લાહ તઆલા તરફથી તાલીમનો સંબંધ જોડવો સહીહ છે, જો કે અલ્લાહ પાકને મુઅલ્લિમ (શિક્ષક) કહી શકતા નથી, કારણ કે મુઅલ્લિમ (શિક્ષક)નો શબ્દ ધંધાદારી તાલીમ આપનાર માટે વપરાય છે.

**મસઅલો** : એનાથી એ પણ સાબિત થયું કે તમામ ભાષાઓ અને શબ્દકોશો અલ્લાહ પાક તરફથી છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે ફરિશ્તાઓના ઇલ્મમાં અને કમાલાતમાં વૃદ્ધિ થાય છે.

૬૧. અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામને તમામ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓના નમૂના અને રૂહાની તેમજ જિસ્માની આલમ (ભૌગોલિક અને આધ્યાત્મિક) જગતના એકત્રીકરણરૂપ બનાવ્યા. અને ફરિશ્તાઓ માટે વિશિષ્ટતાઓ હાંસલ કરવાનો વસીલો બનાવ્યા. તેથી તેમને આદેશ આપ્યો કે હઝરત આદમનો સિજદો કરે, કારણ કે એનાથી આભાર પ્રદર્શિત અને હઝરત આદમ અલયહિસ્સલામની શ્રેષ્ઠતાનો સ્વીકાર અને પોતાના વકતવ્યની દિલસોજી માલૂમ પડે છે.

અમુક મુફસ્સિરોનું મંતવ્ય છે કે હઝરત આદમ અલયહિસ્સલામને પેદા કરતાં પહેલાં જ સિજદાનો હુકમ થયો હતો, તેઓનો આધાર આ આયત છે 'ફઇઝા સવ્વયતુહુ વનફખ્તુ ફીહી મિર્રૂહી ફકઉ લહૂ સાજિદીન' પછી મેં તેને (આદમને) બરાબર બનાવ્યો અને તેમાં મારી રૂહ (ફૂંકી તો તેના માટે તેઓ

(ફરિશ્તાઓ) સિજદામાં પડી ગયા). (બયઝાવી)

સિજદાનો આદેશ બધા જ ફરિશ્તાઓને આપવામાં આવ્યો હતો, એ જ વધારે ખરૂં છે. (ખાઝિન)

**મસઅલો** : સિજદો બે પ્રકારનો છે એક સિજદએ ઇબાદત જેનાથી જેને સિજદો કરવામાં આવે તેની પૂજા ઇબાદત કરવાની નિય્યત હોય છે, બીજો સજદએ તહિય્યત જેનાથી જેને સિજદો કરવામાં આવે તેની તાઝીમ કરવાની નિય્યત હોય છે, નહિ કે ઇબાદત.

**મસઅલો** : સિજદએ ઇબાદત ખાસ અલ્લાહ તઆલા માટે જ છે, બીજા કોઇના માટે થઇ શકે નહિ, અને ન તો કોઇ શરીઅતમાં કદી બીજાના માટે જાઇઝ થયો છે. અહીં જે મુફસ્સિરો સિજદએ ઇબાદત ધારે છે તેઓનું કહેવું છે કે સિજદો તો અલ્લાહ માટે જ હતો, પણ હઝરત આદમને કિબ્લો બનાવવામાં આવ્યા હતા, તો તેમના તરફ સિજદો કરાયો હતો, ન કે તેમના માટે, પણ આ મંતવ્ય કમઝોર છે. કારણ કે તે સિજદા દ્વારા હઝરત આદમ અલયહિસ્સલામની ફઝીલત અને બુઝુર્ગી જાહેર કરવાની હતી, તો તે ત્યારે જ થાય કે જ્યારે હઝરત આદમને જ સિજદો કરવામાં આવે, અને તેમનું મંતવ્ય જો બરાબર માનવામાં આવે તો એ વાત પ્રાપ્ત થતી નથી. કારણ કે જેના તરફ સિજદો કરવામાં આવે તે સિજદો કરનાર કરતાં શ્રેષ્ઠ હોય એવું જરૂરી નથી. જેવી રીતે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કાબા શરીફ કરતાં અફઝલ હોવા છતાં સિજદો કાબા શરીફ તરફ કરતાં હતા.

અને બીજું મંતવ્ય એ છે કે સિજદાએ તહિય્યત હતો, ન કે સિજદએ ઇબાદત, અને ખાસ હઝરત આદમ અલયહિસ્સલામ માટે હતો, જમીન પર પેશાની મૂકીને કરવામાં આવ્યો હતો, ન કે ફક્ત નમવામાં આવ્યુ હતું, આજ ખરૂં મંતવ્ય અને એના ઉપર જ મોટા ભાગના ઉલમા છે. (મદારિક)

**મસઅલો** : સિજદએ તહિય્યત પહેલાંની શરીઅતોમાં જાઇઝ હતો, આપણી શરીઅતમાં મન્સૂખ કરવામાં આવ્યો, હવે કોઇના પણ માટે જાઇઝ નથી, કારણ કે જ્યારે હઝરત સલ્માન રદીયલ્લાહુ અન્હૂએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સિજદો કરવાનો ઇરાદો કર્યો ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે મખ્લૂકે અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇને સિજદો કરવો જોઇએ નહીં. (મદારિક)

સહુ પ્રથમ હઝરત આદમને સિજદો કરનારાઓમાં હઝરત જિબ્રઇલ હતા, પછી મીકાઇલ પછી ઇસરાફીલ પછી ઇઝરાઇલ અને મલાઇકએ મુકર્રબીન, આ સિજદો જુમ્આના દિવસે ઝવાલના સમયથી અસરના વખત સુધી કરવામાં આવ્યો, એક મંતવ્ય અનુસાર ખાસ ફરિશ્તાઓ ૧૦૦ વર્ષ અને બીજા મંતવ્ય મુજબ ૫૦૦ વર્ષ સુધી સિજદામાં રહ્યા, શયતાને સિજદો ન કર્યો અને ઘમંડમાં ને ઘમંડમાં એ જ વિચારતો રહ્યો કે તે પોતે હઝરત આદમ કરતાં અફઝલ છે, અને તેના માટે સિજદાનો હુકમ હિકમત વિરૂદ્ધની વાત છે (ખુદાની પનાહ) આ બાતિલ અકીદાને કારણે તે કાફિર થઇ ગયો.

**મસઅલો** : આ આયતમાં એ વાત તરફ ઇશારો છે કે હઝરત આદમ ફરિશ્તાઓ કરતાં અફઝલ છે કારણ કે ફરિશ્તાઓ પાસે તેમને સિજદો કરાવવામાં આવ્યો.

**મસઅલો** : ઘમંડ ઘણી ખરાબ વસ્તુ છે. એનાથી ઘણા વખત ઘમંડી કુફ્ર સુધી પહોંચી જાય છે. (બયઝાવી - જુમલ)

૬૨. પણ પેલા ઝાડ પાસે ન જશો, એનાથી ઘઉં અથવા દ્રાક્ષ વિગેરે ધારવામાં આવે છે.

૬૩. કે હદથી વધી જનારાઓમાં થઇ જશો, આયતમાં 'ઝાલિમીન' નો શબ્દ છે, ઝુલ્મનો અર્થ છે કોઇ વસ્તુને અસ્થાને મૂકવી, આની મનાઇ છે, અને અમ્બિયા માસૂમ છે તેઓથી ગુનાહ થઇ શકે નહીં. અહીં

**જન્નતથી અને જ્યાં રહેતાં હતાં ત્યાંથી તેમને અલગ કરી દીધાં,[૬૪] અને અમે ફરમાવ્યું, નીચે ઉતરો[૬૫] અંદરો અંદર એક તમારો બીજાનો દુશ્મન, અને તમને એક સમય સુધી જમીનમાં રહેવાનું અને વર્તવાનું છે[૬૬] (૩૬) પછી શીખી લીધા આદમે પોતાના રબ પાસેથી અમુક વાક્યો તો અલ્લાહે તેની તવબહ સ્વીકારી,[૬૭] બેશક ! તેજ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેરબાન (૩૭) અમે ફરમાવ્યું, તમે બધા જન્નતથી ઉતરી જાવ, પછી જો તમારી પાસે મારા તરફથી કોઇ હિદાયત આવે તો જે મારી હિદાયત પર ચાલ્યો તેને ન કંઇ ફિકર ન કંઇ દુ:ખ[૬૮] (૩૮) અને તે જેઓ કુફ્ર કરશે અને મારી આયતોને જૂઠી ઠેરવશે તેઓ દોઝખવાળાઓ છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું છે. (૩૯) અય યાકૂબની ઔલાદ[૬૯] ! યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યું[૭૦] અને મારો વાયદો પુરો કરો હું તમારો વાયદો પુરો કરીશ[૭૧] અને ખાસ મારો જ ડર રાખો[૭૨] (૪૦) અને ઇમાન લાવો તેના પર જે મેં ઉતાર્યું તેને સાચુ ઠેરવતું જે તમારી સાથે છે અને સર્વપ્રથમ એને નકારનાર ન બનો.[૭૩] અને મારી આયતોને બદલે થોડું વળતર ન લો.[૭૪] અને મારાથી જ ડરો (૪૧) અને સત્ય સાથે જૂઠ ન ભેળવો અને જાણી**

اهْبِطُوا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۖ وَلَكُمْ فِي الْأَرْضِ
مُسْتَقَرٌّ وَمَتَاعٌ إِلَىٰ حِينٍ ﴿٣٦﴾ فَتَلَقَّىٰ آدَمُ مِن رَّبِّهِ
كَلِمَاتٍ فَتَابَ عَلَيْهِ ۚ إِنَّهُ هُوَ التَّوَّابُ الرَّحِيمُ ﴿٣٧﴾
قُلْنَا اهْبِطُوا مِنْهَا جَمِيعًا ۖ فَإِمَّا يَأْتِيَنَّكُم مِّنِّي هُدًى
فَمَن تَبِعَ هُدَايَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٣٨﴾
وَالَّذِينَ كَفَرُوا وَكَذَّبُوا بِآيَاتِنَا أُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۖ
هُمْ فِيهَا خَالِدُونَ ﴿٣٩﴾ يَا بَنِي إِسْرَائِيلَ اذْكُرُوا نِعْمَتِيَ
الَّتِي أَنْعَمْتُ عَلَيْكُمْ وَأَوْفُوا بِعَهْدِي أُوفِ بِعَهْدِكُمْ
وَإِيَّايَ فَارْهَبُونِ ﴿٤٠﴾ وَآمِنُوا بِمَا أَنزَلْتُ مُصَدِّقًا لِّمَا
مَعَكُمْ وَلَا تَكُونُوا أَوَّلَ كَافِرٍ بِهِ ۖ وَلَا تَشْتَرُوا بِآيَاتِي
ثَمَنًا قَلِيلًا وَإِيَّايَ فَاتَّقُونِ ﴿٤١﴾ وَلَا تَلْبِسُوا الْحَقَّ

ઝુલ્મ ખિલાફે ઊલા (બિન શ્રેષ્ઠ)ના અર્થમાં છે.

**મસઅલો** : અમ્બિયા અલયહિમુસ્સલામને ઝાલિમ કહેવા ગુસ્તાખી અને કુફ્ર છે, જે કહેશે તે કાફિર થઇ જશે, અલ્લાહ તઆલા માલિક અને મવલા છે જે ચાહે તે કહે, એમાં તેમની ઇજ્જત છે, બીજાની શું હિમ્મત કે અદબ વિરૂદ્ધ વાત જબાન પર લાવે, અને અલ્લાહના સંબોધનને પોતાની નિડરતા માટે આધાર બનાવે, આપણને તઅઝીમ - અદબ અને ઇતાઅતનો હુકમ કર્યો છે, આપણા માટે એજ જરૂરી છે.

૬૪. અને જ્યાં રહેતાં હતાં ત્યાંથી તેમને અલગ કરી દીધાં, શયતાને કોઇ રીતે હઝરત આદમ અને હવ્વા (અલયહિમુસ્સલામ) પાસે જઇને કહ્યું. હું તમને શજરે ખુલ્દ બતાવી દઉં (જેનું ફળ ખાધા પછી કદી જન્નતમાંથી નીકળવાનું થાય નહિ. તેનું નામ શજરે ખુલ્દ) હઝરત આદમ અલયહિસ્સલામે ના કહ્યું, તેણે કસમ ખાઇને કહ્યું કે હું તારો શુભેચ્છક છું. વિચાર કર્યો કે અલ્લાહના નામની જૂઠી કસમ કોણ ખાઇ શકે છે ? એ ખ્યાલથી હઝરત હવ્વાએ તેમાંથી થોડુંક ખાધું, પછી હઝરત આદમને આપ્યું, આપે પણ ખાધું. હઝરત આદમે ખ્યાલ કર્યો કે 'લા તકરબા' (નજીક ન જશો)ના હુકમમાં મામૂલી મનાઇ (નફી તન્ઝીહી) છે. બહુ ભારે સખ્ત મનાઇ (નહી તહરીમી) નથી, જો તેઓ સખ્ત મનાઇ સમજ્યા હોત તો કદી એવું કરત નહિ, કારણ કે પયગમ્બરો માસૂમ હોય છે, અહીં હઝરત આદમની ઇજતિહાદી ખતા (સમજફેર) થઇ, અને ઇજતિહાદી ખતામાં ગુન્હો થતો નથી.

૬૫. અને અમે ફરમાવ્યું, નીચે ઉતરો! હઝરત આદમ અને હવ્વા તેમજ આપના વંશને જે આપની પીઠમાં હતો તે બધાને જન્નતમાંથી જમીન પર જવાનો હુકમ થયો. હઝરત આદમ હિન્દુસ્તાનની ધરતીમાં

સરાંદીપ (શ્રીલંકા)ના પર્વતો પર અને હઝરત હવ્વા જિદ્દામાં ઉતારવામાં આવ્યા. (ખાઝીન) હઝરત આદમની બરકતથી જમીનનાં ઝાડોમાં પવિત્ર સુગંધ પેદા થઇ ગઇ. (રૂહુલ બયાન)

૬૬. તમને એક સમય સુધી જમીનમાં રહેવાનું અને વર્તવાનું છે. આનાથી જિંદગી પુરી થતાં સુધી એટલે કે મોતનો સમય મુરાદ છે, આમાં હઝરત આદમ અલયહિસ્સલામને ખુશખબર છે કે તેઓને મોતના સમય સુધી જ જમીન પર રહેવાનું છે. ત્યારબાદ જન્નતમાં પરત જવાનું છે, અને આપની ઔલાદ માટે આમાં ઇશારો છે કે દુનિયાની જિંદગી ચોક્કસ સમય સુધીની છે, જિંદગી પુરી થયા પછી તેઓને આખેરત તરફ પ્રયાણ કરવાનું છે.

૬૭. તો અલ્લાહે તેની તવબહ સ્વીકારી, આદમ અલયહિસ્સલામે જમીન પર આવ્યા પછી ૩૦૦ વર્ષ સુધી હયાના કારણે આસ્માન તરફ માથું ન ઉઠાવ્યું. જો કે હઝરત દાવૂદ અલયહિસ્સલામ ખૂબ રડનાર હતા. તેમનાં આંસુઓ તમામ ધરતી પર રહેનારાઓના આંસુઓ કરતાં વધારે છે, પણ હઝરત આદમ અલયહિસ્સલામ એટલું રડયા કે આપના આંસુઓ હઝરત દાવૂદ અલયહિસ્સલામ અને સમગ્ર ધરતી પર રહેનારાઓના આંસુઓ કરતાં પણ વધી ગયાં. (ખાઝિન)

તિબરાની અને હાકીમે તેમજ અબૂનઇમ અને બયહકીએ હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત બયાન કરી છે કે જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામ પર ઇતાબ થયો ત્યારે આપ તવબહની ફિકરમાં હેરાન હતા, આવી પરેશાનીના સમયે યાદ આવ્યું કે પેદાઇશ વખતે મેં માથું ઊંચુ કરીને જોયું હતું કે અર્શ પર લખેલું છે 'લાઇલાહ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ' હું સમજી ગયો હતો કે બારગાહે ઇલાહીમાં તે મરતબો કોઇને મળ્યો નથી જે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મળ્યો છે. અલ્લાહ તઆલાએ તેમનું નામ પોતાના નામની સાથે અર્શ પર લખ્યું છે, માટે આપે પોતાની દુઆમાં 'રબ્બના ઝલમ્ના અન્ફુસના' વાળી આયત પછી આ પ્રમાણે વિનંતી કરી 'અસ્અલુક બિહક્કે મુહમ્મદિન અન તગફિરલી' (અય અલ્લાહ ! હું મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલાથી તને વિનંતી કરૂં છું કે મને માફ કરી દે) ઇબ્ને મન્ઝૂરે જે રિવાયત બયાન કરી છે તેમાં આ શબ્દો છે 'અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક બિજાહિ મુહમ્મદિન અબ્દુક વકરામતૂહી અલૈક વઅન તગફિરલી ખતીઅતી' (અય અલ્લાહ ! હું તારા બન્દા મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને તેઓની તારા દરબારમાં જે ઇજ્જત છે એના વસીલાથી તારા પાસે દુઆ કરૂં છું કે મારી ખતા માફ કરી દે) આ દુઆ કરતાંની સાથે જ અલ્લાહ તઆલા તેમને માફ કરી દીધા.

**મસઅલો** : આ રિવાયતથી સાબિત થયું કે અલ્લાહના મકબૂલ બન્દાઓના વસીલાથી બહક્કે... અને બજાહે.... પછી તે બુઝુર્ગનું નામ લઇ દુઆ માંગવી જાઇઝ છે અને હઝરત આદમ અલયહિસ્સલામની સુન્નત છે.

**મસઅલો** : અલ્લાહ તઆલા પર કોઇનો હક વાજિબ નથી. પણ તે પોતાના મકબૂલ બન્દાઓને પોતાના ફઝલો કરમથી હક આપે છે. બહક્કે.... ના આ અર્થમાં જ દુઆ કરવામાં આવે છે, સહીહ હદીષોથી આ પ્રમાણેનો હક્ક સાબિત થાય છે, જેમકે હદીષ શરીફમાં આવ્યું છે 'મન આમન બિલ્લાહી વ રસૂલેહી વઅકામસ્સલાત વસામ રમઝાન કાન હક્કન અલ્લલ્લાહિ અંય યદખુલલ જન્નત' (જે અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવ્યો અને નમાઝ કાયમ કરી અને રમઝાનના રોઝા રાખ્યા તો અલ્લાહ પર હક છે કે તેને જન્નતમાં દાખલ કરે)

હઝરત આદમ અલયહિસ્સલામની તવબહ દસમી મોહર્રમના દિવસે કબૂલ થઇ, જન્નતમાંથી ઉતરતા

સમયે બીજી નેઅમતોની સાથે અરબી ભાષા પણ આપની પાસેથી ખેંચી લેવામાં આવી હતી (ભૂલાવી દેવામાં આવી) અને એના બદલે આપની મુબારક જબાન પર સિરયાની ભાષા ચાલુ કરી દેવામાં આવી હતી, તવબહ કબૂલ થયા પછી ફરી અરબી ભાષા આપવામાં આવી. (ફત્હુલ અઝીઝ)

**મસઅલો** : તવબહમાં મૂળ વસ્તુ અલ્લાહ પાક તરફ સંપૂર્ણ રીતે ધ્યાન કેન્દ્રિત કરવું એ છે, એના ત્રણ ભાગ છે. એક ગુનાહનો એકરાર, બીજો શરમિંદગી - દિલગીરી અને ત્રીજો તે કાર્ય હવે પછી નહિ કરવાનો પાકો નિર્ધાર, અને જો ગુનોહ પૂર્તિ કરવા જેવો હોય તો પૂર્તિ કરવી પણ જરૂરી છે. જેમકે નમાઝ છોડી દેનારની તવબહ માટે પાછળની નમાઝોની કઝા કરવી પણ જરૂરી છે.

તવબહ પછી જમીનના તમામ જાનવરોમાં હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામે હઝરત આદમ અલય-હિસ્સલામની ખિલાફતનું એલાન કર્યું અને બધાં પર હઝરત આદમ અલયહિસ્સલામની તાબેદારી જરૂરી હોવાનો હુકમ સંભળાવ્યો, બધાએ તાબેદારી સ્વીકારવાની કબૂલાત આપી, (ફત્હુલ અઝીઝ)

૬૮. તો જે મારી હિદાયતો પર ચાલ્યો ન તેને કંઇ ફિકર ન કંઇ દુ:ખ, આ સાચા મુઅમિનો માટે ખુશ ખબર છે. ન તેમને ફઝએ અકબર (બીજુ સૂર) વખતે કંઇ ફિકર ન આખેરતમાં દુ:ખ તેઓ કોઇપણ જાતના ગમ વગર જન્નતમાં પ્રવેશશે.

૬૯. યા બની ઇસરાઇલ અર્થાત અય યાકૂબની ઔલાદ ! ઇસરાઇલનો અર્થ અબ્દુલ્લાહ થાય છે, હિબ્રુ ભાષાનો શબ્દ છે, અને હઝરત યાકૂબ અલયહિસ્સલામનો લકબ છે.

કલ્બી મુફસ્સિરે કહ્યું, પ્રથમ અલ્લાહ પાકે 'યા અય્યુહન્નાસુ અબુદૂ' (ત્રીજો રૂકૂઅ) અર્થાત અય લોકો ! અલ્લાહની ઇબાદત કરો ! ફરમાવીને તમામ મનુષ્યોને સામાન્ય રીતે તેની ઇબાદત કરવાનું નિમંત્રણ આપ્યું. પછી 'વઇઝકાલ રબ્બુક' (ચોથો રૂકૂઅ) અર્થાત આદમ અલયહિસ્સલામની પેદાઇશનું બયાન કરીને ઇન્સા-નોના જન્મનું બયાન કર્યું. અને ત્યાર બાદ અહીં યા બની ઇસરાઇલ ફરમાવીને ખાસ કરીને બની ઇસરા-ઇલને ઇસ્લામ સ્વીકારવાની દાવત આપી, એ લોકો યહૂદી છે, અને અહીંથી સયકુલ સુધી એમને જ સંબોધન કરવામાં આવ્યું છે, કદીક નરમીથી ઇન્આમો યાદ અપાવીને દાવત આપવામાં આવે છે, કદીક ડરાવવામાં આવે છે, કદીક દલીલ કાયમ કરવામાં આવે છે, કદીક તેમના ખરાબ કૃત્યો માટે ધમકાવવામાં આવે છે. કદીક જે સજાઓ તેમને પહેલાં મળી હતી તેની ચર્ચા કરવામાં આવે છે.

૭૦. યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યુ, કે તમારા પૂર્વજોને ફિરઔનથી છુટકારો આપ્યો, નદીમાં તિરાડો પાડી, વાદળને છાંયડો આપનાર કર્યું, એ સિવાય બીજા ઉપકારો જે આગળ આવે છે તે યાદ કરો, અને યાદ કરવું એ છે કે ખુદાની ઇતાઅત અને બન્દગી કરીને તેનો આભાર પ્રદર્શિત કરો. કારણ કે કોઇ નેઅમતનો આભાર ન માનવો એ જ તેને ભૂલી જવા જેવું છે.

૭૧. અને મારો વાયદો પુરો કરો હું તમારો વાયદો પુરો કરીશ, અર્થાત તમે ઇમાન લાવીને અને હુકમને માન આપીને મારો વાયદો પુરો કરો, હું બદલો તેમજ સવાબ આપીને મારો વાયદો પુરો કરીશ, આ વાયદાનું બયાન વલકદ અખઝલ્લાહુ મીષાક બની ઇસરાઇલ વાળી આયતમાં છે.

૭૨. અને ખાસ મારો જ ડર રાખો,

**મસઅલો** : આ આયતમાં નેઅમતનો શુક્ર કરવો તેમજ વાયદો વફા કરવો એ વાજિબ હોવાનું બયાન છે. અને એ વાતનું પણ કે મોમિને ખુદા સિવાય કોઇથી પણ ડરવું જોઇએ નહીં.

૭૩. અને સર્વપ્રથમ એને નકારનાર ન બનો, એટલે કે કુરઆને પાક પર અને તવરાત તથા ઇન્જીલ

بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَأَنْتُمْ تَعْلَمُونَ ﴿٤٢﴾ وَأَقِيمُوا
الصَّلٰوةَ وَآتُوا الزَّكٰوةَ وَارْكَعُوا مَعَ الرَّاكِعِينَ ﴿٤٣﴾
أَتَأْمُرُونَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ أَنْفُسَكُمْ وَأَنْتُمْ
تَتْلُونَ الْكِتٰبَ أَفَلَا تَعْقِلُونَ ﴿٤٤﴾ وَاسْتَعِينُوا بِالصَّبْرِ
وَالصَّلٰوةِ وَإِنَّهَا لَكَبِيرَةٌ إِلَّا عَلَى الْخٰشِعِينَ ﴿٤٥﴾ الَّذِينَ
يَظُنُّونَ أَنَّهُمْ مُلٰقُوا رَبِّهِمْ وَأَنَّهُمْ إِلَيْهِ رٰجِعُونَ ﴿٤٦﴾
يٰبَنِي إِسْرَآءِيلَ اذْكُرُوا نِعْمَتِيَ الَّتِي أَنْعَمْتُ عَلَيْكُمْ
وَأَنِّي فَضَّلْتُكُمْ عَلَى الْعٰلَمِينَ ﴿٤٧﴾ وَاتَّقُوا يَوْمًا لَا تَجْزِي
نَفْسٌ عَنْ نَفْسٍ شَيْئًا وَلَا يُقْبَلُ مِنْهَا شَفَاعَةٌ وَلَا
يُؤْخَذُ مِنْهَا عَدْلٌ وَلَا هُمْ يُنْصَرُونَ ﴿٤٨﴾ وَإِذْ نَجَّيْنٰكُمْ
مِنْ آلِ فِرْعَوْنَ يَسُومُونَكُمْ سُوءَ الْعَذَابِ يُذَبِّحُونَ

**જોઇને સત્ય ન છુપાવો (૪૨) અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને રૂકૂઅ કરનારાઓ સાથે રૂકૂઅ કરો[૭૫] (૪૩) શું લોકોને હુકમ કરો છો ભલાઇનો અને પોતાની જાતોને ભૂલો છો, તમે કિતાબ પઢો છો છતાં, તો શું તમને અક્કલ નથી[૭૬] (૪૪) અને સબ્ર અને નમાઝથી મદદ ચાહો, અને બેશક ! નમાઝ જરૂર ભારે છે પણ તેઓ પર (ભારે નથી) જેઓ દિલથી મારા તરફ નમે છે[૭૭] (૪૫) જેઓને યકીન છે કે તેમને પોતાના રબને મળવું છે અને તેના જ તરફ પરત થવું (છે)[૭૮] (૪૬) અય યાકૂબની ઔલાદ ! યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યું અને એ કે સમગ્ર સમય પર તમને મોટાઇ આપી[૭૯] (૪૭) અને ડરો તે દિવસથી જે દિવસે કોઇ જીવ બીજાનો બદલો નહિ થઇ શકે[૮૦] અને ન કાફિર માટે કોઇ ભલામણ માનવામાં આવે અને ન કંઇક લઇને તેનો જીવ છોડવામાં આવે અને ન તેમની મદદ થઇ શકે[૮૧] (૪૮) અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી છુટકારો આપ્યો[૮૨] કે તમારા પર ખરાબ અઝાબ કરતા હતા[૮૩] તમારા બેટાઓને કાપી નાખતા**

પર જે તમારી સાથે છે તેના પર ઇમાન લાવો, અને અહલે કિતાબમાં પ્રથમ કાફિર ન બનો, કે જેથી તમારા અનુકરણમાં જે કાફિર બને તેનો ભાર તમારા માથે આવે.

૭૪. અને મારી આયતોને બદલે થોડું વળતર ન લો, આ આયતોથી તવરાત અને બાઇબલની તે આયતો મુરાદ છે જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વખાણ અને ગુણોનું બયાન છે, મતલબ એ છે કે હુઝૂરના વખાણ દુનિયાની દોલત ખાતર ન છુપાવો, કારણ કે દુનિયવી દોલત આખિરતની નેઅમતો સામે ઘણી જ થોડી છે.

**શાને નુઝૂલ :** આ આયત કઅબ બિન અશરફ અને યહૂદીઓના બીજા સરદારો અને આલિમો વિશે ઉતરી, જેઓ પોતાની કોમના જાહિલો અને નાલાયકો પાસેથી પૈસા મેળવતા હતા, અને તેઓએ તેમના માલો, ફળો, તેમજ રોકડમાં પોતાના સાલીયાણા અને ચોક્કસ ભાગો નક્કી કરી રાખ્યા હતા, તેઓને લાગ્યું કે તવરાતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જે તારીફ છે તેને જો જાહેર કરીશું તો લોકો હુઝૂર પર ઇમાન લઇ આવશે, અને પોતાને કોઇ પૂછનાર રહેશે નહીં, અને આ બધા લાભો જતા રહેશે, એટલા માટે તેઓએ પોતાની કિતાબોમાં ફેરફાર કરી નાખ્યા અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તારીફને બદલી નાખી, જ્યારે લોકો તેમને પૂછતા કે તવરાતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શું તારીફ છે ? ત્યારે તે લોકો એને છુપાવતા અને હરગિઝ જાહેર કરતા ન હતા, ત્યારે આ આયત ઉતરી. (ખાઝિન, વિ.)

૭૫. અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને રૂકૂઅ કરનારાઓ સાથે રૂકૂઅ કરો, આ આયતમાં નમાઝ અને ઝકાત ફર્ઝ હોવાનું બયાન છે, અને એ તરફ પણ ઇશારો છે કે નમાઝને તેના

અરકાનની હિફાઝત તેમજ તેના હક્કોની દેખભાળ સાથે અદા કરો, અને જમાઅત તરફ પણ ધ્યાન દોર્યું છે.

**મસઅલો** : હદીષ શરીફમાં છે કે જમાઅત સાથે નમાઝ પઢવી એકલા નમાઝ પઢવા કરતાં સત્તાવીસ ગણો સવાબ ધરાવે છે.

૭૬. તો શું તમને અક્કલ નથી? **શાને નુઝૂલ :** યહૂદી આલિમોને તેમના મુસલમાન સગાસંબંધીઓએ ઇસ્લામ ધર્મ વિશે પૂછપરછ કરી, તો તેમણે કહ્યું કે તમે એ ધર્મ પર કાયમ રહો, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ધર્મ બરહક અને કલામ સત્ય છે, ત્યારે આ આયત ઉતરી.

એક મંતવ્ય એવું છે કે આ આયત તે યહૂદીઓ વિશે ઉતરી જેઓએ મક્કાના મુશ્રિકોને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જાહેર થવાની ખબર આપી હતી, અને હુઝૂરની ફરમાંબરદારી કરવાનો ઉપદેશ આપ્યો હતો, પછી જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જાહેર થયા ત્યારે આ ઉપદેશ આપનાર પોતે જ ઇર્ષાથી કાફિર થઇ ગયા, ત્યારે એમને આ આયતથી ધમકાવવામાં આવ્યા. (ખાઝિન, મદારિક)

૭૭. અને સબ્ર અને નમાઝથી મદદ ચાહો, એટલે કે પોતાની હાજતોમાં સબ્ર અને નમાઝથી મદદ ચાહો. સુબ્હાનલ્લાહ! કેવી પવિત્ર તાલીમ છે, સબ્ર એટલે કે ધીરજ, મુસીબતોનો અખલાકી મુકાબલો (સંસ્કારિક સંઘર્ષ) છે, મનુષ્ય ન્યાય, સંકલ્પ અને સત્ય પર અટલ રીતે એના વગર જામેલો રહી શકતો નથી, સબ્રના ત્રણ પ્રકાર છે, (૧) દુઃખ અને મુસીબત ટાણે પોતાની જાતને એ બાબત જાહેર કરવાથી રોકવી (૨) અલ્લાહની ફરમાંબરદારી અને ઇબાદતના કષ્ટો વેઠવામાં અટલ રહેવું (૩) ગુનાહના કાર્ય તરફ આકર્ષ-વાથી સ્વભાવને રોકવો.

અમુક તફસીર કરનારાઓએ અહીં સબ્રનો મતલબ રોઝા બયાન કર્યા છે, એ પણ સબ્રની જ શાખા છે. આ આયતમાં સંકટ સમયે નમાઝથી મદદ લેવાની તાલીમ પણ આપી છે, કારણ કે નમાઝમાં શરીર અને નફસ દ્વારા થતી ઇબાદતોનું એકત્રીકરણ થયું છે, અને નમાઝમાં અલ્લાહની નજદીકી પ્રાપ્ત થાય છે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અગત્યના કાર્યોના આગમન સમયે નમાઝમાં મશ્ગૂલ થઇ જતા હતા, આ આયતમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે સાચા મોમિનો સિવાય બીજાઓને નમાઝ એક ભારરૂપ લાગે છે.

૭૮. જેઓને યકીન છે કે તેઓને પોતાના રબને મળવું છે, અને તેના જ તરફ પરત થવું છે, તેઓને આ આયતમાં ખુશખબર છે કે મોમિનોને આખેરતમાં દીદારે ઇલાહીની દોલત નસીબ થશે.

૭૯. સમગ્ર સમય પર તમને મોટાઇ આપી, આયતમાં બની ઇસરાઇલને 'આલમીન' પર ફઝીલત આપવાનું બયાન છે, આલમીનના શબ્દની મુરાદ આદીથી અંત સુધીના સમયની નથી, પણ મતલબ એ છે કે તમારા વડવાઓને તેમના સમયમાં જે લોકો હતા તેમના પર મોટાઇ આપી, અથવા અમુક બાબતોમાં ફઝીલત - મોટાઇ આપવાનું મુરાદ છે, જે બીજી કોઇ ઉમ્મતની ફઝીલત માટે વાંધારૂપ નથી હોઇ શકતું, માટે ઉમ્મતે મુહમ્મદિયહ માટે ફરમાવવામાં આવ્યું 'કુન્તુમ ખયર ઉમ્મતિન' (તમો સર્વોત્તમ ઉમ્મત છો). (રૂહુલ બયાન જુમલ)

૮૦. અને ડરો તે દિવસથી જે દિવસે કોઇ જીવ બીજાનો બદલો નહિ થઇ શકે, તે દિવસ કયામતનો છે. આયતમાં 'નફસ' નો શબ્દ બે વાર આવ્યો છે, પહેલાંથી નફસે મોમિન અને બીજાથી કાફિર મુરાદ છે. (મદારિક)

૮૧. 'વલાહુમ યૂન્સરૂન' પછીથી રૂકૂઅના અંત સુધી ૧૦ નેઅમતોનું બયાન છે, જે આ

**હતા અને તમારી બેટીઓને જીવતી રાખતા હતા[૮૪] અને એમાં તમારા રબ તરફથી મોટી બલા હતી અથવા મોટું ઇનામ[૮૫] (૪૯) અને જ્યારે અમે તમારા માટે દરિયાને તિરાડો પાડી તો તમને બચાવી લીધા અને ફિરઔનવા-ળાઓને તમારી આંખોની સામે ડૂબાડી દીધા[૮૬] (૫૦) અને જ્યારે અમે મૂસાને ચાલીસ રાતનો વાયદો કર્યો પછી તેના પાછળ તમે વાછરડાની પૂજા શરૂ કરી દીધી અને તમે જાલિમ હતા[૮૭] (૫૧) ફરી ત્યાર બાદ અમે તમને માફી આપી[૮૮] કે ક્યાંક તમે ઉપકાર માનો[૮૯] (૫૨) અને જ્યારે અમે મૂસાને કિતાબ આપી અને હક અને બાતિલમાં ફેર કરી દેવું કે ક્યાંક તમે માર્ગ પર આવો (૫૩) અને જ્યારે મૂસાએ પોતાની કૌમને કહ્યું, અય મારી કૌમ ! તમે વાછરડુ બનાવીને પોતાના જીવો પર જુલ્મ કર્યો તો તમારા પેદા કરનાર તરફ કેન્દ્રિત થાઓ તો અંદરોઅંદર એકબીજાને કત્લ કરો[૯૦] અને તમારા પેદા કરનારના નજીક તમારા માટે સારૂં છે, તો તેણે તમારી તવબહ કબૂલ કરી, બેશક ! તે જ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેરબાન[૯૧] (૫૪) અને જ્યારે તમે કહ્યું, અય મૂસા ! અમે કદાપી તમારૂં યકીન નહીં કરીએ જ્યાં સુધી જાહેરમાં ખુદાને ન જોઇ લઇએ ! તો તમને**

الٓمٓ البقرة ٢

أَبْنَآءَكُمْ وَيَسْتَحْيُونَ نِسَآءَكُمْ وَفِي ذَٰلِكُم بَلَآءٌ مِّن
رَّبِّكُمْ عَظِيمٌ ﴿٤٩﴾ وَإِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَأَنجَيْنَاكُمْ
وَأَغْرَقْنَا آلَ فِرْعَوْنَ وَأَنتُمْ تَنظُرُونَ ﴿٥٠﴾ وَإِذْ وَاعَدْنَا
مُوسَىٰ أَرْبَعِينَ لَيْلَةً ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِن
بَعْدِهِ وَأَنتُمْ ظَالِمُونَ ﴿٥١﴾ ثُمَّ عَفَوْنَا عَنكُم مِّن بَعْدِ ذَٰلِكَ
لَعَلَّكُمْ تَشْكُرُونَ ﴿٥٢﴾ وَإِذْ آتَيْنَا مُوسَى الْكِتَابَ وَالْفُرْقَانَ
لَعَلَّكُمْ تَهْتَدُونَ ﴿٥٣﴾ وَإِذْ قَالَ مُوسَىٰ لِقَوْمِهِ يَا قَوْمِ
إِنَّكُمْ ظَلَمْتُمْ أَنفُسَكُم بِاتِّخَاذِكُمُ الْعِجْلَ فَتُوبُوا إِلَىٰ
بَارِئِكُمْ فَاقْتُلُوا أَنفُسَكُمْ ذَٰلِكُمْ خَيْرٌ لَّكُمْ عِندَ بَارِئِكُمْ
فَتَابَ عَلَيْكُمْ إِنَّهُ هُوَ التَّوَّابُ الرَّحِيمُ ﴿٥٤﴾ وَإِذْ
قُلْتُمْ يَا مُوسَىٰ لَن نُّؤْمِنَ لَكَ حَتَّىٰ نَرَى اللَّهَ جَهْرَةً

બની ઇસરાઇલના પૂર્વજોને મળી હતી.

૮૨. અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી છુટકારો આપ્યો, ફિરઔનવાળાઓ એટલે 'અમાલિકા' અને 'કિબ્તી' નામની કોમો, તે સમયે જે માણસ મિસરનો બાદશાહ બનતો તેને 'ફિરઔન' કહેતા હતા, હઝરત મૂસા અલયહિસ્સલામના સમયમાં ફિરઔનનું નામ વલીદ બિન મુર્સબ બિન રય્યાન હતું, આ આયતમાં તેનું જ બયાન છે. તેની ઉંમર ૪૦૦ વરસથી પણ વધારે થઇ હતી, આલે ફિરઔનનો મતલબ તેના માનનારાઓ છે. (જુમલ વિ.)

૮૩. કે તમારા પર ખરાબ અઝાબ કરતા હતા, અઝાબ બધા જ ખરાબ હોય છે, એટલે 'ખરાબ અઝાબ' તે કહેવાશે જે બીજા અઝાબોથી પણ વધારે સખત હોય, એટલા માટે જ તરજુમો કરનાર હઝરતે 'સુઅલ અઝાબ' નો તરજુમો 'બુરા અઝાબ' એવો કર્યો છે, (કમા ફીલ જલાલૈન વગેરહ) ફિરઔને બની ઇસરાઇલ પર ઘણી જ નિર્દયતાથી મેહનત અને શ્રમના મુશ્કેલ કામો લાદ્યાં હતાં, પથ્થરોના પહાડો તોડતાં તોડતાં તેમની ગરદનો અને પીઠો જખ્મી થઇ ગઇ હતી, ગરીબો પર ટેક્ષ નાખતો હતો જે સૂર્યાસ્ત પહેલાં બળજબરીથી વસૂલ કરાતા હતા, જે નાદાર આ ટેક્ષ કોઇ દિવસ ન આપી શકતો તો તેના હાથોને બોચી માથે મેળવીને બાંધી દેવામાં આવતા હતા, અને એક મહીના સુધી આવી મુસીબતોમાં જ રાખી મૂકવામાં આવતો હતો અને આ સિવાય પણ બીજી નિર્દય સખ્તીઓ કરવામાં આવતી હતી. (ખાઝિન વિ.)

૮૪. તમારા બેટાઓને કાપી નાખતા અને તમારી બેટીઓને જીવતી રાખતા, ફિરઔને સ્વપ્નું જોયું કે બયતુલ મુકદ્દસ તરફથી આગ આવી, તેણે મિસરને ઘેરીને બધા જ કિબતીઓને (ફિરઔનને માનનારાઓને)

સળગાવી દીધા, બની ઇસરાઇલને કશું જ નુકસાન થયું નહિ, આ સ્વપ્નાથી તેને ઘણી જ ગભરામણ થઇ, જ્યોતિષીઓએ સ્વપ્નાનો અર્થ એવો કહ્યો કે બની ઇસરાઇલમાં એક છોકરો પેદા થશે, જે તારી અને તારા રાજપાટની બરબાદીનું કારણ બનશે. આ સાંભળીને ફિરઔને હુકમ કર્યો કે બની ઇસરાઇલમાં જે છોકરો પૈદા થાય તેનો વધ કરવામાં આવે, ગર્ભવતી સ્ત્રીઓની તપાસ રાખવા દાયણો નક્કી કરી દેવામાં આવી, અને આ રીતે યહૂદીઓના ૧૨૦૦૦ અને એક રિવાયત મુજબ ૭૦,૦૦૦ છોકરાઓ જન્મતાંની સાથે જ કાપી નાખવામાં આવ્યા, અને ૯૦,૦૦૦ ગર્ભ પાડવામાં આવ્યા, અને બની ઇસરાઇલના વૃદ્ધો ખુદાની મરજીથી વહેલા વહેલા મરવા લાગ્યા, ત્યારે કિબ્તી કોમના આગેવાનોએ ફિરઔનને ફરિયાદ કરી કે બની ઇસરાઇલના લોકો તો ટપોટપ મરવા લાગ્યા છે, અને તેમના જન્મતા બાળકો પણ મારી નાખવામાં આવે છે, જો આ રીતે તેમનો નાશ થયો તો પછી અમને નોકરો ક્યાંથી મળશે ? ત્યારે ફિરઔને હુકમ કર્યો કે એક વર્ષે મારવાનું બંધ કરવામાં આવે, તો કત્લ બંધના વર્ષે હઝરત હારૂન પેદા થયા, અને ચાલુ કત્લના વર્ષે હઝરત મૂસા અલયહિસ્સલામનો જન્મ થયો.

૮૫. અને એમાં તમારા રબ તરફથી મોટી બલા હતી અથવા મોટું ઇનામ, બલા ઇમ્તેહાન અને આજમાઇશને કહે છે, આજમાઇશ નેઅમત આપીને પણ કરાય છે, અને દુઃખ તેમજ મહેનત આપીને પણ કરાય છે, નેઅમતથી બંદાની શુક્રગુજારી (આભારવશતા) અને દુઃખથી સબ્ર (ધીરજ)ની હાલત જાહેર થાય છે. આયતમાં 'ઝાલિકુમ'ના શબ્દનો ઇશારો ફિરઔનના જુલ્મ તરફ હોય તો અજમાઇશ એટલે કે બલાનો મતલબ દુઃખ અને મહેનતનો થશે, અને એ શબ્દનો ઇશારો એ બલાથી છોડાવવા તરફ હોય તો એનાથી નેઅમત મુરાદ લેવાશે.

૮૬. અને જ્યારે અમે તમારા માટે દરિયાને તિરાડો પાડી, અહીંથી બીજી નેઅમતનું બયાન છે, જે બની ઇસરાઇલને આપવામાં આવી કે ફિરઔનને તેની કૌમ સહીત એમની નજરની સામે ડૂબાડી દીધો, અહીં 'આલે ફિરઔન'નો મતલબ ફિરઔન તેની કૌમ સહીત એવો થાય છે, જેમકે કર્રમ્ના બની આદમમાં હઝરત આદમ અને તેમની ઔલાદ બન્ને દાખલ છે.

કિસ્સો એ પ્રમાણે છે કે અલ્લાહ પાકના હુકમથી હઝરત મૂસા અલયહિસ્સલામ બની ઇસરાઇલને લઇને મિસરમાંથી રાતોરાત નીકળી પડયા, સવારમાં ફિરઔન તેમની ઢુંઢમાં મોટુ સૈન્ય લઇને નીકળ્યો, અને તેમને દરિયાના કિનારે પકડી પાડયા, બની ઇસરાઇલે ફિરઔનનું સૈન્ય જોઇને હઝરત મૂસા અલયહિસ્સલામને બચાવનો રસ્તો કાઢવાની વિનંતી કરી ત્યારે અલ્લાહના હુકમથી હઝરત મૂસા અલયહિસ્સલામે દરિયામાં પોતાનો અસો (લાકડી) માર્યો તો, પાણીની વચમાં ૧૨ સુકા રસ્તાઓ તૈયાર થઇ ગયા, પાણી દીવાલોની જેમ ઉભું થઇ ગયું, અને એ પાણીની દીવાલોની વચમાં બારીઓની જેમ બાકોરાં પણ પડી ગયાં, બની ઇસરાઇલની દરેક ટોળી એક બીજાને જોતી અને વાતો કરતી આ રસ્તાઓમાંથી પસાર થઇ ગઇ, ફિરઔન દરિયામાં રસ્તો જોઇને તેમાં ચાલુ થયો, જ્યારે તેનું આખું સૈન્ય દરિયામાં ઉતરી પડયું ત્યારે દરિયો તેની અસલ સ્થિતિ પર આવી ગયો, અને બધા જ ફિરઔનીઓ તેમાં ડૂબી મર્યા, તે દરિયાની પહોળાઇ ૧૫ માઇલ હતી, આ 'બહરે કલ્ઝુમ' (રાતો સમુદ્ર)નો બનાવ છે, જે મિસર અને મક્કાની વચમાં અને ઇરાનના અખાતના કિનારે આવેલો છે, અથવા મિસરની પાછળનો છે જેને અસાફ કહે છે.

બની ઇસરાઇલ દરિયાના કિનારે ઉભા રહીને ફિરઔનીઓને ડૂબતા જોઇ રહ્યા હતા, આ બનાવ મોહર્રમની ૧૦મી તારીખે બન્યો હતો, હઝરત મૂસા અલયહિસ્સલામે તે દિવસે શુક્રનો રોઝો રાખ્યો, હુઝૂર

સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સમય સુધી યહૂદીઓ તે દિવસે રોઝો રાખતા હતા, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પણ તે દિવસનો રોઝો રાખ્યો, અને ફરમાવ્યું કે હઝરત મૂસા અલયહિસ્સલામના વિજયની ખુશી મનાવવા માટે અમે યહૂદીઓ કરતાં વધુ હકદાર છીએ.

**મસઅલો** : એનાથી માલૂમ પડયું કે આશૂરાનો રોઝો સુન્નત છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે પૈગમ્બરો પર જે ઇનામ થયું તેની યાદ મનાવવી અને શુક્ર બજાવી લાવવો મસ્નૂન છે.

**મસઅલો** : એ પણ ફલિત થયું કે આવી બાબતો માટે દિવસ નક્કી કરવો સુન્નતે રસૂલ છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે પૈગમ્બરોની યાદગાર કાફિરો મનાવતા હોય તો પણ તેને છોડવી જોઇએ નહીં.

૮૭. ફિરઔન અને તેના માનનારાઓના નાશ પછી જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ બની ઇસરાઇલને લઇને મિસર તરફ પરત થયા અને તેમની વિનંતીથી અલ્લાહ તઆલાએ તવરાત આપવાનો વાયદો કર્યો. અને એના માટે સમય નક્કી કર્યો, જેની મુદ્દત પાછળથી થએલા વધારા સહીત એક મહીનો અને દસ દિવસની હતી, એક મહીનો ઝીલકઅદનો અને દસ દિવસો ઝિલહજ્જના, હઝરત મૂસા અલયહિસ્સલામ પોતાના ભાઇ હારૂનને કૌમમાં પોતાનો ખલીફા અને નાયબ બનાવીને તવરાત મેળવવા તૂર પહાડ પર ગયા, ચાલીસ રાત્રીઓ ત્યાં રહ્યા, આ મુદ્દત દરમ્યાન કોઇની સાથે વાતચીત કરી નહીં, અલ્લાહ તઆલાએ ઝબરજદ (એક પ્રકારનો કિંમતી પથ્થર) ની તખ્તીઓમાં તવરાત આપના ઉપર ઉતારી.

આ તરફ સામરી નામના માણસે હીરાજડીત સોનાનો એક વાછરડો બનાવીને કૌમને કહ્યું કે આ તમારો મઅબૂદ છે. તે લોકોએ એક મહીના સુધી હઝરત મૂસાની રાહ જોઇને પછી વાછરડાને પૂજવા લાગ્યા, હારૂન અલયહિસ્સલામ અને તેમના ૧૨૦૦૦ સાથીદારો સિવાય બની ઇસરાઇલની આખી કૌમે વાછરડાને પૂજયું (ખાઝિન)

૮૮. માફી એ પ્રકારની હતી હઝરત મૂસા અલયહિસ્સલામે ફરમાવ્યું તવબહ એ રીતે થઇ શકશે કે જે લોકોએ વાછરડાની પૂજા કરી નથી તેઓ પૂજા કરનારાઓને કત્લ કરે, અને ગુનાહગારો રાજીખુશીથી કત્લ થઇ જાય, તેઓ આવું કરવા સહમત થયા, સવારથી સાંજ સુધી ૭૦,૦૦૦ માણસોનો વધ થયો. ત્યારે હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિસ્સલામે કરગરીને અલ્લાહ પાસે દુઆ માંગી, વહી આવી કે જેઓ માર્યા ગયા તે શહીદ થયા, અને બાકીનાને માફ કરી દીધા, તેઓમાંના મરનાર અને મારી નાખનાર બન્ને જન્નતી છે.

**મસઅલો** : શિર્કથી મુસલમાન મુર્તદ બની જાય છે.

**મસઅલો** : મુર્તદની સજા કત્લ છે, કારણ કે અલ્લાહ સામે બળવો પોકારવો એ કત્લ અને ખૂનામરકીથી વધારે સખ્ત ગુન્હો છે.

**ફાયદો** : વાછરડો બનાવીને પૂજવામાં બની ઇસરાઇલના અનેક ગુન્હાઓ હતા, એક તસ્વીર બનાવવી હરામ છે, બીજું હઝરત હારૂન અલયહિસ્સલામની નાફરમાની, ત્રીજું વાછરડું પૂજીને મુશ્રિક બની જવું. આ ગુન્હાઓ ફિરઔનવાળાઓના જુલ્મોથી પણ વધારે સખત છે, કારણ કે આ કાર્યો એમનાથી ઇમાન લાવ્યા પછી થયા, જેથી લાયક તો એના હતા કે ખુદાઇ અઝાબ એમને છુટ ન આપે, અને તુરત જ સર્વનાશ દ્વારા કુફ્ર પર જ એમનો અંત આવી જાય, પણ હઝરત મૂસા અને હારૂન અલયહિસ્સલામની બરકતથી એમને

فَاَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿۵۵﴾ ثُمَّ بَعَثْنٰكُمْ
مِّنْ بَعْدِ مَوْتِكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۵۶﴾ وَظَلَّلْنَا عَلَيْكُمُ
الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ كُلُوْا مِنْ
طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ؕ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْۤا اَنْفُسَهُمْ
يَظْلِمُوْنَ ﴿۵۷﴾ وَاِذْ قُلْنَا ادْخُلُوْا هٰذِهِ الْقَرْيَةَ فَكُلُوْا
مِنْهَا حَيْثُ شِئْتُمْ رَغَدًا وَّادْخُلُوا الْبَابَ سُجَّدًا
وَّقُوْلُوْا حِطَّةٌ نَّغْفِرْ لَكُمْ خَطٰيٰكُمْ ؕ وَسَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿۵۸﴾
فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ
فَاَنْزَلْنَا عَلَى الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا
كَانُوْا يَفْسُقُوْنَ ﴿۵۹﴾ وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ
فَقُلْنَا اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ؕ فَانْفَجَرَتْ مِنْهُ

**વિજળીના ચમકારાએ પકડી લીધા અને તમે જોઇ રહ્યા હતા (૫૫) ફરી મરવા પછી અમે તમને જીવતા કર્યા કે ક્યાંક તમે ઉપકાર માનો (૫૬) અને અમે વાદળને તમારી ઉપર છાંયડો કરનાર કર્યું[૯૨] અને તમારા પર મન અને સલ્વા ઉતાર્યું, ખાઓ અમારી આપેલી ચોખ્ખી ચીજો[૯૩] અને તેઓએ અમારૂં કશું ન બગાડયું, હા! પોતાના જ જીવોનો બગાડ કરતા હતા (૫૭) અને જ્યારે અમે ફરમાવ્યું, આ ગામમાં જાવ[૯૪] પછી એમાં જ્યાં ઇચ્છો રોકટોક વગર ખાવ અને દરવાજામાં સિજદો કરતા દાખલ થાવ[૯૫] અને કહો અમારા ગુનાહ માફ હજો અમે તમારી ખતાઓ બખ્શી દઇશું અને નજીક છે કે નેકીવાળાઓને ઓર વધારે આપીએ[૯૬] (૫૮) તો જાલિમોએ બીજી વાત બદલી નાખી જે કહેવામાં આવી હતી તેના સિવાય તો અમે આસ્માનથી તેમના પર અઝાબ ઉતાર્યો[૯૭] બદલો તેમના અનાદરનો (૫૯) અને જ્યારે મૂસાએ પોતાની કૌમ માટે પાણી માંગ્યું તો અમે ફરમાવ્યું, આ પથ્થર પર પોતાનો અસો મારો, તરત જ તેમાંથી બાર ઝરણાં વહી**

તવબહનો અવસર પ્રાપ્ત થયો, આ અલ્લાહ તઆલાની મોટી મહેરબાની છે.

૮૯. આમાં ઇશારો છે કે બની ઇસરાઇલની હક સ્વીકારવાની શક્તિ ફિરઔનવાળાઓની જેમ મરી ચૂકેલી ન હતી. અને એમના વંશથી નેક લોકો જન્મનારા હતા, જેમ કે એમનામાં હજારો નબી અને નેક માણસો પેદા થયા.

૯૦. આ કત્લ એમના માટે કફ્ફારો હતો.

૯૧. જ્યારે બની ઇસરાઇલે તવબહ કરી, અને કફ્ફારામાં પોતાના જીવ આપી દીધા, ત્યારે અલ્લાહ તઆલાએ હુકમ કર્યો કે હઝરત મૂસા અલયહિસ્સલામ તેમને વાછરડાની પૂજા કરવા બદલ માફી માંગવા હાજર કરે, હઝરત મૂસા અલયહિસ્સલામ તેમનામાંથી ૭૦ વ્યક્તિઓને પસંદ કરીને તૂર પર પહોંચી ગયા, ત્યાં તેઓ કહેવા લાગ્યા કે અય મૂસા! અમે તમારૂં યકીન નહીં કરીએ જ્યાં સુધી ખુદાને જાહેર ન જોઇએ, ત્યારે આસ્માનથી એક ભયાનક અવાજ આવ્યો, જેની હેબતથી તેઓ મરી ગયા, હઝરત મૂસા અલયહિસ્સ-લામે આજીજી સાથે વિનંતી કરી કે હું બની ઇસરાઇલને શું જવાબ આપીશ, ત્યારે અલ્લાહ તઆલાએ તેમને એક પછી એક જીવંત કર્યા.

**મસઅલો** : આનાથી અમ્બિયાની શાન માલૂમ પડે છે, કે હઝરત મૂસા અલયહિસ્સલામને 'અમે તમારૂં યકીન નહીં કરીએ' કહેવાના ગુનાહસર બની ઇસરાઇલને હલાક કરવામાં આવ્યા, હુઝૂર સલ્લલ્લાહો વસલ્લમના સમયવાળાઓને ચેતવવામાં આવે છે કે અમ્બિયાના દરબારમાં અદબ વિરૂદ્ધનું વર્તન અલ્લાહના ગઝબનું કારણ બને છે, તેનાથી ડરતા રહો.

**મસઅલો** : એ પણ માલૂમ પડયું કે અલ્લાહના મકબૂલોની દુઆથી મુર્દા જીવતાં થાય છે.

૯૨. જયારે હઝરત મૂસા અલયહિસ્સલામ નવરા થઇને બની ઇસરાઇલના લશ્કરમાં પહોંચ્યા અને આપે તેઓને અલ્લાહનો હુકમ સંભળાવ્યો કે મુલ્કે શામ (સિરીયા) હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ અને તેમની ઔલાદના દફન થવાની જગ્યા છે, તેમાં જ બયતુલ મુકદ્દસ છે. તેને અમાલેકા (એક કૌમનું નામ) પાસેથી સ્વતંત્ર કરાવવા જિહાદ કરો, અને મિસર છોડીને ત્યાં જ વતન બનાવો, મિસર છોડવું બની ઇસરાઇલ માટે કપરૂ હતું, પ્રથમ તો એમણે ટાળમટોળ કરી, અને જ્યારે જબરદસ્તી હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિમુસ્સલામના મુબારક નેતૃત્વ હેઠળ રવાના થયા તો રસ્તામાં જે કંઇ દુઃખ કે મુસીબત આવતી તેની હઝરત મૂસા અલયહિસ્સલામને ફરિયાદ કરતા, જ્યારે એવા મેદાનમાં પહોંચ્યા જ્યાં ન હરિયાળી હતી કે ન હતો છાંયડો, ન અનાજ સાથે હતું, ત્યાં તડકાની ગરમી અને ભૂખની ફરિયાદ કરી, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆથી સફેદ વાદળને તેમનો છાંયડો કરનાર બનાવ્યું, જે રાત દિવસ તેમની સાથે ચાલતું હતું, રાત્રે તેમના માટે નૂરી થાંભલો ઉતરતો જેના પ્રકાશમાં કામ કરતા, તેમના કપડાં મેલાં અને જુનાં ન થતાં, નખ અને વાળ ન વધતા, આ સફરમાં જે બાળક જન્મતું તેનો પોશાક તેની સાથે જ જન્મતો, જેટલું બાળક વધતું તેનો પોશાક પણ વધતો.

૯૩. 'મન' એક મીઠી વસ્તુ હતી. દરરોજ સુબ્હે સાદિકથી સૂર્ય ઉગતાં સુધી દરેક માટે લગભગ બેશેર જેટલી આસ્માનમાંથી ઉતરતી, લોકો તેને ચાદરોમાં લઇને આખો દિવસ ખાતા રહેતા, 'સલ્વા' એક નાનું પક્ષી હતું, હવા તેને લઇ આવતી અને આ લોકો શિકાર કરીને ખાતા, બન્ને વસ્તુઓ શનિવારે તો તદ્દન ન આવતી બાકી રોજ આવતી હતી, જુમ્માના દિવસે દરરોજ કરતાં ડબલ આવતી, હુકમ એ હતો કે જુમ્માના દિવસે શનિવાર માટે પણ જરૂર જેટલી જમા કરી લો, પણ એક દિવસથી વધારે ચાલે એટલું જમા ન કરો, બની ઇસરાઇલે એ નેઅમતોની નાશુક્રી કરી, ઢગલા જમા કર્યા, તે સડી ગયા અને એનું આગમન બંધ કરી દેવામાં આવ્યુ, આ તેઓએ પોતાનું જ નુકસાન કર્યું, દુનિયામાં નેઅમતથી મેહરૂમ અને આખેરતમાં અઝાબને પાત્ર થયા છે.

૯૪. એ ગામથી બયતુલ મુકદ્દસ મુરાદ છે, અથવા અરીહા જે બયતુલ મુકદ્દસથી નઝદીક છે, જેમાં આમલેકા વસતા હતા, અને તેને ખાલી કરી ગયા, અહીં અનાજ અને મેવા ઘણા પ્રમાણમાં હતા.

૯૫. આ દરવાજો તેમના કાબાની જેમ હતો કે તેમાં દાખલ થવું અને તેના તરફ સિજદો કરવો ગુનાહની માફીના કારણરૂપ લેખવામાં આવ્યું.

૯૬. આ આયતથી માલૂમ પડયું કે જબાનથી ઇસ્તિગફાર કરવો અને શરીરિક ઇબાદત સિજદો વિગેરે કરવો તવબહને સંપૂર્ણ કરનાર છે.

**મસઅલો** : એ પણ માલૂમ થયું કે મશહૂર ગુનાહની તવબહ જાહેર રીતે થવી જોઇએ.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે બરકતવાળી જગ્યાઓ જે અલ્લાહની રહમત ઉતારવાનું સ્થાન હોય ત્યાં તવબહ કરવી અને ઇબાદત બજાવવી નેક પરિણામ અને જલ્દી કબૂલ થવાનું કારણ બને છે, (ફત્હુલ અઝીઝ) એટલા માટે જ નેક લોકોની આદત રહી છે કે અમ્બિયા અને અવલિયાના જન્મ સ્થળો અને મઝારો પર હાજર થઇને ઇસ્તિગફાર અને ઇતાઅત બજાવી લાવે છે, ઉર્સ અને ઝિયારત (કબ્રોની)માં પણ એ જ ફાયદો વિચારાયો છે.

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે બની ઇસરાઇલને હુકમ થયો હતો કે દરવાજામાં સિજદો

**નીકળ્યાં[૯૮] દરેક ટોળાએ પોતાનો ઘાટ (ઓવારો) ઓળખી કાઢયો, ખાઓ અને પીઓ ખુદાનું આપેલું[૯૯] અને જમીનમાં ફસાદ ઉઠાવતા ન ફરો[100] (૬૦) અને જ્યારે તમે કહ્યું અય મૂસા[101]! અમારાથી તો એક જમણ પર[102] કદાપી સબ્ર નહિ થાય, તો તમે તમારા રબ પાસે દુઆ કરો કે જમીનની ઉગાડેલી વસ્તુઓ અમારા માટે કાઢે અમુક ભાજી અને ચીભડાં અને ઘઉં અને મસૂર અને ડુંગરી. ફરમાવ્યું, શું હલ્કી વસ્તુને શ્રેષ્ઠના બદલામાં માંગો છો[103] ! સારૂં, મિસર[104] અથવા કોઇ શહેરમાં ઉતરો ત્યાં તમને મળશે જે તમે માંગ્યુ[105] અને તેમના પર નક્કી કરી દેવામાં આવી બેઇજ્જતી અને નાદારી[106] અને ખુદાના ગઝબમાં પરત થયા[107] આ બદલો હતો તેનો કે તે અલ્લાહની આયતોને નકારતા અને અમ્બિયાને નાહક શહીદ કરતા[108] આ બદલો હતો તેમની નાફરમાનીઓ અને હદથી વધી જવાનો (૬૧) બેશક ! ઇમાનવાળા અને યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અને સિતારા પૂજકોમાંથી તે કે જે સાચા દિલથી ઇમાન લાવે, અલ્લાહ અને પાછલા દિવસ પર**

الٓمٓ — البقرة ٢

اثْنَتَا عَشْرَةَ عَيْنًا ۖ قَدْ عَلِمَ كُلُّ أُنَاسٍ مَّشْرَبَهُمْ ۖ
كُلُوا وَاشْرَبُوا مِن رِّزْقِ اللَّهِ وَلَا تَعْثَوْا فِي الْأَرْضِ
مُفْسِدِينَ ﴿٦٠﴾ وَإِذْ قُلْتُمْ يَا مُوسَىٰ لَن نَّصْبِرَ عَلَىٰ طَعَامٍ
وَاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ يُخْرِجْ لَنَا مِمَّا تُنبِتُ الْأَرْضُ
مِن بَقْلِهَا وَقِثَّائِهَا وَفُومِهَا وَعَدَسِهَا وَبَصَلِهَا ۖ
قَالَ أَتَسْتَبْدِلُونَ الَّذِي هُوَ أَدْنَىٰ بِالَّذِي هُوَ
خَيْرٌ ۚ اهْبِطُوا مِصْرًا فَإِنَّ لَكُم مَّا سَأَلْتُمْ ۗ وَضُرِبَتْ عَلَيْهِمُ
الذِّلَّةُ وَالْمَسْكَنَةُ وَبَاءُوا بِغَضَبٍ مِّنَ اللَّهِ ۗ ذَٰلِكَ
بِأَنَّهُمْ كَانُوا يَكْفُرُونَ بِآيَاتِ اللَّهِ وَيَقْتُلُونَ النَّبِيِّينَ
بِغَيْرِ الْحَقِّ ۗ ذَٰلِكَ بِمَا عَصَوا وَّكَانُوا يَعْتَدُونَ ﴿٦١﴾
إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالنَّصَارَىٰ

કરતાં કરતાં દાખલ થાય. અને જીભ વડે 'હિત્તતુન' તવબહ ઇસ્તિગફારનો શબ્દ બોલતા જાય, તેઓએ બન્ને હુકમોથી વિરૂદ્ધ કર્યું, દાખલ તો થયા ઢગડાંઓ વડે ઘસડાતા ઘસડાતા અને તવબહનો શબ્દ (હિત્તતુન)ના બદલે હબ્બતુન ફી શઅરતિન બોલ્યા, જેનો અર્થ થાય છે કે ડુંડાઓમાં દાણા.

૯૭. આ અઝાબ પ્લેગ હતો. જેનાથી થોડીવારમાં જ ૨૪,૦૦૦ નાશ પામ્યા.

**મસઅલો** : સહીહ હદીષોની કિતાબોમાં છે કે પ્લેગ પાછલી ઉમ્મતોનો અઝાબનો બાકી રહેલો ભાગ છે, જ્યારે તમારા શહેરમાં ફેલાઇ ત્યારે ત્યાંથી ન ભાગો, બીજા શહેરમાં હોય તો ત્યાં ન જાઓ.

**મસઅલો** : સહીહ હદીષમાં છે કે જે લોકો વબાવાળી જગ્યાએ અલ્લાહની મરજી પર સબ્ર કરનાર રહેશે. તો તેઓ વબાથી બચી જશે તો પણ તેમને શહીદનો સવાબ મળશે.

૯૮. જ્યારે બની ઇસરાઇલે સફરમાં પાણી ન જોયું, સખત તરસની ફરિયાદ કરી, ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામને હુકમ થયો કે પોતાનો અસો પથ્થર પર મારો, આપની પાસે એક ચોખંડો પથ્થર હતો, જ્યારે પાણીની જરૂર પડતી આપ તેના પર અસો મારતા, તેમાંથી (૧૨ ઝરણાં વહી નીકળતાં, અને બધા પ્યાસ બુઝાવતા, આ મોટો મોઅજિઝો હતો, પણ સૈયદે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક આંગળીઓમાંથી પાણી નીકળીને એક મોટા સૈન્યને પાણી પીવડાવે એ એનાથી ઘણું શ્રેષ્ઠ અને ઉચ્ચ છે, કારણ કે મનુષ્યના શરીરમાંથી પાણી નીકળવું, પથ્થરમાંથી નીકળવા કરતાં વધારે આશ્ચર્યજનક છે. (ખાઝિન)

૯૯. અર્થાત આસ્માની જમણ મન અને સલ્વા ખાવ અને આ પથ્થરના ઝરણાઓનું પાણી પીઓ જે

તમને અલ્લાહના ફઝલથી વગર મહેનતે મળ્યું છે.

૧૦૦. નેઅમતોના બયાન પછી હવે આગળ બની ઇસરાઇલની નાલાયકી, અછકલાપણા તેમજ નાફરમાનીના અમુક બનાવોનું વર્ણન થાય છે.

૧૦૧. બની ઇસરાઇલનું આ કાર્ય પણ ઘણું જ બેઅદબીનું હતું કે એક ઉલુલ અઝ્મ પૈગમ્બરને નામ લઇને બોલાવ્યા. યા નબીયલ્લાહ યા રસૂલલ્લાહ અથવા બીજા એવા તાઅઝીમના શબ્દો ન બોલ્યા. (ફત્હુલ અઝીઝ) જ્યારે અમ્બિયાનું નામ માત્ર લેવું બેઅદબી છે તો તેમને 'બશર' અને 'એલચી' કહેવું કેમ ગુસ્તાખી ન કહેવાય? મતલબ કે અમ્બિયાના વિષયમાં રજમાત્ર બેઅદબી પણ નાજાઇઝ છે.

૧૦૨. એક જમણનો મતલબ એક જ પ્રકારનું જમણ છે અર્થાત દરરોજ ને દરરોજ મળતું મન અને સલ્વા.

૧૦૩. જ્યારે તેઓ નસીહત કરવા છતાં ન માન્યા, ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે બારગાહે ઇલાહીમાં દુઆ કરી, હુકમ થયો ઇહબિતૂ (ઉતરો)!

૧૦૪. મિસર અરબીમાં શહેરને પણ કહે છે, ગમે તે શહેર હોય, અને ખાસ શહેર મૂસા અલયહિસ્સલામ જ્યાં રહેતાં હતા તેનું નામ પણ મિસર છે, અહીં બન્નેમાંથી ગમે તે મુરાદ થઇ શકે છે.

૧૦૫. એટલે કે ભાજી, ચીભડાં વિગેરે. આ વસ્તુઓ તરફ ઢળવું એક પ્રકારની નીચતા છે, હંમેશા તે લોકોની પ્રકૃતિ નીચતા તરફ જ ઢળેલી રહી અને હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિસ્સલામ જેવા ઉચ્ચ દરજ્જાના અને ઉચ્ચ વિચારો ધરાવતા પૈગમ્બરો પછી બની ઇસરાઇલની નાલાયકી અને નીચતાનું પોત પ્રકાશયું અને જાલુતના કબ્જા તેમજ બુખ્તનસરના એમની સાથેના વર્તાવ પછી તો તેઓ ઘણા જ ઝલીલ અને કચડાતા બની ગયા, એનું બયાન દુરિબત અલયહિમુઝઝિલ્લતુમાં છે.

૧૦૬. યહૂદીઓની બેઇજ્જતી તો એ કે (નુઝૂલે કુરઆનના સમય સુધી) દુનિયામાં ક્યાંયે નામ પુરતી પણ તેઓની હુકૂમત ન હતી અને નાદારી એ કે માલ હોવા છતાં લાલચના માર્યા મોહતાજ જેવા રહે છે.

૧૦૭. અમ્બિયા અને નેક લોકોના કારણે જે મરતબા તેમને મળ્યા હતા તેનાથી મેહરૂમ બની ગયા, આ ગઝબનું કારણ ફક્ત એટલું જ નથી કે તેઓએ આકાશી ખોરાકને બદલે જમીનની પેદાઇશની ઇચ્છા દર્શાવી અથવા એ પ્રકારની બીજી ભૂલો જે હઝરત મૂસા અલયહિસ્સલામના સમયમાં જાહેર થઇ, બલ્કે નુબુવ્વતના સમયથી દૂર થવાના કારણે અને લાંબો સમય વિતી જવાના કારણે તેમની લાયકાત ઓછી થઈ ગઈ અને મોટા ગુન્હા એમનાથી જાહેર થયા, આજ તેમની બેઇજ્જતીનું કારણ બન્યા.

૧૦૮. જેમકે એમણે હઝરત ઝકરિયા, હઝરત યહ્યા અને હઝરત શઅયા અલયહિમુસ્સલામને શહીદ કર્યા અને આ કત્લ એવા નાહક હતા કે એનું કારણ પોતે આ કત્લ કરનારાઓ પણ નથી કહી શકતા.

**શાને નુઝૂલ :**

૧૦૯. ઇબ્ને જરીર અને ઇબ્ને હાતિમે સદીથી રિવાયત કરી કે, આ આયત હઝરત સલમાન ફારસી રદીયલ્લાહો અન્હૂના સાથીદારો માટે નાઝિલ થઇ. (લુબાબુન્નુકુલ)

૧૧૦. કે તમે તવરાતને માનશો અને તેના પર અમલ કરશો, પણ તેના હુકમોને ભારે અને અઘરા જાણીને સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો, જો કે તમે પોતે જ કરગરીને હઝરત મૂસા અલયહિસ્સલામને આવી આસ્માની કિતાબની માંગણી કરવા કહ્યું હતું, જેમાં શરીઅતના કાયદાઓ અને ઇબાદતના નિયમો વિગતવાર ચર્ચાએલા હોય અને હઝરત મૂસા અલયહિસ્સલામે તમારા પાસેથી વારંવાર એને સ્વીકારવા અને એના પર અમલ કરવાનો વાયદો લીધો હતો, જ્યારે તે કિતાબ આપવામાં આવી ત્યારે તમે તેને કુબૂલ કરવાનો ઇન્કાર

الٓمّٓ ١ البقرة ٢

وَالصّٰبِـِٕيْنَ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَعَمِلَ
صَالِحًا فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦٢﴾ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ
وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ ۭ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ
وَّاذْكُرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿٦٣﴾ ثُمَّ تَوَلَّيْتُمْ
مِّنْۢ بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ
لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿٦٤﴾ وَلَقَدْ عَلِمْتُمُ الَّذِيْنَ
اعْتَدَوْا مِنْكُمْ فِي السَّبْتِ فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً
خٰسِـِٕيْنَ ﴿٦٥﴾ فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَيْنَ يَدَيْهَا وَمَا
خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٦٦﴾ وَاِذْ قَالَ مُوْسٰى
لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ۭ قَالُوْٓا

**અને નેક કામ કરે તેમનો સવાબ તેમના રબની પાસે છે અને ન તેમને કંઇ ચિંતા થાય અને ન કંઇ દુ:ખ[૧૦૯] (૬૨) અને જ્યારે અમે તમારા પાસેથી વાયદો લીધો[૧૧૦] અને તમારા પર તૂરને ઊંચો કર્યો[૧૧૧] લો જે કંઇ અમે તમને આપીએ છીએ શક્તિથી[૧૧૨] અને તેના લેખો યાદ કરો એ આશાએ કે તમને પરહેઝગારી મળે, (૬૩) ફરી ત્યારબાદ તમે ફરી ગયા, તો જો અલ્લાહનો ફઝલ અને તેની રહમત તમારા પર ન હોત તો તમે ખોટ વાળાઓમાં થઇ જાત[૧૧૩] (૬૪) અને બેશક! જરૂર તમે જાણો છો તમારામાંના તે, જેઓએ શનીવારે માથું ઊંચક્યું[૧૧૪] તો અમે તેઓને ફરમાવ્યું કે થઇ જાઓ વાંદરા તુચ્છકરાએલા, (૬૫) તો અમે તે ગામનો આ બનાવ તેના આગળ અને પાછળ-વાળાઓ માટે બોધપાઠ કરી દીધો અને પરહેઝગારો માટે નસીહત (૬૬) અને જ્યારે મૂસાએ પોતાની કોમને ફરમાવ્યું, ખુદા તમને હુકમ આપે છે કે એક ગાય ઝુબેહ કરો[૧૧૫] બોલ્યા કે આપ અમને મસ્ખરા**

કરી દીધો અને વાયદો પૂરો ન કર્યો.

૧૧૧. બની ઇસરાઇલે જ્યારે વાયદો તોડી નાખ્યો ત્યારે હઝરત જિબ્રઇલે ખુદાના હુકમથી તૂર પહાડને ઊંચકીને તેમના માથા પર એક માણસના કદ જેટલી ઊંચાઇએ અધ્ધર લટકાવ્યો, અને હઝરત મૂસા અલયહિસ્સલામે ફરમાવ્યું કે તમે વાયદો પુરો કરવાનું સ્વીકારો નહીં તો પહાડ તમારા પર નાખવામાં આવશે. આમાં જાહેર રીતે વાયદો પુરો કરવા માટે બળનો ઉપયોગ હતો અને વાસ્તવમાં પહાડ અધ્ધર લટકાવવો અલ્લાહની નિશાની અને ખુદાની કુદરતની મજબૂત દલીલ હતી. એનાથી દિલોને શાંતિ પ્રાપ્ત થાય છે કે બેશક! આ રસૂલ કુદરતે ઇલાહીને જાહેર કરનાર છે. આ ઇત્મિનાન તેમના માનવા અને વાયદો પુરો કરવાનું અસલ કારણ છે.

૧૧૨. એટલે કે ખૂબ કોશિશથી.

૧૧૩. અહીં ફઝલ અને રહમતથી યા તો તવબહની તૌફીક મુરાદ છે યા અઝાબમાં તાખીર થવી. (મદારિક વિગેરે) એક મંતવ્ય એવું છે કે અલ્લાહના ફઝલ અને તેની રહમતનો મતલબ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક ઝાત છે. માયના આ છે કે જો તમને ખાતિમુલ મુરસલીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમના અસ્તિત્વની દૌલત ન મળતે અને આપની હિદાયત નસીબ ન થતે તો તમારૂં પરિણામ નાશ અને ખોટ હોતે.

૧૧૪. ઇલા નામના શહેરમાં બની ઇસરાઇલ વસેલા હતા, તેમને હુકમ હતો કે શનિવારનો દિવસ ઇબાદતના માટે નક્કી કરી દે તે દિવસે શિકાર ન કરે અને દુનિયાના કામકાજ છોડી દે, તેમનામાંની એક

ટોળકીએ એવી ચાલ કરી કે જુમ્આના દિવસે દરિયાના કાંઠે ઘણાં બધા ખાડાઓ ખોદતા અને શનિવારની સવારે દરિયાથી લઇને પેલા ખાડાઓ સુધી નીકો બનાવતા, જેમાં માછલીઓ ખાડામાં આવી કેદ થઇ જતી, રવિવારે તેમને કાઢી લેતા, અને કહેતા કે અમે માછલીઓને પાણીમાંથી શનિવારે નથી કાઢતા. ૪૦ અથવા ૭૦ વર્ષ સુધી આમ જ કરતા રહ્યા, જ્યારે હઝરત દાઉદ અલયહિસ્સલામની નુબુવ્વતનો સમય આવ્યો, આપે તેઓને આમ કરવાની મનાઇ કરી અને ફરમાવ્યું કેદ કરવી એજ શિકાર છે જે શનિવારે કરો છો તેનાથી પાછા ફરો, નહીં તો અઝાબમાં પટકાઇ જશો. તેઓએ બંધ ન કર્યુ, આપે દુઆ ફરમાવી, અલ્લાહ તઆલાએ તેમને વાંદરાઓની શિકલમાં ફેરવી નાખ્યા, અક્કલ અને સમજ તો બાકી રહી, પણ બોલવાની શક્તિ હણાઇ ગઇ, શરીરોમાંથી દુર્ગંધ નીકળવા લાગી, પોતાની આવી હાલત પર રડતાં રડતાં ત્રણ દિવસમાં બધા નાશ પામ્યા, તેમનો વંશ બાકી ન રહ્યો, આ લગભગ ૭૦,૦૦૦ લોકો હતા, બની ઇસ-રાઇલની બીજી ટોળી જે લગભગ ૧૨,૦૦૦ ની સંખ્યામાં હતી, તેઓ પેલાઓને આવું કરવાથી મના કરતી રહી, જ્યારે તેઓ ન માન્યા ત્યારે તેઓ તેમના અને પોતાના મહોલ્લાઓની વચમાં દીવાર બનાવીને જુદા રહેવા લાગ્યા આથી આ લોકોને છુટકારો મળ્યો, બની ઇસરાઇલની ત્રીજી ટુકડી ચૂપ રહી, તેમના વિશે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હૂની સામે અકરમાએ કહ્યું કે તેઓ બખ્શાએલા છે, કારણ કે સારી વાતનો હુકમ કરવો ફર્ઝે કિફાયહ છે, અમુકનું કરવું બધાના માથેથી ભાર ઉતારે છે. તેઓના ચૂપ રહેવાનું કારણ એ હતું કે, પેલા નસીહત સ્વીકારશે એ બાબતથી તેઓ નિરાશ થઇ ચુક્યા હતા. અકરમાનું આ બયાન હઝરત ઇબ્ને અબ્બાસને ઘણું પસંદ પડયું અને આપ હર્ષાવેશમાં ઉઠીને તેમની સાથે ગળે લાગ્યા, અને તેમની પેશાનીને ચુંબન કર્યું. (ફત્હુલ અઝીઝ)

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે હર્ષ સમયે ગળે લાગવું સહાબીની સુન્નત છે, એના માટે સફરથી આવવું અને ગેરહાજરી પછી ઉપસ્થિત થવું જરૂરી નથી.

૧૧૫. બની ઇસરાઇલમાં આમીલ નામનો એક માલદાર હતો, તેના પિત્રાઇ ભાઇએ વારસાની લાલચમાં તેનું ખૂન કરીને બીજા ગામના દરવાજા પર નાખી દીધો, અને સવારમાં પોતે જ તેના ખૂનનો બદલો માંગવા માંડયો, ત્યાંના લોકોએ હઝરત મૂસાને ફરિયાદ કરી કે આપ દુઆ કરો જેથી અલ્લાહ પાક અસલ હકીકત જાહેર કરે, ત્યારે હુકમ થયો કે એક ગાય ઝુબેહ કરીને તેનો કોઇ ભાગ મરી ગએલાને મારે, તે જીવતો થઇને ખૂનીને બતાવી દેશે.

૧૧૬. કારણ કે મરી ગએલાની હાલત જાણવામાં અને ગાય ઝુબેહ કરવામાં કંઇ સંબંધ માલમ પડતો નથી.

૧૧૭. એવો જવાબ જે સવાલ સાથે સંબંધ ન ધરાવતો હોય તે જાહિલોનું કામ છે, અથવા એ અર્થ છે કે કેસના ફેંસલા સમયે મશ્કરી કરવી જાહિલોનું કામ છે, અમ્બિયાની શાન એનાથી ઉચ્ચ છે, મતલબ કે ત્યારે જ બની ઇસરાઇલે જાણી લીધું કે ગાય ઝુબેહ કરવી જરૂરી છે, તો તેઓએ આપની પાસે તેના ગુણો વિશે પૂછપરછ આદરી. હદીષ શરીફમાં છે કે જો બની ઇસરાઇલ ચર્ચા ન ધરાવતે તો ગમે તે ગાય ઝુબેહ કરતે તો પુરતું થઇ પડત.

૧૧૮. હુઝૂરે ફરમાવ્યું તે ઇન્શાઅલ્લાહ ન બોલ્યા હોત તો એ ગાય તેમને કદી મળત નહીં.

**મસઅલો** : દરેક નેક કામમાં ઇન્શાઅલ્લાહ કહેવું મુસ્તહબ છે.

૧૧૯. અર્થાત હવે સમજ પડી અને પુરૂં વર્ણન માલમ પડયું, પછી તેમણે ગાયની ઢુંઢ શરૂ કરી,

**બનાવો છો[૧૧૬] ફરમાવ્યું, ખુદાની પનાહ કે હું જાહિલોમાં હોઉં[૧૧૭] (૬૭) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો કે અમને બતાવી દે ગાય કેવી ? કહ્યું, તે ફરમાવે છે કે તે એક ગાય છે ન ઘરડી ન બહુ નાની, બલ્કે બન્નેના વચમાં છે, તો કરો જેનો તમને હુકમ થાય છે (૬૮) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો અમને બતાવે તેનો રંગ શું છે ? કહ્યું, ફરમાવે છે તે એક પીળી ગાય છે જેનો રંગ ઘેરો જોનારાઓને ખુશ કરતો (૬૯) બોલ્યા, પોતાના રબથી દુઆ કરો કે અમારા માટે સાફ બયાન કરી દે તે ગાય કેવી છે ? બેશક ! ગાયોમાં અમને શંકા પડી ગઇ, અને અલ્લાહ ચાહે તો અમે રસ્તો પામી જઇશું.[૧૧૮] (૭૦) કહ્યું, તે ફરમાવે છે કે તે એક ગાય છે જેનાથી સેવા નથી લેવાતી કે જમીન ખેડે અને ન ખેતીને પાણી આપે, ઐબ વગરની છે જેમાં કોઇ ડાઘ નથી. બોલ્યા, હવે આપ ઠીક વાત લાવ્યા[૧૧૯] તો તેને ઝુબેહ કરી અને ઝુબેહ કરતા લાગતા ન હતા[૧૨૦] (૭૧)**

أَتَتَّخِذُنَا هُزُوًا ۖ قَالَ أَعُوذُ بِاللَّهِ أَنْ أَكُونَ مِنَ
الْجٰهِلِينَ ﴿٦٧﴾ قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَنَا مَا هِيَ ۚ
قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ لَا فَارِضٌ وَلَا بِكْرٌ
عَوَانٌ بَيْنَ ذٰلِكَ ۖ فَافْعَلُوا مَا تُؤْمَرُونَ ﴿٦٨﴾ قَالُوا
ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَنَا مَا لَوْنُهَا ۚ قَالَ إِنَّهُ يَقُولُ
إِنَّهَا بَقَرَةٌ صَفْرَاءُ فَاقِعٌ لَوْنُهَا تَسُرُّ النّٰظِرِينَ ﴿٦٩﴾
قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَنَا مَا هِيَ إِنَّ الْبَقَرَ
تَشٰبَهَ عَلَيْنَا وَإِنَّا إِنْ شَاءَ اللَّهُ لَمُهْتَدُونَ ﴿٧٠﴾
قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ لَا ذَلُولٌ تُثِيرُ الْأَرْضَ
وَلَا تَسْقِي الْحَرْثَ ۚ مُسَلَّمَةٌ لَا شِيَةَ فِيهَا ۚ قَالُوا
الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ۚ فَذَبَحُوهَا وَمَا كَادُوا يَفْعَلُونَ ﴿٧١﴾

તે તરફ એવી ફક્ત એક જ ગાય હતી, તેની વિગત એમ છે કે બની ઇસ્રાઇલમાં એક નેક માણસ હતા, તેમનો એક સગીર વયનો દીકરો હતો, અને તેમની પાસે એક ગાયની વાછરડી સિવાય કશું રહ્યું ન હતું, તેમણે તેની ગરદન પર મહોર લગાવીને અલ્લાહના નામ પર છોડી દીધી, અને અલ્લાહના દરબારમાં વિનંતી કરી, અય રબ ! હું આ વાછરડીને આ છોકરા માટે તારા પાસે સંભાળી રાખવા મૂકું છું, જ્યારે આ દીકરો મોટો થાય ત્યારે એના કામ આવે, તે નેક માણસ તો મરણ પામ્યા, વાછરડી જંગલમાં અલ્લાહની દેખરેખ નીચે વધતી રહી, આ છોકરો મોટો થયો, અને તેના ફઝલથી નેક અને મુત્તકી થયો, માં નો કહ્યાગરો હતો, એક દિવસે તેની માંએ કહ્યું, અય બેટા ! તારા પિતાએ ફલાણા જંગલમાં તારા માટે ખુદાના નામ પર એક વાછરડી છોડી મૂકી છે, તે હવે જવાન થઇ ગઇ, તેને જંગલમાંથી લઇ આવ, અને અલ્લાહ પાસે દુઆ કર કે તે તને આપે, છોકરાએ ગાયને જંગલમાં જોઇ, અને માંની બતાવેલી નિશાનીઓ તેમાં મળી આવી, અને તેને અલ્લાહની કસમ આપીને બોલાવી, તે હાજર થઇ, જવાન તેને વાલિદાની સેવામાં લઇ આવ્યો, માંએ બજારમાં લઇ જઇને ત્રણ દીનારમાં વેચી નાખવાનું કહ્યું, અને એવી શરત મૂકી કે સોદો થયા પછી ફરી તેણીની રજા લેવામાં આવે, તે સમયે ઇલાકામાં ગાયની કિંમત ત્રણ દીનાર જ હતી, જવાન જ્યારે તે ગાયને બજારમાં લાવ્યો, તો એક ફરિશ્તો ગ્રાહક બનીને આવ્યો, અને તેણે ગાયની કિંમત ૬ દીનાર લગાવી, પણ એવી શરત કે જવાન માંની રજા માટે બંધાએલો ન રહે, જવાને એ મંજૂર ન રાખ્યું, અને માંને બધી હકીકત કહી, તેની માંએ સોદામાં ૬ દીનાર કિંમતને મંજૂરી તો આપી પણ ફરી પાછી પોતાની મરજી મેળવવાની શરત આગળ રાખી, જવાન ફરી બજારમાં આવ્યો, ફરિશ્તાએ આ વખતે ૧૨ દીનાર કિંમત કરી,

وَإِذْ قَتَلْتُمْ نَفْسًا فَادّٰرَءْتُمْ فِيهَا ۖ وَاللّٰهُ مُخْرِجٌ مَّا
كُنْتُمْ تَكْتُمُونَ ﴿٧٢﴾ فَقُلْنَا اضْرِبُوهُ بِبَعْضِهَا ۚ كَذٰلِكَ
يُحْيِ اللّٰهُ الْمَوْتٰى وَيُرِيكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُونَ ﴿٧٣﴾ ثُمَّ
قَسَتْ قُلُوبُكُمْ مِّنْ بَعْدِ ذٰلِكَ فَهِيَ كَالْحِجَارَةِ أَوْ
أَشَدُّ قَسْوَةً ۚ وَإِنَّ مِنَ الْحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنْهُ
الْأَنْهٰرُ ۚ وَإِنَّ مِنْهَا لَمَا يَشَّقَّقُ فَيَخْرُجُ مِنْهُ الْمَاءُ ۚ وَ
إِنَّ مِنْهَا لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ۗ وَمَا اللّٰهُ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُونَ ﴿٧٤﴾ أَفَتَطْمَعُونَ أَنْ يُؤْمِنُوا لَكُمْ وَقَدْ كَانَ
فَرِيقٌ مِّنْهُمْ يَسْمَعُونَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُونَهٗ مِنْ
بَعْدِ مَا عَقَلُوهُ وَهُمْ يَعْلَمُونَ ﴿٧٥﴾ وَإِذَا لَقُوا الَّذِينَ
اٰمَنُوا قَالُوٓا اٰمَنَّا ۚ وَإِذَا خَلَا بَعْضُهُمْ إِلٰى بَعْضٍ قَالُوٓا

**અને જ્યારે તમે એક ખૂન કર્યું તો એક બીજા પર એનો આક્ષેપ નાખવા લાગ્યા, અને અલ્લાહને જાહેર કરવું (હતું) જે તમે છૂપાવતા હતા (૭૨) તો અમે ફરમાવ્યું તે મરનારને તે ગાયનો એક ટુકડો મારો[૧૨૧] અલ્લાહ એમ જ મુર્દા જીવાડશે અને તમને પોતાની નિશાનીઓ બતાવે છે કે ક્યાંક તમને અક્કલ આવે[૧૨૨] (૭૩) ફરી ત્યાર બાદ તમારા દિલ સખ્ત થઇ ગયાં[૧૨૩] તો તે પથ્થરોની જેમ છે બલ્કે એનાથી વધારે સખ્ત અને પથ્થરોમાં તો અમુક તે છે જેમાંથી નદીઓ વહી નીકળે છે, અને અમુક તે છે જે ફાટી જાય છે તો તેમાંથી પાણી નીકળે છે, અને અમુક તે છે જે અલ્લાહના ડરથી પડી જાય છે[૧૨૪] અને નથી અલ્લાહ તમારા કરતુતોથી બેખબર (૭૪) તો અય મુસલમાનો ! શું તમને એ લાલચ છે કે યહૂદી તમારૂં યકીન લાવશે અને એમનામાંની એક ટુકડી તો તે હતી કે અલ્લાહનું કલામ સાંભળ્યા પછી સમજ્યા બાદ તેને જાણી જોઇને બદલી નાખતા[૧૨૫] (૭૫) અને જ્યારે મુસલમાનોથી મળે તો કહે, અમે ઇમાન લાવ્યા[૧૨૬] અને જ્યારે અંદર અંદર**

અને કહ્યું કે માંની પરવાનગી પર મોકૂફ ન રાખો, જવાને ન માન્યું, અને માંને ખબર આપી, તે શાણી સ્ત્રી સમજી ગઇ કે આ ગ્રાહક નથી કોઇ ફરિશ્તો લાગે છે, જે અજમાવવા ખાતર આવે છે. બેટાને કહ્યું કે આ વખતે ગ્રાહકને કહેજે કે તમે અમને ગાય વેચવાની પરવાનગી આપો છો કે નહીં? છોકરાએ એવું જ કહ્યું, ફરિશ્તાએ કહ્યું કે હમણાં એને રાખો. બની ઇસરાઇલ આવે. ત્યારે તેની કિંમત એવી નક્કી કરજો કે એમના ચામડામાં સોનું ભરી દેવામાં આવે, જવાન ગાયને ઘેર લાવ્યો, જ્યારે બની ઇસરાઇલ ઢુંઢતા ઢુંઢતા તેના ઘેર પહોંચ્યા તો એ જ કિંમત નક્કી કરી, અને હઝરત મૂસા અલયહિસ્સલામની જામિનગીરીથી તે ગાય બની ઇસરાઇલને હવાલે કરી.

આ બનાવથી અમુક મસઅલા જાણવા મળ્યા, (૧) જે પોતાના સંબંધીઓને અલ્લાહના હવાલે કરે અલ્લાહ તઆલા તેમનું આવુ સરસ પાલનપોષણ કરે છે. (૨) જે પોતાનો માલ અલ્લાહના ભરોસા પર તેની અમાનમાં સોંપી દે, અલ્લાહ તેમાં બરકત આપે છે. (૩) માં-બાપની ફરમાંબરદારી અલ્લાહને પ્રિય છે. (૪) ગૈબી ફેઝ કુરબાની અને ખૈરાત કરવાથી મળે છે. (૫) ખુદાની રાહમાં સારો માલ આપવો જોઇએ. (૬) ગાયની કુરબાની અફઝલ છે.

૧૨૦. બની ઇસરાઇલના લગાતાર સવાલો અને પોતાની ફજેતીની ફિકર અને ગાયની મોંઘી કિંમતથી એમ લાગતું હતું કે તેઓ ઝુબેહ કવાનો ઇરાદો ધરાવતા નથી, પણ જ્યારે તેમના સવાલો સંતોષકારક જવાબોથી ખતમ કરી દેવાયા ત્યારે તેમને ઝુબેહ કરવી જ પડી.

૧૨૧. બની ઇસરાઇલે ગાય ઝુબેહ કરીને તેના કોઇ ભાગ વડે મુરદાને માર્યું, તે અલ્લાહના હુકમથી

જીવતો થઇ ગયો, તેના ગળામાંથી લોહીના ફુવ્વારા ચાલુ હતા, તેણે પોતાના પિત્રાઇ ભાઇને બતાવી કહ્યું કે એણે મારૂં ખૂન ક્યું, હવે તેને પણ સ્વીકારવું પડયું, હઝરત મૂસા અલયહિસ્સલામે બદલામાં તેને કત્લ કરવાનો હુકમ આપ્યો, અને ત્યારબાદ હુકમ થયો કે :

**મસઅલો** : ખૂની મરનારના વારસાથી મેહરૂમ બની જશે.

**મસઅલો** : પણ આદિલે (ન્યાય કરનાર) બાગી (બળાખોર)ને મારી નાખ્યો, અથવા કોઇ હુમલાખોર પાસેથી જીવ બચાવવા સ્વરક્ષણમાં હુમલાખોર માર્યો ગયો, તો મરનારના વારસાથી મેહરૂમ નહીં થાય.

૧૨૨. અને તમે સમજો કે બેશક અલ્લાહ તઆલા મુર્દા જીવાડવાની શક્તિ ધરાવે છે અને કયામતના દિવસે મુર્દાઓને જીવતાં કરવાં અને હિસાબ લેવો હક છે.

૧૨૩. અને કુદરતની આવી મોટી નિશાનીઓથી પણ તમે બોધ ગ્રહણ ન કર્યો.

૧૨૪. આમ છતાં તમારાં દિલોને અસર થતો નથી, પથ્થરોમાં પણ અલ્લાહે સમજ શક્તિ આપી છે, તેમને અલ્લાહનો ડર લાગે છે, તેઓ તસ્બીહ પઢે છે, વઇમ મિન શયઇન ઇલ્લા યુસબ્બિહુ બિહમદિહી (કોઇ ચીજ એવી નથી જે તેની તસ્બીહ ન પઢતી હોય). મુસ્લિમ શરીફમાં હઝત જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, તે પથ્થરને ઓળખું છું જે નુબુવ્વત જાહેર કરતાં પહેલાં મને સલામ કરતો હતો. તિરમિઝીમાં હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હું સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે મક્કાની આજુબાજુ નીકળ્યો. જે ઝાડ કે પહાડ સામે આવતો તે અસ્સલામુ અલયક યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કહેતો હતો.

૧૨૫. જેવી રીતે તેઓએ તવરાતમાં ફેરફાર કર્યા. અને સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે સલ્લમની તારીફ વખાણને ફેરવી કાઢયા.

**શાનુ નુઝૂલ :** ૧૨૬. આ આયત તે યહૂદીઓ માટે ઉતરી જે સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સમયમાં હતા, ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાએ ફરમાવ્યું, યહૂદી મુનાફિકો જ્યારે સહાબાએ કિરામને મળતા ત્યારે કહેતા, જેના પર તમે ઇમાન લાવ્યા છો તેના પર અમે પણ ઇમાન લાવ્યા છીએ, તમે હક પર છો અને તમારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાચા છે, તેમનાં કથન સત્ય છે, અમે તેમના વખાણ અને ગુણો પોતાની કિતાબ તવરાતમાં દેખીએ છીએ.

આવા લોકો પર યહૂદી સરદારો મલામત કરતા હતા, એનું બયાન વઇઝા ખલા બઅદુહુમ માં છે (ખાઝિન)

**ફાયદો** : એનાથી જાણવા મળ્યું કે હક છુપાવવું અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ગુણોને છુપાવવા તેમજ આપના કમાલોને નકારવા એ યહૂદીઓનો તરીકો છે, આજકાલના ઘણા ગુમરાહોની આ આદત છે.

૧૨૭. કિતાબનો મતલબ તવરાત છે.

૧૨૮. અમાની ઉમનિય્યહનું બહુવચન છે અને એનો અર્થ મોઢે પઢવાનો થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાથી રિવાયત છે કે આ આયતના માયના એ છે કે તેઓ કિતાબને ફક્ત મોઢે પઢી લેવાનું જ જાણે છે, માયના સમજ્યા વગર (ખાઝિન) અમુક મુફસ્સિરોએ એ અર્થ પણ તારવ્યો છે કે 'અમાની'નો અર્થ તે જૂઠી અને ઉપજાવેલી વાતો છે જે યહૂદીઓએ પોતાના ધર્મ ગુરૂઓ પાસેથી સાંભળીને તહકીક કર્યા વગર માની લીધી હતી.

الٓمّٓ البقرة ٢

اَتُحَدِّثُوْنَهُمْ بِمَا فَتَحَ اللّٰهُ عَلَيْكُمْ لِيُحَآجُّوْكُمْ بِهٖ عِنْدَ
رَبِّكُمْ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۷۶﴾ اَوَلَا يَعْلَمُوْنَ اَنَّ اللّٰهَ يَعْلَمُ
مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ﴿۷۷﴾ وَمِنْهُمْ اُمِّيُّوْنَ لَا يَعْلَمُوْنَ
الْكِتٰبَ اِلَّآ اَمَانِيَّ وَاِنْ هُمْ اِلَّا يَظُنُّوْنَ ﴿۷۸﴾ فَوَيْلٌ
لِّلَّذِيْنَ يَكْتُبُوْنَ الْكِتٰبَ بِاَيْدِيْهِمْ ۗ ثُمَّ يَقُوْلُوْنَ هٰذَا
مِنْ عِنْدِ اللّٰهِ لِيَشْتَرُوْا بِهٖ ثَمَنًا قَلِيْلًا ؕ فَوَيْلٌ لَّهُمْ
مِّمَّا كَتَبَتْ اَيْدِيْهِمْ وَوَيْلٌ لَّهُمْ مِّمَّا يَكْسِبُوْنَ ﴿۷۹﴾
وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ؕ قُلْ
اَتَّخَذْتُمْ عِنْدَ اللّٰهِ عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ
اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۸۰﴾ بَلٰى مَنْ كَسَبَ
سَيِّئَةً وَّاَحَاطَتْ بِهٖ خَطِيْٓئَتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ

**એકલા હોય તો કહે, તે ઇલ્મ જે અલ્લાહે તમારા પર ખોલ્યું મુસલમાનોને કહી આપો છો કે એનાથી તમારા રબને ત્યાં તમારા પર જ દલીલ કરે, શું તમને અક્કલ નથી ? (૭૬) શું નથી જાણતા કે અલ્લાહ જાણે છે જે કંઇ તેઓ છુપાવે છે અને જે કંઇ જાહેર કરે છે (૭૭) અને તેમનામાં અમુક નિરક્ષર છે કે જેઓ કિતાબ[૧૨૭] ને નથી જાણતા પણ મોઢે પઢી લેવું[૧૨૮] અથવા કંઇ પોતાનું મનઘડત અને તેઓ નર્યા ગુમાનમાં છે. (૭૮) તો ખરાબી છે તેમના માટે જેઓ કિતાબ પોતાના હાથથી લખે, પછી કહી દે આ ખુદા તરફથી છે કે એના બદલે થોડી કીંમત પ્રાપ્ત કરે[૧૨૯] તો ખરાબી છે તેમના માટે પોતાના હાથો વડે લખેલાથી અને ખરાબી તેમના માટે આ કમાઇથી (૭૯) અને બોલ્યા અમને તો આગ નહીં અડે પણ ગણાત્રીના દિવસ[૧૩૦] તમે ફરમાવી દો, શું ખુદા પાસેથી તમે કોઇ વાયદો લઇ રાખ્યો છે ત્યારે તો અલ્લાહ કદાપી પોતાના વાયદાની વિરૂદ્ધ કરશે નહી[૧૩૧] અથવા ખુદા પર તે વાત કહો છો જેનું તમને ઇલ્મ નથી (૮૦) હા કેમ નહીં ! જે ગુનાહ કમાય અને તેની ભૂલ તેને ઘેરી લે[૧૩૨] તે**

## શાને નુઝૂલ :

૧૨૯. જ્યારે સૈયદે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મદીના તય્યબા પધાર્યા ત્યારે યહૂદીઓના ધર્મગુરૂઓ અને તેમના સરદારોને પાકો વહેમ પડયો કે તેમની રોજી ચાલી જશે, અને સરદારી મટી જશે, કારણ કે તવરાતમાં હુઝૂરની મુખાકૃતિ અને ગુણોનું વર્ણન કરાએલું છે, જ્યારે લોકો હુઝૂરને તે પ્રમાણે નિહાળશે તો તરત મુસલમાન થઇ જશે, અને પોતાના ધર્મગુરૂઓ તેમજ સરદારોને છોડી દેશે. આ વહેમથી તેઓએ તવરાતમાં ફેરફાર કરી નાખ્યા, અને હુઝૂરની મુખાકૃતિના બયાનમાં પણ ફેરફાર કર્યો, દા.ત. તવરાતમાં આપના વિશે લખ્યું હતું કે આપ ખૂબસૂરત, રૂપાળા વાળ, સૂરમો લગાવેલો હોય એવી આંખો, મધ્યમ કદવાળા છે, એને મિટાવીને તે લોકોએ પોતાના તરફથી લખી દીધું કે, તે ખૂબ લાંબા કદના, લીલી આંખોવાળા અને ગુંચવાએલા વાળવાળા છે, આવું જ લોકોને સમજાવતા અને આને જ ખુદાની કિતાબના લખાણ તરીકે ઠસાવતા હતા, અને સમજતા હતા કે જ્યારે લોકો હુઝૂરને આની વિરૂદ્ધ દેખશે તો આપના પર ઇમાન નહીં લાવે, અમારા ચાહકો બની રહેશે અને અમારી કમાઇમાં કંઇ ફેર નહીં પડે.

૧૩૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે યહૂદીઓ કહેતા કે તેઓ દોઝખમાં કદાપી દાખલ થવાના નથી પણ ફક્ત એટલા જ દિવસ જેટલા દિવસ તેમના પૂર્વજોએ વાછરડાની પૂજા કરી હતી, અને તે ચાલીસ દિવસો છે, ત્યાર બાદ તેઓ અઝાબમાંથી છુટી જશે, એના પર આ આયત ઉતરી.

૧૩૧. કારણ કે જૂઠ મોટી ઐબ છે અને ઐબ અલ્લાહ તઆલા માટે અશક્ય છે, માટે જૂઠ બોલે એ તો

النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٨١﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٨٢﴾
وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا
اللّٰهَ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى
وَالْمَسٰكِيْنِ وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ
وَاٰتُوا الزَّكٰوةَ ۭ ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَاَنْتُمْ
مُّعْرِضُوْنَ ﴿٨٣﴾ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ
وَلَا تُخْرِجُوْنَ اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ
تَشْهَدُوْنَ ﴿٨٤﴾ ثُمَّ اَنْتُمْ هٰٓؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ
وَتُخْرِجُوْنَ فَرِيْقًا مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ تَظٰهَرُوْنَ عَلَيْهِمْ
بِالْاِثْمِ وَالْعُدْوَانِ ۭ وَاِنْ يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ

**દોઝખવાળાઓમાં છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું (૮૧) અને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કાર્યો કર્યાં તેઓ જન્નતવાળા છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું (૮૨) અને જ્યારે અમે બની ઇસરાઇલ પાસેથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઇને ન પૂજો અને મા-બાપ સાથે ભલાઇ કરો[૧૩૩] અને સગાસંબંધીઓ અને યતીમો અને મિસ્કીનો સાથે, લોકોને સારી વાત કહો[૧૩૪] અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો પછી તમે ફરી ગયા[૧૩૫] પણ તમારામાંના થોડા[૧૩૬] અને તમે મોઢું ફેરવી લેનાર છો[૧૩૭] (૮૩) અને જ્યારે અમે તમારી પાસેથી વાયદો લીધો કે પોતાનાંઓનું ખૂન ન કરશો અને પોતાનાંઓને પોતાના ગામોમાંથી ન કાઢી મૂકશો પછી તમે એની કબૂલાત આપી અને તમે ગવાહ છો (૮૪) પછી આ જે તમો છો પોતાનાંઓને કત્લ કરવા લાગ્યા અને પોતાનાંઓમાંથી એક ટુકડીને તેમના વતનમાંથી કાઢી મૂકો છો, તેમના વિરૂદ્ધ મદદ કરો છો (તેમના વિરોધીઓને) ગુનાહ અને મર્યાદા વટાવવામાં, અને જો તેઓ કેદી બનીને તમારા પાસે આવે તો બદલો આપીને છોડાવી લો અને તેમને કાઢી મૂકવા તમારા પર હરામ**

શક્ય નથી, પણ જ્યારે અલ્લાહ તઆલાએ તમારી સાથે ૪૦ દિવસ અઝાબ આપીને છોડી દેવાનો વાયદો જ નથી કર્યો તો તમારી વાત જ જૂઠી છે.

૧૩૨. આ આયતમાં ગુનાહનો મતલબ શિર્ક અને કુફ્ર છે, અને ઘેરી લેવાનો મતલબ એ છે કે છુટકારાના બધા માર્ગો બંધ થઇ જાય, અને કુફ્ર - શિર્ક પર જ તેની મોત આવે, કારણ કે મોમિન ગમે તેવો ગુનેહગાર હોય તો પણ ગુનાહોથી ઘેરાએલો નથી હોતો, કારણ કે ઇમાન જે મોટામાં મોટી ઇતાઅત છે તેની સાથે હોય છે.

૧૩૩. અલ્લાહ તઆલાએ પોતાની ઇબાદતનો હુકમ ફમાવ્યા પછી માં-બાપ સાથે ભલાઇ કરવાનો આદેશ આપ્યો એનાથી જણાય છે કે માં-બાપની સેવા ઘણી જરૂરી છે, માં-બાપ સાથે ભલાઇ કરવાનો અર્થ છે કે એવી કોઇ વાત ન કહે અને એવું કોઇ કામ ન કરે જેનાથી તેઓને દુ:ખ થાય, અને પોતાના શરીર અને માલ વડે તેમની સેવા કરવામાં પાછીપાની ન કરે, જ્યારે તેઓને જરૂર હોય ત્યારે તેમની સેવામાં હાજર રહે.

**મસઅલો** : જો માં-બાપ પોતાની સેવા માટે નિફલ છોડી દેવાનો હુકમ કરે તો છોડી દે, તેમની સેવા નિફલ કરતાં અગ્રિમતા ધરાવે છે.

**મસઅલો** : માં-બાપના હુકમથી વાજિબ નહીં છોડવામાં આવે.

માં-બાપ સાથે ભલાઇ કરવાની રીત જે હદીષોથી સાબિત છે તે આ છે કે ખરા દિલથી તેમની સાથે મોહબ્બત રાખે, ચાલચલનમાં બોલવામાં ઉઠવા-બેસવામાં તેમનો અદબ જાળવે, તેમના વિશે તાઝીમવાળા શબ્દો

બોલે, તેમને ખુશ રાખવાના પ્રયત્નો કરતો રહે, પોતાના સારા માલને તેમનાથી ન બચાવે, તેમના મૃત્યુ પછી તેમની વસીયતોને પૂર્ણ કરે, તેમના માટે ફાતિહા, સદકા અને તિલાવતે કુરઆન વિગેરેથી સવાબ પહોંચાડે, અલ્લાહ પાક પાસે તેમની મગફિરતની દુઆ કરે, દરેક અઠવાડિયે તેમની કબ્રની ઝિયારત કરે. (ફત્હુલ અઝીઝ)

માં-બાપ સાથે ભલાઇ કરવામાં એનો પણ સમાવેશ થાય છે કે જો તેઓ ગુનાહોથી ટેવાએલા હોય અથવા કોઇ બદમઝહબીમાં સપડાએલા હોય તો તેમને નરમીથી સુધારણા, તકવા અને સાચા અકીદા તરફ લાવવા પ્રયત્ન કરે. (ખાઝિન)

૧૩૪. સારી વાતનો મતલબ નેકીઓનો શોખ અપાવવો અને ગુનાહોથી રોકવાનો થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમા એ ફરમાવ્યું આનો અર્થ એ થાય છે કે સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં હક અને સાચી વાત કહો, જો કોઇ પૂછે તો હુઝૂરના કમાલો અને ગુણો સાચી રીતે રજુ કરી આપો, અને આપની ખૂબીઓ ન છુપાવો.

૧૩૫. વાયદા પછી.

૧૩૬. જેઓ ઇમાન લઇ આવ્યા, જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો કે તેઓએ વાયદો પુરો કર્યો.

૧૩૭. અને તમારી કૌમની ટેવ જ ફેરવી તોળવાની અને વાયદાથી ફરી જવાની છે.

**શાને નુઝૂલ**

૧૩૮. તવરાતમાં બની ઇસરાઇલ પાસેથી વાયદો લેવામાં આવ્યો હતો કે તેઓ અંદર અંદર એક બીજાનાં ખૂન ન કરે, વતનમાંથી ન કાઢી મૂકે, અને જે બની ઇસરાઇલ બીજાની કેદમાં હોય તેને માલ આપીને છોડાવી લે, આ વાયદાની તેઓએ કબૂલાત પણ આપી પોતાની જાતો પર સાક્ષી પણ બન્યા, છતાં પણ એના પર કાયમ ન રહ્યા, અને ફરી ગયા.

હકીકત એ મુજબ છે કે મદીનાના પાદરમાં યહૂદીઓના બે કબીલાઓ રહેતા હતા, જેમાંથી એકનું નામ 'બની કુરેઝા' અને બીજાનું 'બની નુઝેર' હતું, અને મદીના શરીફમાં 'ઔસ' અને 'ખઝરજ' સાથે એવા કરારોથી જોડાએલા હતા, કે જો આપણામાંના ગમે તેના પર હુમલો થાય તો બીજો તેની મદદ કરશે, હવે 'ઔસ' અને 'ખઝરજ' ને એક બીજા સાથે લડાઇ રહેતી હતી, આ બન્ને કબીલા એમના કરારના સાથીદારોની મદદે જતા અને એ રીતે અંદર અંદર એક બીજાને કતલ કરતા હતા, અને એમના ઘરો વેરાન કરી દેતા હતા, તેમને તેમના રહેઠાણોમાંથી કાઢી મૂકતા હતા, પણ જ્યારે એમની પોતાની કૌમના માણસોને એમના કરારવાળા સાથીદારો કેદ પકડતા ત્યારે એ લોકો માલ આપીને તેને છોડાવી લેતા હતા, દા.ત. 'બની નુઝેર' નો કોઇ માણસ 'ઔસ' વાળાઓના હાથે પકડાઇ જતો તો 'બની કુરેઝા' 'ઔસ'ને માલ બદલામાં આપી તેને છોડાવી લેતા, જો કે લડાઇ સમયે એ જ માણસ જો એમના દાવ પર આવી જતો તો તેને કત્લ કરવામાં કશો વિચાર કરતા નહીં.

આ બાબત પરજ એમને સંભળાવામાં આવે છે કે જ્યારે તમે પોતાનાઓની ખૂનરેજી ન કરવા તેમને પોતાના ઘરોમાંથી ન કાઢવા, અને તેમના કૈદીઓને છોડાવવાનો વાયદો કર્યો હતો, તો પછી એનો શું અર્થ કે કત્લ અને ખૂનરેજી કરવામાં તો વિચાર કરો નહિ, અને પકડાઇ જાય તો છોડવતા ફરો, વાયદામાંથી અમુક વાત માનવી અને અમુક ન માનવી એનો શું અર્થ છે, જ્યારે તમે કત્લ કરવામાં અને ઘરોમાંથી કાઢી

الم البقرة ٢

وهو محرم عليكم إخراجهم أفتؤمنون ببعض
الكتاب وتكفرون ببعض فما جزاء من يفعل ذلك
منكم إلا خزي في الحيوة الدنيا ويوم القيمة يردون
إلى أشد العذاب وما الله بغافل عما تعملون ﴿٨٥﴾ أولئك
الذين اشتروا الحيوة الدنيا بالآخرة فلا يخفف
عنهم العذاب ولا هم ينصرون ﴿٨٦﴾ ولقد آتينا
موسى الكتب وقفينا من بعده بالرسل وآتينا
عيسى ابن مريم البينت وأيدنه بروح القدس
أفكلما جاءكم رسول بما لا تهوى أنفسكم استكبرتم
ففريقا كذبتم وفريقا تقتلون ﴿٨٧﴾ وقالوا قلوبنا
غلف بل لعنهم الله بكفرهم فقليلا ما يؤمنون ﴿٨٨﴾

**છે[138] તો શું ખુદાના અમુક હુકમો પર ઇમાન લાવો છો અને અમુકને નકારો છો, તો જે તમારામાં એવું કરે તેનો બદલો શું છે પણ એ જ કે દુનિયામાં બેઇજ્જત થાય[139] અને કયામતમાં ઘણા જ સખત અઝાબ તરફ લઇ જવામાં આવશે અને અલ્લાહ તમારા કરતુતોથી અજાણ નથી[140] (૮૫) આ છે તે લોકો જેઓએ આખેરતના બદલે દુનિયાનું જીવન ખરીદી લીધું, તો ન તેઓ પરથી અઝાબ હલ્કો થાય ન તેઓની મદદ કરવામાં આવે (૮૬) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી[141] અને તેના પછી અનેક રસૂલો મોકલ્યા[142] અને અમે ઇસા મરયમના બેટાને ખુલ્લી નિશાનીઓ આપી[143] અને પાક રૂહ[144] વડે તેની મદદ કરી[145] તો શું જ્યારે તમારી પાસે કોઇ રસૂલ તે લઇને આવે જે તમારા મનની ઇચ્છા નથી, ઘમંડ કરો છો. તો તે (પૈગમ્બરો) માં એક જુથને તમે જૂઠલાવો છો. અને એક જુથને શહીદ કરો છો[146] (૮૭) અને યહૂદી બોલ્યા અમારા દિલો પર પરદા પડયા છે[147] બલ્કે અલ્લાહે તેમના પર લાઅનત કરી તેમના કુફ્રના કારણે તો તેમનામાં થોડા ઇમાન લાવે છે[148] (૮૮)**

મૂકવામાં ન રોકાયા તો તમે વાયદો તોડેલો જ ગણાશે, અને હરામ કૃત્ય કરેલું જ ગણાશે, અને તમે એને હલાલ ગણ્યુ એટલે તમે કાફિર થઇ ગયા.

**મસઅલો** : એ આયતથી જાણવા મળ્યું કે જુલ્મ અને હરામ બાબત પર મદદ કરવી પણ હરામ છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે કતઇ હરામને હલાલ જાણવું કુફ્ર છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે અલ્લાહની કિતાબના અમુક હુકમોને ન માનવા એ પણ આખી કિતાબને ન માનવા જેવું જ ઠરે છે, અને એ કુફ્ર છે.

**ફાયદો** : એમાં એની પણ ચેતવણી છે કે જ્યારે ખુદાના હુકમોમાંથી અમુક માનવા અમુક ન માનવા કુફ્ર છે, તો પછી યહૂદીઓનું હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઇન્કાર કરવાની સાથે હઝરત મૂસા અલયહિસ્સલામને માનવું તેમને કુફ્રથી બચાવી શકશે નહીં.

૧૩૯. દુનિયામાં બેઇજ્જતી તો એ પ્રમાણે થઇ કે ૩ હિ.સ.માં 'બની કુરેઝા' મરાઇ ગયા, એક દિવસમાં તેમના ૭૦૦ માણસો માર્યા ગયા, અને 'બની નુઝેર' ત્યાર પહેલાં જ તડીપાર કરવામાં આવ્યા હતા, પોતાના કરારના સાથીદારોની ખાતર અલ્લાહના હુકમનું ઉલ્લંઘન આ પરિણામ લાવ્યું.

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે કોઇની તરફદારી માટે દીનના હુકમોનુ ઉલ્લંઘન કરવાથી આખેરતના અઝાબ ઉપરાંત દુનિયામાં પણ બેઇજ્જતી થાય છે.

૧૪૦. એમાં નાફરમાનો માટે અઝાબની ખબર આપવામાં આવી છે કે અલ્લાહ તમારા કાયોથી અજાણ નથી.

૧૪૧. આ કિતાબ એટલે તવરાત, જેમાં અલ્લાહ તઆલાના બધા વાયદા બયાન કરાયા હતા, બધાંથી મહત્વનો વાયદો એ હતો કે દરેક જમાનાના પૈગમ્બરોનુ કહેવું માનશો, તેમના પર ઇમાન લાવશો, અને તેમની તાઝીમ કરશો.

૧૪૨. હઝરત મૂસા અલયહિસ્સલામના જમાનાથી હઝરત ઇસા અલયહિસ્સલામના સમય સુધી એક પછી એક નબીઓ આવતા રહ્યા, એમની સંખ્યા ચાર હજાર કહેવામાં આવે છે, આ તમામ પૈગમ્બરો હઝરત મૂસા અલયહિસ્સલામની શરીઅતના રખેવાળ અને તેના હુકમો ચલાવનાર હતા, હવે ખાતિમુલ અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી કોઇને નુબુવ્વત મળી શકતી નથી એટલે શરીઅતે મોહમ્મદિ-યહની હિફાઝત અને એનો પ્રચાર હક્કાની ઉલમા અને દીનના મુજદ્દિદોને સુપ્રત થયો છે.

૧૪૩. આ નિશાનીઓ એટલે હઝરત ઇસા અલયહિસ્સલામના મુઅજેઝા, જેમકે મરેલાંઓને જીવતા કરવાં, આંધળા અને કોઢવાળાને સારા કરી દેવા. પક્ષીઓ બનાવી તેને સજીવ કરવા ગૈબની વાતો કહેવી વિગેરે.

૧૪૪. પાક રૂહ (રૂહે કુદસ) એટલે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ જેઓ રૂહાની છે. વહી લાવે છે. જેનાથી દિલો જીવંત થાય છે, તેઓ હઝરત ઇસા અલયહિસ્સલામની સાથે રહેવા માટે હુકમ કરાએલા હતા, હઝરત ઇસા અલયહિસ્સલામ ૩૩ વર્ષની ઉમરે જીવતા આસ્માન પર ઉઠાવી લેવાયા, ત્યાર સુધી સફરમાં અને બિન સફરમાં કદી પણ હઝરત જિબ્રઇલ એમનાથી અલગ થયા નથી, રૂહુલ કુદસ વડે મદદ એ ઇસા અલયહિસ્સલામની જબરદસ્ત ફઝીલત છે, સય્યિદે અમ્બિયા અલયહિસ્સલામના સદકામાં હુઝૂરના અમુક ઉમ્મતીઓને પણ રૂહુલ કુદસની મદદ મળી છે, સહીહ બુખારી વિ.માં છે કે હઝરતે હસ્સાન રદિયલ્લાહો અન્હો માટે મિમ્બર પાથરવામાં આવતું, તેઓ નઅત શરીફ પઢતા, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેમના માટે ફરમાવતા અલ્લાહુમ્મ અય્યિદહુ બિરૂહિલ કુદુસ અય અલ્લાહ ! તુ રૂહુલ કુદુસ વડે એની મદદ કર.

૧૪૫. છતાં હે યહૂદીઓ ! તમારી સરકશીમાં કોઇ ફરક ન આવ્યો.

૧૪૬. યહૂદીઓ પૈગમ્બરોના હુકમો પોતાની મનેચ્છાઓની વિરૂધ્ધ જોઇને તેમને જૂઠલાવતા અને મોકો પામતા તો તેઓ શહીદ કરી દેતા હતા, જેવી રીતે કે એમણે હઝરત શઅયા અને ઝકરિયા અને બીજા ઘણા પૈગમ્બરોને શહીદ કરી નાખ્યા, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાછળ પણ પડેલા રહ્યા, કદીક આપ પર જાદૂ કર્યું, કદીક ઝેર આપ્યું. જાત જાતના ફરેબ શહીદ કરી નાખવાની નિયતથી કર્યા.

૧૪૭. યહૂદીઓએ આવું મશ્કરીમાં કહ્યું હતું, એમનો મતલબ એ હતો કે હુઝૂરની હિદાયતને એમનાં દિલો સુધી માર્ગ નથી, અલ્લાહ તઆલાએ એમનો રદીયો આપ્યો કે બેદીન લોકો જૂઠા છે. દિલ તો અલ્લાહ તઆલાએ એની પ્રકૃતિ પર બનાવ્યાં છે, અને તેમાં હક સ્વીકારવાની લાયકાત મૂકેલી છે, એ તો એમના કુફ્રનું ફળ છે કે એમણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નબુવ્વતનો સ્વીકાર કર્યા પછી ઇન્કાર કરી દીધો, અલ્લાહ તઆલાએ એમના પર લઅનત ફરમાવી એનો અસર છે કે હકના સ્વીકાર જેવી નેઅમતથી અભાગી રહી ગયા,

૧૪૮. આજ બયાન બીજી જગ્યાએ આ પ્રમાણે છે બલ તબઅલ્લાહ અલયહા બિકુફરિહિમ ફલા યુઅમિનૂન ઇલ્લા કલીલા

૧૪૯. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નબુવ્વત અને આપના ગુણોના બયાનમાં. (ખાઝિન)

**અને જ્યારે એમની પાસે અલ્લાહની તે કિતાબ (કુરઆન) આવી. જે એમના સાથવાળી કિતાબ (તવરેત)ની સત્યતા જાહેર કરે છે[૧૪૯] અને અત્યાર પહેલાં તેઓ આ નબીના વસીલાથી જ કાફિરો પર વિજય માંગતા હતા[૧૫૦] તો જ્યારે પધાર્યા એમના પાસે તે ઓળખાએલો તેનાથી મુન્કિર થઇ બેઠા[૧૫૧] તો અલ્લાહની લાઅનત મુન્કિરો પર (૮૯) કેવી ખરાબ કીંમતે તેઓએ પોતાના જીવોને ખરીદ્યા કે અલ્લાહના ઉતારેલાથી મુન્કિર થાય[૧૫૨] એની ઇર્ષાથી કે અલ્લાહ પોતાના ફઝલથી પોતાના જે બન્દા પર ઇચ્છે વહી ઉતારે[૧૫૩] તો ગઝબ પર ગઝબને પાત્ર ઠર્યા[૧૫૪] અને કાફિરો માટે બેઇજજતીનો અઝાબ છે[૧૫૫] (૯૦) અને જ્યાં કહેવામાં આવે, તેઓને કે અલ્લાહે ઉતારેલા પર ઇમાન લાવો[૧૫૬] તો કહે છે તે જે અમારા પર ઉતર્યું તેના પર ઇમાન લાવીએ છીએ[૧૫૭] અને બાકીને નકારીએ છીએ, તેના હક હોવા છતાં. તેમની પાસેવાળાની સત્યતા જાહેર કરતાં[૧૫૮] તમે ફરમાવો કે પછી આગલા અમ્બિયાને શા માટે શહીદ કર્યા જો તમને પોતાની કિતાબ પર ઇમાન હતું[૧૫૯] (૯૧) અને બેશક ! તમારી પાસે મૂસા ખુલ્લી નિશાનીઓ લઇને પધાર્યા પછી તમે તેના પછી[૧૬૦] વાછરડાને મઅબૂદ બનાવી લીધો અને**

وَلَمَّا جَآءَهُمْ كِتٰبٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ
وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى الَّذِيْنَ كَفَرُوْا فَلَمَّا
جَآءَهُمْ مَّا عَرَفُوْا كَفَرُوْا بِهٖ فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ ﴿٨٩﴾
بِئْسَمَا اشْتَرَوْا بِهٖۤ اَنْفُسَهُمْ اَنْ يَّكْفُرُوْا بِمَاۤ اَنْزَلَ اللّٰهُ
بَغْيًا اَنْ يُّنَزِّلَ اللّٰهُ مِنْ فَضْلِهٖ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ
عِبَادِهٖ فَبَآءُوْ بِغَضَبٍ عَلٰى غَضَبٍ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ
مُّهِيْنٌ ﴿٩٠﴾ وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا بِمَاۤ اَنْزَلَ اللّٰهُ قَالُوْا
نُؤْمِنُ بِمَاۤ اُنْزِلَ عَلَيْنَا وَيَكْفُرُوْنَ بِمَا وَرَآءَهٗ
وَهُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا مَعَهُمْ قُلْ فَلِمَ تَقْتُلُوْنَ
اَنْۢبِيَآءَ اللّٰهِ مِنْ قَبْلُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٩١﴾ وَلَقَدْ
جَآءَكُمْ مُّوْسٰى بِالْبَيِّنٰتِ ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْ

**શાને નુઝૂલ :** ૧૫૦. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જાહેર થવા અને કુરઆને કરીમ નાઝિલ થતાં પહેલાં યહૂદીઓ પોતાની હાજતો માટે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નામે પાકના વસીલાથી દુઆ કરતા અને સફળતા મેળવતા હતા, અને આ મુજબ દુઆ કરતા હતા, અલ્લાહુમ્મફતહ અલયના વન્સુરના બિન્ન નબીય્યિલ, ઉમ્મીય્યે – અય રબ ! અમને તારા નબીએ ઉમ્મીના સદકામાં વિજય આપ.

**મસઅલો :** એનાથી જાણવા મળ્યું કે અલ્લાહના મકબૂલ બન્દાઓના વસીલાથી દુઆ કબૂલ થાય છે, એ પણ જાણવા મળ્યું કે હુઝૂરની પહેલાં હુઝૂરના આગમનની ખબર થએલી હતી, તે સમયે પણ હુઝૂરના વસીલાથી લોકોની હાજતો પુરી થતી હતી.

૧૫૧. આ ઇન્કાર ઇર્ષા, અદેખાઇ અને સરદારીના પ્રેમની ખાતર હતો.

૧૫૨. અર્થાત આદમીએ પોતાની જાન છોડાવવા તે જ કાર્ય કરવું જોઇએ જેનાથી છુટવાની આશા હોય, યહૂદીઓએ એવો ખરાબ સોદો કર્યો કે અલ્લાહના નબી અને તેની કિતાબના મુન્કિર બની બેઠા.

૧૫૩. યહૂદીઓની અભિલાષા હતી કે ખત્મે રિસાલતનો મરતબો તેમનામાંથી કોઇને મળતો જ્યારે તેઓ મેહરૂમ રહ્યા અને બની ઇસ્માઇલ પર આ મહેરબાની થઇ ત્યારે અદેખાઇ અને ઇર્ષાના માર્યા મુન્કિર બની ગયા.

**મસઅલો :** એનાથી જાણવા મળ્યું કે હસદ અને ઇર્ષા હરામ અને મેહરૂમીનું કારણ બને છે.

૧૫૪. એટલે કે પ્રકાર પ્રકારના ગઝબને પાત્ર ઠર્યા.

૧૫૫. એનાથી જાણવા મળ્યું કે બેઇજજતીવાળો અઝાબ ખાસ કાફિરો માટે છે, મોમિનોને ગુનાહના

بَعْدِهٖ وَاَنْتُمْ ظٰلِمُوْنَ ﴿٩٢﴾ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ وَ
رَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ ؕ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّ
اسْمَعُوْا ؕ قَالُوْا سَمِعْنَا وَعَصَيْنَا ۗ وَاُشْرِبُوْا فِىْ قُلُوْبِهِمُ
الْعِجْلَ بِكُفْرِهِمْ ؕ قُلْ بِئْسَمَا يَاْمُرُكُمْ بِهٖٓ اِيْمَانُكُمْ
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٩٣﴾ قُلْ اِنْ كَانَتْ لَكُمُ الدَّارُ
الْاٰخِرَةُ عِنْدَ اللّٰهِ خَالِصَةً مِّنْ دُوْنِ النَّاسِ
فَتَمَنَّوُا الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٩٤﴾ وَلَنْ يَّتَمَنَّوْهُ
اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٩٥﴾
وَلَتَجِدَنَّهُمْ اَحْرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ۚ وَمِنَ الَّذِيْنَ
اَشْرَكُوْا ۚ يَوَدُّ اَحَدُهُمْ لَوْ يُعَمَّرُ اَلْفَ سَنَةٍ ۚ وَمَا هُوَ بِمُزَحْزِحِهٖ
مِنَ الْعَذَابِ اَنْ يُّعَمَّرَ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿٩٦﴾

**તમે જાલિમ હતા[૧૬૧] (૯૨) અને યાદ કરો જ્યારે અમે તમારાથી વાયદો લીધો[૧૬૨] અને તૂર પહાડને તમારા માથાંઓ પર અધ્ધર કર્યો, લો જે અમે તમને આપીએ છીએ બળથી અને સાંભળો! બોલ્યા, અમે સાંભળ્યું. અને ન માન્યું, અને તેમનાં દિલોમાં વાછરડું ઘર કરી ગયું હતું તેમના કુફ્રના કારણે, તમે ફરમાવી દો, તમને તમારૂં ઇમાન કેવો ખરાબ હુકમ આપે છે જો ઇમાન ધરાવતા હોય[૧૬૩] (૯૩) તમે ફરમાવી દો, જો પાછળનું ઘર (જન્નત અલ્લાહને ત્યાં ખાસ તમારા માટે હોય, ન બીજાઓ માટે તો જો સાચા હોઉ તો મોતની ઇચ્છા તો કરો[૧૬૪] (૯૪) કદાપી તેની ઇચ્છા નહિ કરો.[૧૬૫] પોતાના અગાઉ કરેલા ખરાબ કૃત્યોના કારણે[૧૬૬] અને અલ્લાહ જાલિમોને સારી રીતે જાણે છે (૯૫) અને નિશંક! તમે જરૂર એમને બધા લોકોથી વધુ જીવવાની અભિલાષા ધરાવતા પામશો અને મુશ્રિકોમાંના એકની ઇચ્છા છે કે ક્યાંય હજાર વર્ષ જીવે[૧૬૭] અને તે (હજાર વર્ષ જીવવું) તેને અઝાબથી દૂર નહિ રાખે જો આટલું આયુષ્ય મળી જાય (તો પણ) અને અલ્લાહ એમના કરતૂતો જોઇ રહ્યો છે (૯૬)**

કારણે અઝાબ થશે તો પણ બેઇજજતી સાથે નહી થાય, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, વલિલ્લાહિલ્ ઇઝ-ઝતુ વલિરસૂલિહી વલીલ્ મુઅમિનીન.

૧૫૬. આથી કુરઆને પાક અને તમામ તે કિતાબો અને સહીફા મુરાદ છે જે અલ્લાહે ઉતારી, એટલે કે બધા પર ઇમાન લાવો.

૧૫૭. આનાથી તેઓનો મતલબ તવરાત હતો.

૧૫૮. એટલે કે તવરાત પર ઇમાન લાવ્યાનો દાવો જૂઠો છે. કારણ કે કુરઆને પાક જે તવરાતની સત્યતા જાહેર કરે છે તેનો ઇન્કાર એ તવરાતનો ઇન્કાર થઇ ગયો.

૧૫૯. આમાં એમની વાતને જૂઠી સાબિત કરવામાં આવી છે કે તવરાત પર ઇમાન ધરાવતા હોત તો અમ્બિયા અલયહિમુસ્સલામને શહીદ ન કરત.

૧૬૦. એટલે કે હઝરત મૂસા અલયહિસ્સલામ તૂર પર ગયા બાદ.

૧૬૧. આમાં પણ તેમની વાતનો રદીયો છે કે તમારો મૂસા અલયહિસ્સલામની શરીઅતને માનવાનો દાવો ખોટો છે, જો તમે માનતા હોત તો મૂસા અલયહિસ્સલામના અસા અને યદેબયઝા વિગેરેની ખુલ્લી નિશાનીઓ જોયા પછી વાછરડાની પૂજા ન કરત.

૧૬૨. તવરાતના હુકમો પર અમલ કરવાનો.

૧૬૩. આમાં પણ તેમના ઇમાનના દાવાને ખોટો સાબિત કરવામાં આવ્યો છે.

૧૬૪. યહૂદીઓના જૂઠા દાવાઓ પૈકીમાંનો એક દાવો એ હતો કે જન્નત ખાસ તેમના માટે જ છે, તેનો

**તમે ફરમાવી દો, જે કોઇ જિબ્રઇલનો દુશ્મન હોય[૧૬૮] તો તેણે (જિબ્રઇલે) અલ્લાહના હુકમથી તમારા દિલ પર આ કુરઆન ઉતાર્યું આગલી કિતાબોની સત્યતા જાહેર કરતું અને મુસલમાનોને હિદાયત અને ખુશખબરી (આપતું)[૧૬૯] (૯૭) જે કોઇ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના રસૂલો અને જીબ્રઇલ અને મીકાઇલનો દુશ્મન હોય તો અલ્લાહ કાફિરોનો દુશ્મન છે[૧૭૦] (૯૮) અને બેશક ! અમે તમારી તરફ રોશન આયતો ઉતારી[૧૭૧] અને ફાસિકો સિવાય કોઇ તેનું મુન્કર નહીં થાય (૯૯) અને શું જ્યારે કદી કોઇ વાયદો કરે છે તો એમનામાંની એક ટોળકી તેને ફેંકી દે છે, બલ્કે એમનામાંના ઘણાઓને ઇમાન નથી[૧૭૨] (૧૦૦) અને જ્યારે એમની પાસે પધાર્યા અલ્લાહના ત્યાંથી એક રસૂલ[૧૭૩] એમની કિતાબોની સત્યતા જાહેર કરતા[૧૭૪] તો કિતાબવાળાઓમાંથી એક ટોળીએ અલ્લાહની કિતાબ પીઠ પાછળ નાખી દીધી[૧૭૫] જાણે કે તે કંઇ ઇલ્મ ધરાવતા જ નથી[૧૭૬] (૧૦૧) અને તેની પાછળ ચાલી નીકળ્યા જે સુલેમાનના રાજ્ય સમયે શયતાનો પઢયા કરતા હતા[૧૭૭] અને સુલેમાને કુફ્ર**

قل من كان عدوا لجبريل فإنه نزله على قلبك
بإذن الله مصدقا لما بين يديه وهدى وبشرى
للمؤمنين ﴿٩٧﴾ من كان عدوا لله وملٰئكته ورسله
وجبريل وميكٰل فإن الله عدو للكٰفرين ﴿٩٨﴾ ولقد
أنزلنا إليك اٰيٰت بينٰت وما يكفر بها إلا الفٰسقون ﴿٩٩﴾
أوكلما عٰهدوا عهدا نبذه فريق منهم بل
أكثرهم لا يؤمنون ﴿١٠٠﴾ ولما جاءهم رسول من
عند الله مصدق لما معهم نبذ فريق من الذين
أوتوا الكتٰب كتٰب الله وراء ظهورهم كأنهم لا
يعلمون ﴿١٠١﴾ واتبعوا ما تتلوا الشيٰطين على ملك
سليمٰن وما كفر سليمٰن ولٰكن الشيٰطين

રદીયો આપવામાં આવે છે કે તમારા ખ્યાલ મુજબ જો જન્નત ખાસ તમારા જ માટે હોય અને આખેરત માટે તમે નચિંત હોય, આમાલની આવશ્યકતા ન હોય તો જન્નતની નેઅમતોને બદલે દુનિયાની મુસીબતો શા માટે વેઠો છો ? મોતની ઇચ્છા કરો કારણ કે તમારા દાવા મુજબ એનાથી તમને રાહત મળશે, (કે મર્યા વગર જન્નતમાં જવાશે નહીં) જો તમે મરવાની ઇચ્છા નહીં કરો તો એ તમારા જૂઠા હોવાની દલીલ બનશે, હદીષ શરીફમાં છે કે જો તેઓ આ સમયે મરવાની ઇચ્છા કરત તો બધાનો નાશ થઇ જાત અને આખી પૃથ્વી પર કોઇ યહૂદી બાકી ન રહેત.

૧૬૫. આ ગયબની ખબર અને મુઅજિઝો છે કે યહૂદીઓ ખૂબ જ જીદ અને સખ્ત વિરોધમાં હોવા છતાં મોતની ઇચ્છા દર્શાવતો કોઇ શબ્દ ન બોલી શક્યા.

૧૬૬. દા.ત. નબીએ આખિરૂઝઝમાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને કુરઆન સાથે કુફ્ર અને તવરાતમાં કરેલા ફેરફાર વિગેરે.

**મસઅલો** : મોતની મોહબ્બત અને પોતાના પરવરદિગારની મુલાકાતનો શોખ અલ્લાહના મકબૂલ બન્દાઓનો તરીકો છે. હઝરત ઉમર રદિયલ્લાહો અન્હો દરેક નમાઝ પછી આ મુજબ દુઆ માંગતા હતા, ''અય રબ ! મને તારી રાહમાં શહાદત અને તારા હબીબના શહેરમાં મરણ નસીબ કર !'' સામાન્ય રીતે બધા જ મોટા મોટા સહાબા અને ખાસ કરીને બદર અને ઉહદમાં શહીદ થએલા સહાબા અને 'બયઅતે રિદ્‌વાન' વાળા સહાબા અલ્લાહના માર્ગમાં મોતની મોહબ્બત ધરાવતા હતા. હઝરત સઅદ બિન વક્કાસ રદિયલ્લાહો અન્હોએ કુફ્ફારના સરસેનાપતિ રૂસ્તમ બિન ફર્ખઝાદને જે પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું

'મારા સાથીઓ મોતને એવું પ્રિય સમજે છે જેટલું અજમી લોકો શરાબને પ્રિય સમજે છે.'

શરાબની અપૂર્ણ મસ્તીને દુનિયાની મહોબ્બતના દીવાના પ્રિય સમજે છે અને અલ્લાહવાળાઓ મોતને હકીકી મહબૂબની મુલાકાતનું સાધન જાણીને પ્રિય સમજે છે, મતલબ કે ઇમાનવાળાઓ આખેરતનો શોખ ધરાવે છે, અને જો તેઓ લાંબા જીવનની ઇચ્છા પણ દર્શાવે તો એ એટલા માટે હોય છે કે નેકીઓ કરવા માટે થોડો વધુ સમય મળી રહે, જેના વડે આખેરતમાં મોટી નેકીઓનો ભંડાર થોડો વધુ ભેગો કરી શકાય, અને જો પાછળની જિંદગીમાં કંઇ ગુનાહ થયા હોય તો તેની તવબહ ઇસ્તિગફાર કરવાનો મોકો મળે.

**મસઅલો** : સહીહ હદીષમાં છે કે કોઇ દુનિયાની મુસીબતથી પરેશાન થઇને મોતની ઇચ્છા ન કરે, વાસ્તવમાં દુનિયાની પરેશાનીઓથી ગભરાઇને મોતની દુઆ કરવી સબ્ર - રઝા - તવક્કલના વિરૂદ્ધ છે. અને નાજાઇઝ છે.

૧૬૭. મુશ્રિકોમાંનો એક ફિર્કો મજૂસી (અગ્નિ પૂજકો) છે. અંદર અંદર સલામ વખતે કહે છે ''હજાર વરસ જીવો'' મતલબ એ છે કે મજૂસી મુશ્રિકો હજાર વરસ જીવવાની ઇચ્છા ધરાવે છે, યહૂદીઓ એમને પણ વધી ગયા કે દુનિયવી જીવનની લાલચ સહુથી વધુ છે.

**શાને નુઝૂલ** : ૧૬૮. યહૂદીઓના ધર્મગુરૂ અબ્દુલ્લાહ બિન સુરિયાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કહ્યું, તમારી પાસે આસ્માનમાંથી ક્યો ફરિશ્તો આવે છે ? આપે ફરમાવ્યું, જિબ્રઇલ, પેલાએ કહ્યું, તે અમારો દુશ્મન છે. પહેલાં ઘણા વખત એણે અમારા પર અઝાબ ઉતાર્યો હતો, અને ઘણા વખત અમારી સાથે દુશ્મની કરી ચૂક્યો છે. જો મીકાઇલ આવતા હોત તો અમો આપના પર ઇમાન લઇ આવતા.

૧૬૯. તો યહૂદીઓની જિબ્રઇલ સાથે દુશ્મની અર્થ વગરની છે, બલ્કે જો એમની પાસે ન્યાય હોત તો જિબ્રઇલ સાથે મહોબ્બત કરત. અને એમનો આભાર માનત કે એક એવી કિતાબ લાવ્યા જેનાથી એમની કિતાબોની સત્યતા જાહેર થાય છે.

૧૭૦. આનાથી જાણવા મળ્યું કે અમ્બિયા અને ફરિશ્તાઓની દુશ્મની કુફ્ર અને અલ્લાહના ગઝબનુ કારણ બને છે, અને અલ્લાહના પ્યારા બંદાઓ સાથે દુશ્મની કરવી એ ખુદાની દુશ્મની વહોરી લેવા સમાન છે.

**શાને નુઝૂલ** : ૧૭૧. આ આયત ઇબ્ને સુરિયા યહૂદીના જવાબમાં ઉતરી જેણે કહ્યું હતું કે અય મુહમ્મદ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમે અમારી પાસે કોઇ એવી વસ્તુ ન લાવ્યા જેને અમે ઓળખી શકતા, અને ન તો તમારા પર કોઇ સ્પષ્ટ નિશાની ઉતરી જેની પર અમે અમલ કરત.

**શાને નુઝૂલ** : ૧૭૨. આ આયત માલિક બિન સૈફ યહૂદીના જવાબમાં ઉતરી, જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે યહૂદીઓને અલ્લાહ તઆલાના તે વાયદા યાદ અપાવ્યા જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર ઇમાન લાવવા વિશે (તવરાત)માં લેવામાં આવ્યા હતા, ત્યારે ઇબ્ને સૈફે વાયદાનો જ ઇન્કાર કરી દીધો.

૧૭૩. એટલે કે સૈયદે આલમ મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

૧૭૪. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તવરાત અને ઝબૂર વિગેરેની સત્યતા જાહેર કરતા હતા, અને તે કિતાબોમાં પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી થવા અને આપના ગુણોનું બયાન હતું, એટલે હુઝૂરની પધરામણી અને આપનું વુજૂદ મુબારક જ એ કિતાબોની સત્યતા જાહેર કરે છે, તો પરિસ્થિતિની માંગ તો એ હતી કે એ લોકો (અહલે કિતાબ) નું ઇમાન પોતાની કિતાબો પર વધુ થાત,

પણ એનાથી ઉલ્ટું તેઓએ પોતાની કિતાબો સાથ પણ કુફ્ર કર્યું. સદીનું કહેવું છે કે જ્યારે હુઝૂરની પધરા-મણી થઇ ત્યારે યહૂદીઓએ તવરાત સાથે સરખાવી કુરઆન અને તવરાતને સરખાં જોયાં ત્યારે તવરાતને પણ છોડી દીધી.

૧૭૫. એટલે કે તે કિતાબ તરફ ધ્યાન આપવાનું છોડી દીધું, સુફયાન બિન ઉયેયિનયહનું કહેવું છે કે યહૂદીઓએ તવરાતને રેશમી ગિલાફોમાં શણગારીને મૂકી દીધી, અને તેના અહકામને માન ન આપ્યું.

૧૭૬. આ આયતોથી જાણવા મળે છે કે યહૂદીઓના ચાર ફિરકા હતા, એક તો તવરાત પર ઇમાન લાવ્યો અને તેના હક્કો પણ અદા કર્યા. આ લોકો મોમિન અહલે કિતાબ કહેવાયા એમની સંખ્યા જુજ છે ને કુરઆનના 'અકસરૂહુમ' શબ્દથી એ માલમ પડે છે.

બીજો ફિરકો જેમણે જાહેરમાં તવરાતના વાયદા તોડી નાખ્યા. તેની નક્કી કરેલી હદો ઓળંગી ગયા, એની વિરૂદ્ધ આચરણ કર્યું. ''નબઝહૂ ફરીકુમ મિન્હુમ'' માં એ લોકોનું બયાન છે.

ત્રીજો ફિરકો તે જેમણે વાયદા તોડી નાખવાનું એલાન તો ન કર્યું, પણ પોતાની અજ્ઞાનતાને કારણે વાયદા તોડતા રહ્યા, એમની ચર્ચા બલઅકસરહુમ માં છે.

ચોથા ફિરકાએ જાહેરમાં તો વાયદાઓને માન આપ્યું પણ અંદરખાને દુશ્મનીના કારણે વિરોધ કરતાં રહ્યા, આ લોકો અજ્ઞાન હોવાની બનાવટ કરતા હતા, ''કઅન્નહુમ લાયઅલમૂન'' એના તરફ ઇશારો કરે છે.

**શાને નુઝૂલ :** ૧૭૭. હઝરત સુલેમાન અલયહિસ્સલામના સમયમાં બની ઇસ્રાઇલ જાદૂ શિખવામાં મગ્ન બન્યા, ત્યારે હઝરત સુલેમાને તેમને રોકયા અને તેમના જાદૂનાં પુસ્તકો લઇને પોતાની કુરસીની નીચે દાટી દીધાં, હઝરત સુલેમાન અલયહિસ્સલામની વફાત પછી શયતાન લોકોએ (નાફરમાન જિન્નાતોએ) તે પુસ્તકો કાઢીને લોકોને કહ્યું કે હઝરત સુલેમાન અલયહિસ્સલામ આના જોરથી રાજ કરતા હતા, બની ઇસ્રાઇલના નેક લોકોએ અને આલિમોએ તો એનો રદીયો આપ્યો, પણ એમના જાહિલો જાદૂને હઝરત સુલેમાન અલયહિસ્સલામનું ઇલ્મ કહીને તેને શિખવા મંડી પડયા, પયગમ્બરોની કિતાબ છોડી દીધી, હઝરત સુલેમાન અલયહિસ્સલામને બુરૂં ભલું કહેવા લાગ્યા, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાના સુધી એ સ્થિતિ પર જ રહયા, અલ્લાહ તઆલાએ હઝરત સુલેમાન અલયહિસ્સલામને નિર્દોષ જાહેર કરવા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર આ આયત ઉતારી.

૧૭૮. કારણ કે તે નબી હતા અને અમ્બિયા કુફ્ર કરવાથી તદ્દન મઅસૂમ હોય છે, એમની સાથે જાદૂનો સંબંધ જોડવો એ હળહળતું જૂઠ છે, કારણ કે જાદૂનું કુફ્રી વાતોથી ખાલી હોવું ભાગ્યે જ બને છે.

૧૭૯. જેમણે હઝરત સુલેમાન અલયહિસ્સલામ પર જાદૂગર હોવાની જૂઠી તહોમત મૂકી.

૧૮૦. એટલે કે જાદૂ શિખીને અને તેના પર શ્રદ્ધા રાખી અમલ કરીને અને તેને મુબાહ સમજીને કાફિર ન બની જાઓ, આ જાદૂ હુકમને માન આપનાર અને ઉલ્લંઘન કરનાર વચ્ચે ફેર કરવા ઉતારવામાં આવ્યું હતું. અને જે એનાથી બચે ન શિખે. અથવા શિખે પણ તેના પર અમલ ન કરે અને તેની કુફ્રી બાબતોની શ્રદ્ધા ન રાખે તે મોમિન રહેશે, આજ ઇમામ અબૂ મન્સુર માતુરીદીનું મંતવ્ય છે.

**મસઅલો** :- જે (જાદૂ અથવા અમલ) કુફ્ર તો નથી પણ એનાથી જીવ હલાક કરવામાં આવે છે તેનો અમલ કરનાર ડાકૂના હુકમમાં છે, પુરૂષ હોય કે સ્ત્રી.

**મસઅલો** :- જાદૂગરની તવબહ કબૂલ છે. (મદારિક).

૧૮૧. **મસઅલો** :- એનાથી જાણવા મળ્યું કે વાસ્તવમાં અસર પહોંચાડનાર અલ્લાહ તઆલા છે અને

كَفَرُوا يُعَلِّمُونَ النَّاسَ السِّحْرَ وَمَا أُنزِلَ عَلَى
الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوتَ وَمَارُوتَ وَمَا يُعَلِّمَانِ
مِنْ أَحَدٍ حَتَّى يَقُولَا إِنَّمَا نَحْنُ فِتْنَةٌ فَلَا تَكْفُرْ
فَيَتَعَلَّمُونَ مِنْهُمَا مَا يُفَرِّقُونَ بِهِ بَيْنَ الْمَرْءِ وَ
زَوْجِهِ وَمَا هُم بِضَارِّينَ بِهِ مِنْ أَحَدٍ إِلَّا بِإِذْنِ
اللَّهِ وَيَتَعَلَّمُونَ مَا يَضُرُّهُمْ وَلَا يَنفَعُهُمْ وَلَقَدْ عَلِمُوا
لَمَنِ اشْتَرَاهُ مَا لَهُ فِي الْآخِرَةِ مِنْ خَلَاقٍ وَلَبِئْسَ
مَا شَرَوْا بِهِ أَنفُسَهُمْ لَوْ كَانُوا يَعْلَمُونَ ﴿١٠٢﴾ وَلَوْ أَنَّهُمْ
آمَنُوا وَاتَّقَوْا لَمَثُوبَةٌ مِّنْ عِندِ اللَّهِ خَيْرٌ لَّوْ كَانُوا
يَعْلَمُونَ ﴿١٠٣﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَقُولُوا رَاعِنَا
وَقُولُوا انظُرْنَا وَاسْمَعُوا وَلِلْكَافِرِينَ عَذَابٌ أَلِيمٌ ﴿١٠٤﴾

**નથી કર્યું[૧૭૮] શયતાન કાફિર બન્યો[૧૭૯] લોકોને જાદૂ શિખવાડે છે અને તે (જાદૂ) જે બાબુલ (શહેર)માં હારૂત અને મારૂત (નામના) બે ફરિશ્તાઓ પર ઉતર્યું, અને તે બન્ને જ્યાં સુધી એવું ન કહેતા કે અમે તો માત્ર કસોટી છીએ તુ પોતાનું ઇમાન ન ખો ત્યાં સુધી કોઇને કશું શિખવતા નહિ[૧૮૦] તો તેમના (ફરિશ્તાઓ) પાસેથી એવું (જાદૂ) શિખતા જેનાથી પુરૂષ અને તેની સ્ત્રીમાં જુદાઈ કરાવે અને એનાથી કોઇને ખુદાના હુકમ વગર નુકસાન પહોંચાડી શકતા નથી[૧૮૧] અને તેઓ શિખે છે એવી વસ્તુ જે એમને જ નુકસાન કરશે, ફાયદો નહિ આપે અને બેશક! જરૂર એમને ખબર છે કે જેણે આ સોદો કર્યો તેનો આખિરતમાં કશો હિસ્સો નથી, અને બેશક! તે કેવી ખરાબ વસ્તુ છે જેના બદલે એમણે પોતાની જાતોને વેચી, કોઇ રીતે તેમને જ્ઞાન થાત[૧૮૨] અને જો તેઓ ઇમાન લાવત[૧૮૩] અને પરહેઝગારી કરત તો ખુદાના ત્યાંનો સવાબ ઘણો સારો છે, કોઇ રીતે એમને જ્ઞાન થાત (૧૦૩) અય ઇમાનવાળાઓ[૧૮૪] 'રાઇના' ન કહો અને એવી વિનંતી કરો કે હુઝૂર અમારા તરફ જુઓ અને પ્રથમથી જ ધ્યાનપૂર્વક સાંભળો[૧૮૫] અને કાફિરો માટે દુ:ખદાયક અઝાબ[૧૮૬] (૧૦૪)**

કારણોનો અસર અલ્લાહની મરજી પર આધારિત છે.

૧૮૨. પોતાના પરિણામ અને અઝાબની સખ્તીનું;

૧૮૩. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને કુરઆને પાક પર;

૧૮૪. જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સહાબાને કંઇ તાલીમ ફરમાવતા ત્યારે તેઓ કદી વચમાં વિનંતી કરતા કે 'રાઇના યા રસૂલલ્લાહ' એનો અર્થ એ હતો કે યા રસૂલલ્લાહ! અમારી હાલત માટે કંઇ છૂટછાટ આપો એટલે કે આપના પાક કલામને સારી રીતે સમજી લેવાનો મોકો આપો (ધીરે ધીરે બોલો અથવા અમે જે વાક્ય ન સમજી શક્યા હોય તેને ફરીવાર ફરમાવો) યહૂદીઓની બોલીમાં એ શબ્દ અદબ વિરોધી અર્થ ધરાવતો હતો, તેઓએ એ નિય્યતથી જ એ શબ્દ બોલવાનું શરૂ કર્યું. (તેમની બોલીમાં એનો અર્થ ''અમારો ગોવાળ'' એવો થતો હતો.) હઝરત સઅદ બિન મુઆઝ યહૂદીઓની બોલીના જાણકાર હતા. તેઓએ ફરમાવ્યું, અય ખુદાના દુશ્મનો! તમારા પર અલ્લાહની લઅનત! જો હવે પછી મેં કોઇના મોઢે આ શબ્દ સાંભળ્યો તો માથું ઉડાવી દઈશ! યહૂદીઓએ કહ્યું, અમારા પર તો આપ ગુસ્સે થાવ છો, મુસલમાનો પણ આજ શબ્દ બોલે છે ને! હઝરત સઅદ દુ:ખી મને હુઝૂરની સેવામાં આવ્યા કે તરત જ આ આયત ઉતરી, જેમાં 'રાઇના' શબ્દ બોલવાની મનાઇ કરીને 'ઉન્ઝુરના' શબ્દ બોલવાનો આદેશ મળ્યો.

**મસઅલો** :- આનાથી જાણવા મળ્યું કે પયગમ્બરોની શાનમાં તાઝીમ અને તેમના દરબારમાં અદબવાળી બોલી બોલવી ફર્ઝ છે, અને જે શબ્દમાં અદબ વિરોધનો અંશ પણ હોય તેને જબાન પર લાવવાની મનાઇ છે.

તેઓ જે કાફિર છે કિતાબી અથવા મુશ્રિક[૧૮૭] તેઓ નથી ઇચ્છતા કે તમારા પર કોઇ ભલાઇ ઉતરે તમારા રબ પાસેથી[૧૮૮] અને અલ્લાહ પોતાની રહમતથી જેને ઇચ્છે તેને ખાસ કરે છે, અને અલ્લાહ મોટા ફઝલવાળો છે (૧૦૫) જ્યારે કોઇ આયત અમે મન્સૂખ કરીએ અથવા ભૂલાવી દઇએ[૧૮૯] તો તેનાથી સારી અથવા તેના જેવી લઇ આવીશું. શું તને ખબર નથી કે અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે (૧૦૬) શું તને ખબર નથી કે અલ્લાહ માટે જ છે આસ્માનો અને જમીનનું રાજ અને અલ્લાહ સિવાય તમારો ન કોઇ તરફદાર ન મદદગાર (૧૦૭) શું (તમે) એ ઇચ્છો છો કે પોતાના રસૂલને એવો સવાલ કરો જે મૂસાને પહેલાં થયો હતો[૧૯૦] અને જે ઇમાનના બદલે કુફ્ર લે[૧૯૧] તે ખરો માર્ગ ભૂલી ગયો (૧૦૮) ઘણા કિતા-બ.વાળાઓએ ઇચ્છયું[૧૯૨] કાશ ! તમને ઇમાન પછી કુફ્ર તરફ ફેરવી દે પોતાના દિલોની બળતરાથી[૧૯૩] એ પછી કે હક તેઓ પર ખૂબ સ્પષ્ટ થઇ ચૂક્યું છે તો તમે જવા દો અને દરગુઝર કરો ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો

الم البقرة ٢

مَا يَوَدُّ الَّذِينَ كَفَرُوا مِنْ اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِينَ
اَنْ يُّنَزَّلَ عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ رَّبِّكُمْ وَاللّٰهُ يَخْتَصُّ
بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيمِ ﴿105﴾ مَا نَنْسَخْ
مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا اَلَمْ تَعْلَمْ
اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿106﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيرٍ ﴿107﴾ اَمْ تُرِيدُوْنَ اَنْ تَسْـَٔلُوا
رَسُوْلَكُمْ كَمَا سُئِلَ مُوْسٰى مِنْ قَبْلُ وَمَنْ يَّتَبَدَّلِ
الْكُفْرَ بِالْاِيمَانِ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيلِ ﴿108﴾ وَدَّ كَثِيرٌ
مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يَرُدُّوْنَكُمْ مِّنْ بَعْدِ اِيمَانِكُمْ كُفَّارًا
حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ

૧૮૫. અને એકાગ્રતાથી સાંભળો જેથી એવું કહેવાની જરૂર જ ઉભી ન થાય કે હુઝૂર અમારૂ ધ્યાન રાખો, કારણ કે દરબારે નુબુવ્વતનો આજ અદબ છે.

**મસઅલો** :- અમ્બિયાના દરબારમાં અદબના ઉચ્ચ મરતબાનો ખ્યાલ રાખવો આદમી માટે જરૂરી છે ;

૧૮૬. **મસઅલો** :- લિલકાફિરીનનો શબ્દ એ તરફ ઇશારો કરે છે કે પૈગમ્બરોની શાનમાં બેઅદબી કરવી કુફ્ર છે.

**શાને નુઝૂલ :** ૧૮૭. યહૂદીઓની એક ટોળી મુસલમાનો સાથે મિત્રતા અને હિતેચ્છુ હોવાનો ડોળ કરતી હતી, તે જૂઠા હોવા વિશે આયત ઉતરી, મુસલમાનોને જાણ કરવામાં આવી કે કાફિરો હિતેચ્છુ હોવાના દાવામાં જૂઠા છે. (જુમલ)

૧૮૮. એટલે કે અહલે કિતાબ કાફિરો અને મુશ્રિકો બન્ને મુસલમાનો સાથે છુપી દુશ્મની ધરાવે છે, અને તેઓને એ બાબતનું દુ:ખ છે કે મુસલમાનોના નબી મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નુબુવ્વત અને વહી પ્રાપ્ત થઇ, અને મુસલમાનોને એ મહાન નેઅમત મળી. (ખાઝિન)

**શાને નુઝૂલ :** ૧૮૯. કુરઆન શરીફે પહેલાંની શરીઅતો અને કિતાબોને મન્સૂખ જાહેર કરી, ત્યારે કાફિરો ભડકી ગયા અને તેઓએ એ વાત પર ઘણો ઘોંઘાટ મચાવ્યો. ત્યારે આ આયત ઉતરી, અને બતા-વવામાં આવ્યું કે મન્સૂખ થએલ વસ્તુ પણ ખુદા તરફથી હતી, અને નાસિખ (મન્સૂખ કરનાર) પણ ખુદા તરફથી છે, બન્ને ખાસ રહસ્ય મુજબ છે, અને નાસિખ કદીક મન્સૂખ કરતાં વધારે સહેલું અને વધારે ફાયદા-કારક હોય છે, અલ્લાહની કુદરત પર યકીન રાખનારને એમાં ટાળમટોળ કરવાની જરૂર નથી, દુનિયામાં

નજરે દેખાય છે કે અલ્લાહ પાક રાતને દિવસથી, ગરમીને ઠંડીથી, જવાનીથી બાળપણને, બીમારીથી તંદુરસ્તીને, વસંતઋતુથી પાનખરને, મન્સૂખ કરે છે. આ તમામ ફેરફાર તેની કુદરતની દલીલો છે, તો પછી એક આયત કે એક હુકમ મન્સૂખ થવામાં શું આશ્ચર્ય? મન્સૂખ કરવું અસલમાં પહેલાંના હુકમની મુદ્દતનું બયાન હોય છે કે તે હુક્મ આટલી મુદ્દત સુધી હતો, અને ખાસ હિકમત મુજબ હતો, ફાફિરોને અક્કલ નથી કે મન્સૂખ થવા સામે વાંધો લે છે, અને અહલે કિતાબનો વાંધો તો તેમની માન્યતાઓ મુજબ પણ ખોટો છે, તેઓને હઝરત આદમ અલયહિસ્સલામની શરીઅત મન્સૂખ થએલી માનવી જ પડશે; એ માનવું જ પડશે કે શનિવારના દિવસે દુનિયાના કામ તેમના પહેલા હરામ ન હતાં, તેઓ પર હરામ થયાં, આ સ્વીકાર કર્યા વગર પણ છુટકો નથી કે તવરાતમાં હઝરત નૂહ અલયહિસ્સલામની ઉમ્મત માટે બધાં જ જાનવરો હલાલ હોવાનું બયાન છે, જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઘણા જાનવરો હરામ કરી દેવાયાં, આ વસ્તુઓ હોવા છતાં મન્સૂખ થવાનો ઇન્કાર કેમ કરી માની શકાય.

**મસઅલો** :- જેવી રીતે એક આયત બીજી આયતથી મન્સૂખ થઇ શકે છે એ રીતે હદીષે મુતવાતિરથી પણ મન્સૂખ થઇ શકે છે.

**મસઅલો** :- મન્સૂખ થએલી બાબત કદી ફક્ત તિલાવત માટે મન્સૂખ હોય છે કદીક ફક્ત હુક્મ માટે કદીક બન્ને માટે મન્સૂખ હોય છે, બયહકીએ હઝરત અબૂ ઉમામા રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે એક અન્સારી સહાબી એક રાત્રે તહજ્જુદ માટે ઉઠયા, અને સૂરએ ફાતિહા પછી હંમેશાં જે સૂરત પઢતા હતા તે પઢવા માંડયા, પણ તે બિલકુલ યાદ ન આવી, અને ફક્ત બિસ્મિલ્લાહ સિવાય કશું પઢી શક્યા નહિ, સવારમાં બીજા સહાબાને એ વાત કરી, તેઓએ કહ્યું, અમારે પણ એવું જ થયું. તે સૂરત અમને પણ યાદ હતી પણ હવે યાદદાશ્તમાં નથી, બધાંએ હુઝૂર સલ્લલ્લાહો વસલ્લમની બારગાહમાં બનાવ કહ્યો; હુઝૂરે ફરમાવ્યું આજ રાત્રે તે સૂરત ઉઠાવી લેવામાં આવી, તેના હુકમો અને તિલાવત બન્ને મન્સૂખ થયાં, જે કાગળો પર તે લખવામાં આવી હતી તેના પર નિશાની સુધ્ધાં રહી નહિ!

**શાને નુઝૂલ:** ૧૯૦. યહૂદીઓએ કહ્યું, અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! અમારા પાસે તમે એવી કિતાબ લાવો જે આસ્માનમાંથી એકી સાથે (પુરેપુરી) ઉતરી હોય, તેમના માટે આ આયત ઉતરી;

૧૯૧. એટલે કે જે આયતો ઉતરી ચૂકી છે તેમને સ્વીકારવામાં ખોટી ચર્ચા કરે અને બીજી આયતોની માંગણી કરે,

**મસઅલો** :- આનાથી સાબિત થયું કે જે સવાલની પાછળ બદ ઇરાદો હોય તે બુઝુર્ગોની સામે રજુ કરવો જાઇઝ નથી, અને સહુથી વધારે બદ ઇરાદો એ છે કે જેનાથી નાફરમાની જાહેર થતી હોય.

**શાને નુઝૂલ:** ૧૯૨. જંગે ઉહદ પછી યહૂદી ટોળકીએ હઝરત હુઝેફા બિન યમાન અને હઝરત અમ્માર બિન યાસિર રદીયલ્લાહો અન્હુમાને કહ્યું કે જો તમે હક પર હોત તો તમારી હાર ન થાત, તમે અમારા ધર્મમાં પાછા આવતા રહો. હઝરત અમ્મારે ફરમાવ્યું, તમારા નજીક વચનમાંથી ફરી જવું કેવું છે? તેઓએ કહ્યું, ઘણું જ ખરાબ! આપે ફરમાવ્યું કે મેં વચન લીધું છે કે જીવનની અંતિમ પળ સુધી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો સાથ નહીં છોડું, અને ન તો કુફ્ર ધારણ કરીશ, અને હઝરત હુઝેફાએ ફરમાવ્યું, હું રાજી થયો અલ્લાહના રબ હોવા, મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રસૂલ હોવા, ઇસ્લામના દીન અને કુરઆનના ઇમાન હોવા, કાબાના કિબ્લા અને મુઅમનોના ભાઇ હોવાથી, પછી આ બન્ને સાહબો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થયા અને આપને બનાવની

જાણ કરી, આપે ફરમાવ્યું, સારૂં કર્યું અને સફળતા મેળવી ત્યારે આ આયત ઉતરી.

૧૯૩. ઇસ્લામની સત્યતા જાણી લીધા પછી યહૂદીઓની એવી ઇચ્છા કરવી કે ક્યાંક મુસલમાનો ઇસ્લામથી ફરી જઇને કાફિર બની જાય એ ઇર્ષાને કારણે હતી, ઇર્ષા મહાન અયબ છે.

**મસઅલો** :- હદીષ શરીફમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, હસદ (ઇર્ષા) થી બચો તે નેકીઓને એવી રીતે ખાઇ નાખે છે કે આગ સુકા લાકડાને ખાઇ નાખે છે.

**મસઅલો** :- જો કોઇ માણસ પોતાના માલ દોલતથી અથવા પોતાની લાગવગથી બેદીની અને ગુમરાહી ફેલાવતો હોય તો તેના ફિત્નાથી બચવા ખાતર તેની નેઅમત ઝુંટવાઇ જવાની ઇચ્છા કરવી એ હસદનાં દાખલ થતી નથી તેમજ હરામ પણ નથી.

૧૯૪. મોમિનોને યહૂદીઓ તરફથી દરગુજર કરવાનો આદેશ આપ્યા પછી હવે તેઓને પોતાની જાતની સુધારણા કરવા તરફ ધ્યાન અપાવે છે.

૧૯૫. એટલે કે યહૂદીઓ કહે છે કે જન્નતમાં માત્ર યહૂદીઓ જ જશે અને નસરાની (ખ્રિસ્તી) કહે છે કે ફકત નસરાનીઓ જ એમાં દાખલ થશે, તેઓ આ બાબત મુસલમાનોને તેમના દીનથી ફેરવી નાખવા માટે કહે છે, જેવી રીતે મન્સૂખ થવા બાબત વિગેરે પર વાહિયાત ટીકાઓ તેમણે એવી આશાએ કરી હતી કે મુસલમાનોને પોતાના દીનમાં શંકા કુશંકા જન્મે, એ રીતે જે તેઓ આ પ્રચાર કરીને મુસલમાનોને જન્નતથી નિરાશ બનાવી પોતાના દીનથી તેઓને ફેરવી નાખવાના પ્રયત્નો કરે છે, જેમકે પારાના અંતે તેમનું આ કથન ટાંકયું છે, 'કાલ કૂનૂ હૂદન અ નસારા તહતદૂ' (બોલ્યા હિદાયત મેળવવી હોય તો યહૂદી અથવા નસરાની બની જાવ) અહીં અલ્લાહ તઆલાએ એમના આ જૂઠા ખ્યાલને રદીયો આપ્યો છે.

૧૯૬. **મસઅલો** :- આ આયતથી જાણવા મળ્યું કે નકારનો દાવો કરનાર માટે પણ દલીલ બયાન કરવી જરૂરી છે, એના વગર તેનો દાવો સાંભળવા લાયક ગણાશે નહિ.

૧૯૭. પછી ભલે તે ગમે તે સમય ગમે તે વંશ કે ગમે તે કૌમનો હોય.

૧૯૮. આમાં એ વાતનો ઇશારો છે કે યહૂદીઓ અને નસારાનો એ દાવો કે જન્નતના માત્ર તેઓ જ માલિક છે તે તદ્દન ખોટો છે, કારણ કે જન્નતમાં પ્રવેશવાનો દારોમદાર સાચી માન્યતાઓ અને સારાં કર્મો પર છે. અને એમની પોતાની પાસે તો આ વસ્તુઓ છે નહિ.

**શાને નુઝૂલ :** ૧૯૯. નજરાન મુકામના નસારાનું એક પ્રતિનિધિ મંડળ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થયું. ત્યારે યહૂદીઓના ધર્મ ગુરૂઓ પણ આવ્યા, બન્નેમાં વાદવિવાદ થયો, અવાજો ઊંચા થયા અને ઘોંઘાટ મચી ગયો; યહૂદીઓ કહેવા લાગ્યા કે નસારાનો ધર્મ કોઇ વસ્તુ નથી, અને તેઓએ હઝરત ઇસા અલયહિસ્સલામ અને ઇન્જીલનો ઇન્કાર કર્યો, એ જ રીતે નસારાએ યહૂદીઓને કહ્યું કે તમારો ધર્મ કોઇ વસ્તુ નથી, અને તવરાત તેમજ હઝરત મૂસા અલયહિસ્સલામનો ઇન્કાર કર્યો, તે વિશે આ આયત ઉતરી.

૨૦૦. એટલે કે ઇલ્મ ધરાવતા હોય છતાં તેઓએ આવી જાહિલો જેવી વાત કરી, જો કે ઇન્જીલ જેને નસારા માને છે કે તેમાં તવરાત અને હઝરત મૂસા અલયહિસ્સલામની નુબુવ્વતની સત્યતા જાહેર કરેલી છે, એવી જ રીતે તવરાત જેને યહૂદીઓ માને છે તેમાં હઝરત ઇસા અલયહિસ્સલામની નુબુવ્વત અને તેમના તમામ હુકમોની સત્યતા વર્ણવેલી છે, જે આપને ખુદા તરફથી અપાઇ હતી.

૨૦૧. અહલે કિતાબના આલિમોની જેમ તે જાહિલો જે ન તો ઇલ્મ ધરાવતા હતા ન કિતાબ, જેવા કે

الحق فاعفوا واصفحوا حتى يأتي الله بأمره إن الله
على كل شيء قدير ﴿١٠٩﴾ وأقيموا الصلوة وآتوا الزكوة
وما تقدموا لأنفسكم من خير تجدوه عند الله إن
الله بما تعملون بصير ﴿١١٠﴾ وقالوا لن يدخل الجنة إلا من
كان هودا أو نصارى تلك أمانيهم قل هاتوا برهانكم إن كنتم
صادقين ﴿١١١﴾ بلى من أسلم وجهه لله وهو محسن فله
أجره عند ربه ولا خوف عليهم ولا هم يحزنون ﴿١١٢﴾
وقالت اليهود ليست النصارى على شيء وقالت
النصارى ليست اليهود على شيء وهم يتلون الكتب
كذلك قال الذين لا يعلمون مثل قولهم فالله
يحكم بينهم يوم القيمة فيما كانوا فيه يختلفون ﴿١١٣﴾

**હુકમ લાવે, બેશક ! અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે (૧૦૯) અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો[૧૯૪] અને પોતાની જાત માટે જે ભલાઇ આગળ મોકલશો તેને અલ્લાહને ત્યાં પામશો, બેશક ! અલ્લાહ તમારાં કામ જોઇ રહ્યો છે (૧૧૦) અને અહલે કિતાબ બોલ્યા કદાપી જન્નતમાં નહીં જશે પણ તે જે યહૂદી યા નસરાની હોય[૧૯૫] આ તેમના તર્કો છે, તમે ફરમાવો, લાવો તમારી દલીલ[૧૯૬] જો તમે સાચા હોવ (તો) (૧૧૧) હા ! કેમ નહીં જેણે પોતાનું મોઢું નમાવ્યું અલ્લાહ માટે અને તે નેકી કરનાર છે[૧૯૭] તો તેનો નેક બદલો તેના રબની પાસે છે, તેમને ન કંઇ ચિંતા હશે ન દુ:ખ[૧૯૮] (૧૧૨) અને યહૂદી બોલ્યા, નસરાની (ખ્રિસ્તી) કંઇ નથી[૧૯૯] અને નસરાની બોલ્યા, યહૂદીઓ કંઇ નથી જો કે તેઓ કિતાબ પઢે છે[૨૦૦] એ જ રીતે જાહિલોએ એમના જેવી વાત કહી[૨૦૧] તો અલ્લાહ કયામતના દિવસે એમનામાં ફેસલો કરી દેશે જે વાતમાં ઝઘડી રહ્યા છે (૧૧૩)**

મૂર્તિ પૂજકો, અગ્નિ પૂજકો વિગેરે એમણે પણ તમામ ધર્મવાળાઓને જૂઠા જાહેર કર્યા. અને કહ્યું કે એ બધા કોઇ વસ્તુ નથી, એવા જ જાહિલોમાં અરબના મશ્રિકો પણ છે જેઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપના દીનની શાનમાં આવા જ શબ્દો કહ્યા.

૨૦૨. **શાને નુઝૂલ** :- આ આયત બયતુલ મુકદ્દસની બેઅદબી વિશે ઉતરી. જેનો બનાવ ટૂંકમાં આ મુજબ છે કે રોમના નસરાનીઓએ બની ઇસરાઇલ પર ચઢાઇ કરી, એમના બહાદુર અને અનુભવી માણસોને મારી નાખ્યા. છોકરાઓને કેદ કર્યા, તવરાતને બાળી મૂકી, બયતુલ મુકદસને વેરાન કર્યું, તેમાં નાપાકી નાખી, સુવ્વર ઝુબેહ કર્યા (ખુદાની પનાહ). હઝરત ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હના ખિલાફતકાળ સુધી બયતુલ મુકદ્દસ આવી વેરાનીની હાલતમાં રહ્યું, આપના સમયમાં મુસલમાનોએ એનો જીર્ણોધ્ધાર કર્યો.

એક મંતવ્ય એવુ છે કે આ આયત મક્કાના મુશ્રિકો વિશે ઉતરી, જેઓએ ઇસ્લામની શરૂઆતના સમયમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપના સહાબાને કાબા શરીફમાં નમાઝ પઢતા રોક્યા હતા અને હુદેબિયહના બનાવ વખતે એમાં નમાઝ પઢવાની અને હજ કરવાની મનાઇ કરી હતી.

૨૦૩. નમાઝ, ખુત્બો, તસ્બીહ, વઅઝ, નઅત શરીફ વિગેરે તમામ બાબતોને ઝિક્ર કહી શકાય છે, અને અલ્લાહના ઝિક્રની મનાઇ કરવી દરેક જગ્યાએ ખરાબ છે પણ ખાસ કરીને મસ્જિદમાં આમ કરવાથી રોકવું વધારે ખરાબ છે, કારણ કે મસ્જિદો એટલા કામ માટે જ બનાવવામાં આવે છે.

**મસઅલો** :- જે માણસ મસ્જિદને ઝિક્ર નમાઝ વિગેરેથી ખાલસા કરે તે મસ્જિદને વેરાન કરનાર અને મોટો ઝાલિમ છે.

وَمَنْ أَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَ اللّٰهِ أَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ
وَسَعٰى فِيْ خَرَابِهَا ۗ أُولٰٓئِكَ مَا كَانَ لَهُمْ أَنْ يَّدْخُلُوْهَآ
إِلَّا خَآئِفِيْنَ ۗ لَهُمْ فِي الدُّنْيَا خِزْيٌ وَّلَهُمْ فِي الْاٰخِرَةِ
عَذَابٌ عَظِيْمٌ ﴿١١٤﴾ وَلِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ۗ فَأَيْنَمَا
تُوَلُّوْا فَثَمَّ وَجْهُ اللّٰهِ ۗ إِنَّ اللّٰهَ وَاسِعٌ عَلِيْمٌ ﴿١١٥﴾ وَقَالُوا
اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۙ سُبْحٰنَهٗ ۗ بَلْ لَّهٗ مَا فِي السَّمٰوٰتِ
وَالْأَرْضِ ۗ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿١١٦﴾ بَدِيْعُ السَّمٰوٰتِ وَ
الْأَرْضِ ۗ وَإِذَا قَضٰٓى أَمْرًا فَإِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ
فَيَكُوْنُ ﴿١١٧﴾ وَقَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ لَوْلَا يُكَلِّمُنَا
اللّٰهُ أَوْ تَأْتِيْنَآ اٰيَةٌ ۗ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ
مِّثْلَ قَوْلِهِمْ ۗ تَشَابَهَتْ قُلُوْبُهُمْ ۗ قَدْ بَيَّنَّا الْاٰيٰتِ

**અને એનાથી વધારે ઝાલિમ કોણ[૨૦૨] જે અલ્લાહની મસ્જિ-દોમાં તેનું નામ લેવાથી રોકે[૨૦૩] અને એમની વેરાનીમાં પ્રયત્ન કરે[૨૦૪] તેઓને ન છાજતું હતું કે મસ્જિદોમાં જાય પણ બીતાં બીતાં, તેમનાં માટે દુનિયામાં ફજેતી છે[૨૦૫] અને તેમના માટે આખિરતમાં મોટો અઝાબ (૧૧૪) અને પૂર્વ પશ્ચિમ બધુ અલ્લાહનું જ છે. તો તમે જે તરફ મોઢું કરો તે તરફ વજહુલ્લાહ (ખુદાની રહમત તમારા તરફ) છે.[૨૦૬] બેશક ! અલ્લાહ વિરાટ મહાજ્ઞાની છે (૧૧૫) અને બોલ્યા, અલ્લાહે પોતાના માટે ઔલાદ ધરાવી. તેને પવિત્રતા છે[૨૦૭] બલ્કે તેની જ મિલ્કત છે જે કંઇ આસ્માનો અને જમીનમાં છે (તે)[૨૦૮] બધાએ જ તેના સામે ગરદન ઝુકાવેલી છે (૧૧૬) નવું પેદા કરનાર આસ્માનો અને જમીનને[૨૦૯] અને જ્યારે કોઇ વાતનો હુકમ ફરમાવે તો તેને એટલું જ કહે છે કે થઇ જા ! તે તરત થઇ જાય છે[૨૧૦] (૧૧૭) અને જાહિલ બોલ્યા,[૨૧૧] અલ્લાહ અમારી સાથે કેમ વાતો કરતો નથી[૨૧૨] અથવા અમને કંઇ નિશાની મળે[૨૧૩] એમનાથી આગલાઓએ પણ આવું જ કહ્યું એમના જેવી જ વાત, આમના અને તેમના દિલો એક**

૨૦૪. **મસઅલો** :- મસ્જિદની વેરાની જે રીતે તેમાં નમાઝ ઝિક્ર વિગેરે બંધ કરાવવાથી થાય છે. એજ રીતે તેની ઇમારતને નુકશાન પહોંચાડવાથી અને તેની બેઅદબી કરવાથી પણ થાય છે.

૨૦૫. દુનિયામાં તેમની બેઇજ્જતી અને ફજેતી એ રીતે થઇ કે તેઓ કત્લ કરવામાં આવ્યા, અને દેશનિકાલ થયા, ફારૂકી અને ઉસ્માની ખિલાફત સમયે શામ (સિરિયા) તેમના કબ્જામાંથી જતું રહ્યું, અને બયતુલ મુકદ્દસમાંથી પણ બેઇજ્જતીથી કાઢવામાં આવ્યા.

**શાને નુઝૂલ :**

૨૦૬. સહાબાએ કિરામ એક અંધારી રાત્રે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે સફરમાં હતા, કિબ્લાની દિશા જાણી શકાઇ નહીં, દરેક માણસને જે તરફ તેના દિલે ગવાહી આપી તે તરફ નમાઝ પઢી લીધી, સવારમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં બનાવ કહી સંભળાવ્યો ત્યારે આ આયત ઉતરી.

**મસઅલો** :- આનાથી જાણવા મળ્યું કે જ્યારે કિબ્લાની દિશા ન યાદ હોય ત્યારે દિલ જે કિબ્લાની દિશા કહે તે તરફ મોઢું કરીને નમાઝ પઢે.

આ આયતના શાને નુઝૂલમાં એક બીજું મંતવ્ય એ છે કે આ મૂસાફિર માટે ઉતરી છે જે સવારી પર બેઠો બેઠો નિફ્લ પઢતો હોય, તેની સવારી જે દિશામાં જતી હોય તે દિશામાં એની નમાઝ દુરસ્ત છે, બુખારી અને મુસ્લિમની હદીષોથી એ સાબિત છે કે જ્યારે કિબ્લાની ફેરબદલીનો હુકમ આપવામાં આવ્યો ત્યારે યહૂદીઓ મુસલમાનોની મશ્કરી કરવા લાગ્યા, તેમને રદીયો આપવા આ આયત ઉતરી, જેમાં ફરમાવવામાં

આવ્યું કે પૂર્વ અને પશ્ચિમ બધું અલ્લાહનું જ છે, તે જે દિશામાં ઇચ્છે તે તરફ કિબ્લો નક્કી કરે, કોઇને વાંધો ઉઠાવવાનો શું હક છે? (ખાઝિન)

એક મંતવ્ય એવું છે કે આ આયત દુઆના વિષયમાં ઉતરી, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પૂછવામાં આવ્યું કે કઇ દિશામાં મોઢું રાખી દુઆ કરવામાં આવે ? તેના જવાબમાં આ આયત ઉતરી.

એક મંતવ્ય એ છે કે આ આયત હક વાતથી નાસ ભાગ કરવા વિશે છે, અને 'અયન મા તવલ્લૂ' (જે તરફ મોઢું કરો તે તરફ) નું સંબોધન તે લોકો માટે છે જેઓ અલ્લાહના ઝિક્રથી રોકે છે અને મસ્જિદોને વેરાન કરવાના પ્રયત્નો કરે છે કે તેઓ દુનિયાવી ફજેતી અને આખિરતના અઝાબથી ક્યાંયે ભાગી શકતા નથી, કારણ કે પૂર્વ અને પશ્ચિમ બધું અલ્લાહનું જ છે જ્યાં નાસીને જશો ત્યાં તે તેમને પકડશે, આ અર્થમાં વજહુલ્લાહનો માયનો અલ્લાહની નજીકી થશે. (ફત્હ)

એક મંતવ્ય એવું છે કે જો કાફિરો ખાનએ કાબામાં નમાઝ પઢવાની મનાઇ કરે તો તમારા માટે સમસ્ત ધરતી મસ્જિદ બનાવી દેવામાં આવી છે, જ્યાંથી ઇચ્છો ત્યાંથી કિબ્લા તરફ મોઢું કરીને નમાઝ પઢો.

**શાને નુઝૂલ :** ૨૦૭. યહૂદીઓએ હઝરત ઉઝેરને અને નસારાએ હઝરત ઇસાને અલ્લાહના બેટા કહ્યા, અરબના મુશ્રિકોએ ફરિશ્તાઓને ખુદાની બેટીઓ બનાવી. તેમને રદીયો આપવા આ આયત ઉતરી, સુબ્હાનહૂ એટલે કે તે પવિત્ર છે એ બાબતથી કે તેને ઔલાદ હોય, તેની સાથે ઔલાદનો સંબંધ જોડવો તેને અયબ લગાડવી એ તેની બેઅદબી છે, હદીષ શરીફમાં છે કે આદમના બેટાએ મને ગાળ આપી, મારા માટે ઔલાદ બનાવી, હું ઔલાદ અને પત્નીથી પવિત્ર છું.

૨૦૮. અને મિલ્કત હોવી એ તે વસ્તુ ઔલાદ હોય એનાથી વિરૂદ્ધ છે (કારણ કે ઔલાદને મિલ્કત કહી શકતા નથી) જ્યારે તમામ જહાન તેની મિલ્કત છે તો પછી તે ઔલાદ કેવી રીતે બની શકે.

૨૦૯. જેણે પહેલાંના કોઇ નમૂના વગર તમામ વસ્તુઓનું શૂન્યમાંથી સર્જન કર્યું.

૨૧૦. એટલે કે કાઇનાત તે ઇરાદો કરે તેની સાથે જ અસ્તિત્વમાં આવી જાય છે.

૨૧૧. એટલે કે અહલે કિતાબ અથવા મશ્રિકો.

૨૧૨. એટલે કે ડાયરેક્ટ પોતે જ શા માટે વાત નથી કરતો? જેવી રીતે કે ફરિશ્તાઓ અને પૈગમ્બરો સાથે કરે છે, આ તેમનો હદ દરજ્જાનો ઘમંડ હતો કે પોતાને ફરિશ્તાઓ અને પૈગમ્બરો સમાન ગણ્યા.

**શાને નુઝૂલ :** રાફિઅ બિન ખુઝેમાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કહ્યું, જો તમે અલ્લાહના રસૂલ હોવ તો તેને કહો કે અમારી સાથે વાત કરે અને અમે પોતે સાંભળીએ, ત્યારે આ આયત ઉતરી.

૨૧૩. આ તે નિશાનીઓનો ઇર્ષાના કારણે ઇન્કાર છે જે એમને અલ્લાહ પાકે આપી.

૨૧૪. અંધાપા અને કુફ્ર તેમજ સખ્તાઇમાં, અહીં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તસ્કીન આપવામાં આવી છે કે આપ તેમના ઘમંડ અને દુશ્મનીની ચાલથી દુ:ખી ન થઓ, પાછલા કાફિરો પણ પૈગમ્બરો સાથે આવું જ વર્તન કરતા હતા.

૨૧૫. અર્થાત કુરઆનની આયતો અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુઅજિઝા ઇન્સાફ-વાળાને આપની નુબુવ્વતનું યકીન અપાવવા પુરતા છે પણ જે યકીન ઢુંઢનાર ન હોય તેને દલીલોથી કશો ફાયદો થતો નથી.

૨૧૬. કે તેઓ કે ઇમાન ન લાવ્યા, કારણ કે આપે આપનો તબ્લીગનો ફર્ઝ સારી રીતે અદા કરી દીધો છે.

૨૧૭. અને એ શક્ય નથી કારણ કે તેઓ બાતિલ પર છે.



**જેવાં જ છે[૨૧૪] બેશક ! અમે નિશાનીઓ ખોલી દીધી યકીનવાળાઓ માટે જ[૨૧૫] (૧૧૮) બેશક ! અમે તમને હકની સાથે મોકલ્યા ખૂશખબરી આપતા અને ડર સંભળાવતા અને તમને દોઝખવાળાઓનો સવાલ નહિ થાય[૨૧૬] (૧૧૯) અને કદાપી તમારાથી યહૂદી નસારા રાજી નહીં થાય જ્યાં સુધી તમે તેમનો ધર્મ ન પાળો[૨૧૭] તમે ફરમાવી દો અલ્લાહની હિદાયત હિદાયત છે[૨૧૮] અને (અય સાંભળનાર ગમે તે હોય) જો તું તેમની ઇચ્છાઓને આધિન થયો એ પછી કે તને જ્ઞાન લાધ્યું. તો અલ્લાહથી તને કોઇ બચાવનાર નહીં હોય અને ન મદદગાર (મળશે)[૨૧૯] (૧૨૦) જેઓને અમે કિતાબ આપી છે તે જેવી જોઇએ તેવી એની તિલાવત કરે છે. તેઓ જ એના પર ઇમાન ધરાવે છે, અને જે એને નકારશે તો તે જ નુકસાનવાળાઓ છે[૨૨૦] (૧૨૧) અય યાકૂબની ઔલાદ યાદ કરો મારૂં એહસાન જે મેં તમારા પર કર્યું અને તે જે મેં તે સમયના બધા લોકો પર તમને મોટાઇ આપી (૧૨૨) અને ડરો તે દિવસથી કે કોઇ જીવ બીજાનો બદલો નહિ થાય અને ન તેને કંઇ લઇને છોડીએ અને ન કાફિરને કોઇ ભલામણ ફાયદો આપે[૨૨૧] (૧૨૩)**

૨૧૮. તે જ અનુકરણ કરવા લાયક છે કારણ કે એના સિવાય તમામ માર્ગો બાતિલ છે.

૨૧૯. આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિયહને છે કે જ્યારે તમે જાણી લીધું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમારી પાસે હક અને હિદાયત લાવ્યા છે તો તમે કદાપી કાફિરોની ઇચ્છાઓને આધિન ન થશો; જો તમે એમની ઇચ્છાઓના તાબેદાર બનશો તો તમને અલ્લાહના અઝાબથી કોઇ બચાવનાર નથી. (ખાઝિન)

**શાને નુઝૂલ :**

૨૨૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે આ આયત સફીનાવાળાઓ માટે ઉતરી છે જે જઅફર બિન અબૂતાલિબની સાથે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થયા હતા. તેમની સંખ્યા ૪૦ હતી, ૨૨ હબશાના ૮ શામ દેશના હતા. એમનામાં બુહીરા રાહિબ પણ હતા. મતલબ એ છે કે હકીકતમાં તવરાત પર ઇમાન લાવેલા તે જ ગણાશે જેઓ એની તિલાવતનો હક અદા કરે છે, અને ફેરફાર કર્યા વગર પઢે છે, અને એના અર્થ સમજે અને માને છે, અને એમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વખાણ દેખીને હુઝૂર પર ઇમાન લાવે છે અને જે હુઝૂરના મુન્કિર બને છે તે તવરાત પર ઇમાન ધરાવતા નથી.

૨૨૧. આમાં યહૂદીઓને રદીયો અપાયો છે. તેઓ કહેતા હતા કે અમારા બાપ દાદા બુઝુર્ગ થઇ ગયા છે, તેઓ શફાઅત કરીને અમને છોડાવી લેશે, આ આયતમાં તેમને નિરાશ કરવામાં આવે છે કે શફાઅત કાફિરો માટે નથી.

الٓمّٓ ۱ — البقرة ۲

وَاِذِ ابْتَلٰٓى اِبْرٰهٖمَ رَبُّهٗ بِكَلِمٰتٍ فَاَتَمَّهُنَّ ؕ قَالَ
اِنِّىْ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ قَالَ وَمِنْ ذُرِّيَّتِىْ ؕ
قَالَ لَا يَنَالُ عَهْدِى الظّٰلِمِيْنَ ﴿۱۲۴﴾ وَاِذْ جَعَلْنَا الْبَيْتَ
مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ؕ وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرٰهٖمَ
مُصَلًّى ؕ وَعَهِدْنَآ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا
ع بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَالْعٰكِفِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿۱۲۵﴾ وَ
اِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اجْعَلْ هٰذَا بَلَدًا اٰمِنًا وَّارْزُقْ
اَهْلَهٗ مِنَ الثَّمَرٰتِ مَنْ اٰمَنَ مِنْهُمْ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ ؕ قَالَ وَمَنْ كَفَرَ فَاُمَتِّعُهٗ قَلِيْلًا ثُمَّ اَضْطَرُّهٗۤ
اِلٰى عَذَابِ النَّارِ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۲۶﴾ وَاِذْ يَرْفَعُ اِبْرٰهٖمُ
الْقَوَاعِدَ مِنَ الْبَيْتِ وَاِسْمٰعِيْلُ ؕ رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ

**અને જ્યારે[૨૨૨] ઇબ્રાહીમને અજમાવ્યો તેના રબે અમુક વાતોથી[૨૨૩] તો તેણે તે પૂરી કરી બતાવી[૨૨૪] ફરમાવ્યું, હું તમને લોકોનો સરદાર બનાવનાર છું. વિનંતી કરી, અને મારી ઔલાદને ? ફરમાવ્યું, મારો વાયદો જાલિમોને પ્રાપ્ત થતો નથી[૨૨૫] (૧૨૪) અને યાદ કરો જ્યારે અમે આ ઘર[૨૨૬]ને લોકો માટે કેન્દ્રિત થવાની જગ્યા અને શાંતિનું સ્થળ બનાવ્યું[૨૨૭] અને ઇબ્રાહીમના ઉભા રહેવાની જગ્યાને નમાઝનું સ્થળ બનાવો[૨૨૮] અને અમે તાકીદ ફરમાવી ઇબ્રાહીમ અને ઇસ્માઇલને કે મારૂ ઘર ખૂબ પવિત્ર કરો તવાફવાળાઓ અને એતેકાફવાળાઓ અને રૂકૂઅ અને સિજદા કરનારાઓ માટે (૧૨૫) અને જ્યારે ઇબ્રાહીમે વિનંતી કરી, અય મારા પાલનહાર ! આ શહેરને શાંતિનું સ્થળ બનાવ અને એના રહેવાસીઓને જાત જાતના ફળોથી રોજી આપ જે તેમનામાંથી અલ્લાહ અને પાછલા દિવસ (આખિરત) પર ઇમાન લાવે[૨૨૯] ફરમાવ્યું, જે કાફિર થયો થોડું વાપરવાનું તેને પણ આપીશ પછી તેને દોઝખના અઝાબ તરફ લાચાર કરી દઇશ, અને તે ઘણી ખરાબ જગ્યા છે પલટવાની (૧૨૬) અને જ્યારે ઊંચો કરતા હતા ઇબ્રાહીમ અને ઇસ્માઇલ તે ઘરનો પાયો, આવું બોલતાં બોલતાં અય અમારા રબ ! અમારા તરફથી કબૂલ**

૨૨૨. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનો જન્મ હવાઝની ધરતી પર સૂસ નામના સ્થળે થયો. પછી આપના પિતા આપને નમરૂદના શહેર બાબુલમાં લાવ્યા, યહૂદીઓ, નસારા અરબસ્તાનના મુશ્રિકો બધા જ પોતે તેમની ઔલાદમાં હોવા બદલ ગર્વ કરે છે અને આપની શ્રેષ્ઠતા સ્વીકારે છે. એટલે અહિ અલ્લાહ પાકે તેમની જિંદગી વિશે એવું વર્ણન કર્યું છે જેથી બધા પર ઇસ્લામનો સ્વીકાર કરવો જરૂરી બની જાય. કારણ કે અલ્લાહ પાકે જે વસ્તુઓ તેમના પર વાજિબ કરી તે ખાસ ઇસ્લામની બાબતો છે.

૨૨૩. અલ્લાહની અજમાઇશ એ છે કે કોઇ પાબંદી લગાવીને બીજા ઉપર તેના ખરા ખોટા હોવાનું જાહેર કરે.

૨૨૪. જે વાતો અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પર અજમાઇશ માટે વાજિબ કરી હતી, તેમાં તફસીરકારોના અમુક મંતવ્યો છે. કતાદહનું મંતવ્ય છે કે તે હજના અરકાન છે, મુજાહિદનુ કહેવું છે કે એનાથી તે દસ ચીજો મુરાદ છે. જે આગળની આયતોમાં આવે છે. હઝરત ઇબ્ને અબ્બાસનું મંતવ્ય છે કે તે દસ ચીજો આ છે, ૧. મૂંછો કાતરવી, ૨. કોગળા કરવા, ૩. સફાઇ માટે નાકમાં પાણી વાપરવું, ૪. મિસ્વાક (દાતણ) કરવું, ૫. સેંથો પાડવો, ૬. નખ કાપવા, ૭. બગલના વાળ દૂર કરવા, ૮. દૂંટી નીચેના વાળની સફાઇ, ૯. ખત્ના, ૧૦. પાણીથી ઇસ્તિન્જા કરવો, આ બધી વસ્તુઓ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પર વાજિબ હતી અને આપણા પર એમાંથી અમુક વાજિબ અને અમુક સુન્નત છે.

૨૨૫. **મસઅલો** :- એટલે કે આપની અવલાદમાં જે જાલિમ (કાફિર) છે તે સરદારીનો હોદ્દો પામશે નહિ.

**મસઅલો** :- એનાથી જાણવા મળ્યું કે કાફિર મુસલમાનોનો સરદાર થઇ શકતો નથી અને મુસલમાનો

માટે તેની તાબેદારી જાઇઝ નથી.

૨૨૬. ઘરનો મતલબ કાબા શરીફ છે અને એમાં આખાય હરમ શરીફનો સમાવેશ થાય છે.

૨૨૭. શાંતિનું સ્થળ બનાવવાનો મતલબ એ છે કે કાબાના હરમમાં ખૂનામરકી, લૂંટફાટ હરામ છે અને ત્યાં શિકાર (જાનવર) સુદ્ધાં માટે શાંતિ છે, એટલે સુધી કે હરમ શરીફમાં વાઘ-વરૂ પણ શિકારનો પીછો કરતાં નથી, બલ્કે છોડીને ચાલ્યા જાય છે. એક મંતવ્ય એવું છે કે, મોમિન એમાં પ્રવેશીને અઝાબથી નચિંત થઇ જાય છે, હરમને હરમ એટલા માટે કહેવામાં આવે છે કે ત્યાં કત્લ, જુલ્મ શિકાર હરામ છે. (અહમદી) જો કોઇ ગુનેહગાર પણ દાખલ થઇ જાય તો ત્યાં તેને છેડવામાં આવશે નહિ. (મદારિક)

૨૨૮. મુકામે ઇબ્રાહીમ તે પત્થર છે કે જેના ઉપર ઉભા રહીને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે કા'બા શરીફનું ચણતર કર્યું અને તેમાં આપના કદમ મુબારકનું નિશાન છે. અને તેને નફિલ નમાઝોનું સ્થળ બનાવવા માટેનો હુકમ છે. (આ જન્નતી પત્થર હોવા ઉપરાંત હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના કદમોની નિસ્બતવાળો હોવાથી ત્યાં નમાઝ પઢવી બરકત અને વધુ સવાબ છે.) એક મંતવ્ય એવું છે કે આ નમાઝથી તવાફની બે રકાતો મુરાદ છે. (અહમદી).

૨૨૯. સરદારીના વિષયમાં ''લાયનાલુ અહદીઝઝાલિમીન'' (મારો વાયદો જાલિમોને પ્રાપ્ત નહિ થાય) એવું ફરમાવવામાં આવ્યું હતું તેથી આ દુઆમાં હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે મોમિનોને ખાસ કર્યા, અને અદબનો એ જ તકાદો હતો, અલ્લાહ પાકે મહેરબાની ફરમાવી. દુઆ કબૂલ થઇ, અને ફરમાવ્યું રોજી તો બધાંને જ આપવામાં આવશે, મોમિનોને અને કાફિરોને પણ. પરંતુ કાફિરોની રોજી થોડી હશે એટલે કે ફકત દુનિયાવી જિન્દગીમાં જ તે ફાયદો ઉઠાવશે.

૨૩૦. સર્વ પ્રથમ કાબા શરીફનો પાયો હઝરત આદમ અલયહિસ્સલામે રોપ્યો, અને નૂહ અલયહિસ્સલામના સમયે આવેલા તોફાન બાદ એજ પાયા પર હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ચણતર લીધું. આ બાંધકામ ખાસ આપના મુબારક હસ્તે જ થયું. એના માટે પત્થરો ઊંચકીને લાવવાની સેવા અને તક હઝરત ઇસ્માઇલ અલયહિસ્સાલમને સાંપડી, બન્ને હઝરતોએ તે સમયે આ દુઆ કરી કે અય અલ્લાહ! અમારી આ તાબેદારી અને સેવા કબૂલ ફરમાવ.

૨૩૧. તે હઝરતો અલ્લાહ તઆલાના નિખાલસ અને તાબેદાર બંદાઓ હતા, છતાં આ દુઆ એટલા માટે છે કે તાબેદારી અને નિખાલસતામાં હજુ વધારે આગળ વધવાની ઇચ્છા ધરાવતા હતા, તાબેદારીનો શોખ પૂરો થતો જ નથી, સુબ્હાનલ્લાહ! દરેક માણસના આચાર વિચાર તેની હિમ્મતના પ્રમાણે હોય છે.

૨૩૨. હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અલયહિસ્સલામ મઅસૂમ છે. એમની તવબહ એક પ્રકારનો તવાઝુઅ (પોતાની જાતને કમ સમજવી) છે. અને એનાથી અલ્લાહવાળાઓને તાલીમ મળે છે.

**મસઅલો** :- કાબા શરીફ દુઆ કબૂલ થવાનું સ્થળ છે અને અહીં દુઆ અને તવબહ કરવી સુન્નતે ઇબ્રાહીમી છે.

૨૩૩. એટલે હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઇલ (અલયહિસ્સલામ) ના વંશમાં, આ દુઆ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિશે હતી. એટલે કે કાબા શરીફના ચણતરની મહાન સેવા બજાવી લાવ્યા પછી અને તવબહ ઇસ્તિગફાર કર્યા બાદ હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અલયહિસ્સલામે આ દુઆ કરી કે અય પરવરદિગાર! તુ તારા પોતાના મહબૂબ અને અંતિમ જમાનાના નબી મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અમારા વંશમાં જાહેર કર અને આ ફઝીલત અમને આપ, આ દુઆ કબૂલ થઇ અને એ બન્ને

ફરમાવ[૨૩૦] બેશક ! તુ જ સાંભળતો જાણતો (છે) (૧૨૭) અય અમારા રબ ! અને કર અમને તારા દરબારમાં માથું નમાવનાર[૨૩૧] અને અમારી ઔલાદમાંથી એક ઉમ્મત તારી ફરમાંબરદાર (પેદા કર) અને અમને અમારી ઇબાદતના નિયમો બતાવ અને અમારા પર પોતાની રહમત સાથે ધ્યાન આપ[૨૩૨] બેશક ! તુ જ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેર-બાન (૧૨૮) અય અમારા રબ ! અને મોકલ એમનામાં[૨૩૩] એક રસૂલ એમાનામાંથી જ કે એમના પર તારી આયતો તિલાવત કરે અને એમને તારી કિતાબ[૨૩૪] અને પાકું ઇલ્મ શિખવાડે[૨૩૫] અને એમને ખૂબ પાક કરે[૨૩૬], બેશક ! તુ જ છે ચઢીયાતો હિકમતવાળો (૧૨૯) અને કોણ ઇબ્રાહીમના દીનથી મોઢું[૨૩૭] ફેરવે, સિવાય તેના કે જે દિલનો મૂર્ખ હોય. અને બેશક ! જરૂર અમે દુનિયામાં એને ચૂંટી લીધો.[૨૩૮] અને બેશક ! તે આખેર-તમાં અમારા ખાસ નજીકની લાયકાતવાળાઓમાં[૨૩૯] છે (૧૩૦) જ્યારે તેને તેના પરવરદિગારે ફરમાવ્યું, ગરદન મૂક ! વિનંતી કરી મેં ગરદન મૂકી તેના માટે જે આખા જહાનનો પાલનહાર છે. (૧૩૧) અને તે જ દીનની વસિય્યત ઇબ્રાહીમે પોતાના દીકરાઓને કરી અને યાકૂબે (પણ), અય મારા દીકરાઓ ! બેશક ! અલ્લાહે આ દીન તમારા માટે ચૂંટી લીધો, મરશો નહીં પણ મુસલમાન રહીને જ, (૧૩૨)

إِنَّكَ أَنتَ السَّمِيعُ الْعَلِيمُ ﴿١٢٧﴾ رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ
لَكَ وَمِن ذُرِّيَّتِنَا أُمَّةً مُّسْلِمَةً لَّكَ وَأَرِنَا مَنَاسِكَنَا
وَتُبْ عَلَيْنَا إِنَّكَ أَنتَ التَّوَّابُ الرَّحِيمُ ﴿١٢٨﴾ رَبَّنَا وَ
ابْعَثْ فِيهِمْ رَسُولًا مِّنْهُمْ يَتْلُو عَلَيْهِمْ آيَاتِكَ وَ
يُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَيُزَكِّيهِمْ إِنَّكَ أَنتَ
الْعَزِيزُ الْحَكِيمُ ﴿١٢٩﴾ وَمَن يَرْغَبُ عَن مِّلَّةِ إِبْرَاهِيمَ
إِلَّا مَن سَفِهَ نَفْسَهُ وَلَقَدِ اصْطَفَيْنَاهُ فِي الدُّنْيَا
وَإِنَّهُ فِي الْآخِرَةِ لَمِنَ الصَّالِحِينَ ﴿١٣٠﴾ إِذْ قَالَ لَهُ رَبُّهُ
أَسْلِمْ قَالَ أَسْلَمْتُ لِرَبِّ الْعَالَمِينَ ﴿١٣١﴾ وَوَصَّىٰ بِهَا
إِبْرَاهِيمُ بَنِيهِ وَيَعْقُوبُ يَا بَنِيَّ إِنَّ اللَّهَ اصْطَفَىٰ
لَكُمُ الدِّينَ فَلَا تَمُوتُنَّ إِلَّا وَأَنتُم مُّسْلِمُونَ ﴿١٣٢﴾

હઝરતોની ઔલાદમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સિવાય બીજો કોઇ નબી પેદા થયો નથી અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની નસલમાં બીજા જેટલા નબીઓ થયા તે હઝરત ઇસ્હાક અલયહિસ્સલામની ઔલાદમાં હતા.

**મસઅલો** :- હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાની મીલાદ પોતાની જાતે જ બયાન ફરમાવી છે. ઇમામ બયઝાવીએ એક હદીષ રિવાયત કરી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, હું અલ્લાહ તઆલા પાસે ખાતિમુન્નબીય્યીન તરીકે લખાએલો હતો તે સમયે જ્યારે હઝરત આદમનું પૂતળું તૈયાર થઇ રહ્યું હતું. હું તમને મારા પહેલાંની હાલતની ખબર આપું છું કે હું ઇબ્રાહીમની દુઆ છું, ઇસાની ખુશખબરી છું અને મારી વાલિદહના તે ખ્વાબની તાબીર છું જે તેઓએ મારી વિલાદતના સમયે જોયો કે તેમના માટે એક ઝળહળતું નૂર જાહેર થયું જેનાથી શામ દેશના મહેલો તેમની નજર સમક્ષ થઇ ગયા. આ હદીષમાં ઇબ્રાહીમની દુઆનો મતલબ એ દુઆ જ થાય છે. જે આ આયતમાં બયાન થઇ છે. અલ્લાહ તઆલાએ એ દુઆ કબૂલ ફરમાવી અને આખરી જમાનામાં હૂઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જાહેર ફરમાવ્યા. (જુમલ અને ખાઝિન)

૨૩૪. આ કિતાબથી કુરઆન પાક અને એની તઅલીમથી એની હકીકતો અને અર્થો શિખવાડવાની મુરાદ છે.

૨૩૫. હિકમત જેનો માયનો પાકું ઇલ્મ કરવામાં આવ્યો છે એના અર્થમાં ઘણા મંતવ્યો છે. અમુક કહે છે કે હિકમતનો મતલબ ફિકહ છે. કતાદાનું કહેવું છે કે હિકમત એ સુન્નતનું નામ છે. અમુક કહે છે કે

બલ્કે તમારામાંના પોતે હાજર હતા[૨૪૦] જ્યારે યાકૂબને મોત આવી. જ્યારે તેણે પોતાના બેટાઓને કહ્યું, મારા પછી કોની પૂજા કરશો ? બોલ્યા અમે પૂજીશું તેને જે ખુદા છે તમારો અને તમારા બાપદાદાઓ ઇબ્રાહીમ અને ઇસ્માઇલ[૨૪૧] અને ઇસ્હાકનો, એક ખુદા અને અમે તેના સામે ગરદન મૂકેલા છીએ. (૧૩૩) આ[૨૪૨] એક ઉમ્મત છે જે ગુજરી ગઇ.[૨૪૩] તેમના માટે છે જે તેઓ કમાયા, અને તમારા માટે છે જે તમે કમાઓ અને તેમના કામોની તમને પૂછપરછ નહીં થાય. (૧૩૪) અને કિતાબી બોલ્યા[૨૪૪] યહૂદી અથવા નસરાની થઇ જાવ માર્ગ પામશો, તમે ફરમાવો, બલ્કે અમે તો ઇબ્રાહીમનો દીન ધારણ કરીએ છીએ જેઓ દરેક બાતિલ (અસત્ય)થી અલગ હતા, અને મુશ્રિકોમાં ન હતા[૨૪૫] (૧૩૫) એવું કહો કે અમે ઇમાન લાવ્યા અલ્લાહ પર અને તેના પર જે અમારી તરફ ઉતારવામાં આવ્યું. અને જે ઉતારવામાં આવ્યું ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અને ઇસ્હાક અને યાકૂબ અને એમની ઔલાદ પર અને મૂસા અને ઇસાને જે અપાયું. અને જે અપાયું બીજા નબીઓને પોતાના પરવરદિગાર તરફથી, અમે એમનામાં કોઇના પર ઇમાન (લાવવામાં) ફેર નથી કરતા. અને અલ્લાહની સામે ગરદન નમાવેલા છીએ (૧૩૬)



اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ حَضَرَ يَعْقُوْبَ الْمَوْتُ اِذْ قَالَ
لِبَنِيْهِ مَا تَعْبُدُوْنَ مِنْ بَعْدِيْ قَالُوْا نَعْبُدُ اِلٰهَكَ
وَاِلٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا
وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٣﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ لَهَا مَا
كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ وَلَا تُسْئَلُوْنَ عَمَّا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿١٣٤﴾ وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا
قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ حَنِيْفًا وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٣٥﴾
قُوْلُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ
وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ
اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ
لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٦﴾

منزل ١

હિકમત ઇલ્મે અહકામને કહે છે, મતલબ એ કે હિકમત એ ગુઢ ઇલ્મનું નામ છે.

૨૩૬. પાક કરવાનો એ અર્થ છે કે નફસ અને રૂહોને કુદુરતો (મેલ) થી પાક કરીને પર્દા ઉઠાવી દે. અને એમનામાં રહેલી કુદરતી લાયકાતના દીવડાને પ્રકાશિત કરીને તેને એ લાયક કરી દે કે તેમાં હકીકતનો સમાવેશ થઇ શકે.

**શાને નુઝૂલ :** ૨૩૭. યહૂદીઓના ધર્મ ગુરૂઓમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામે ઇસ્લામ સ્વીકાર્યા પછી પોતાના બે ભત્રીજા મુહાજિર અને સલ્માને ઇસ્લામનું આમંત્રણ આપ્યું. અને કહ્યું કે તમને ખબર છે કે અલ્લાહ પાકે તવરાતમાં ફરમાવ્યું છે કે હું ઇસ્માઇલ (અલયહિસ્સલામ) ની ઔલાદમાં એક નબી પેદા કરીશ. જેમનું નામ અહમદ હશે. જે એમના પર ઇમાન લાવશે તે સન્માર્ગ પામશે, અને જે ઇમાન નહિ લાવે તે મલઉન છે. આ સાંભળી સલ્મા ઇમાન લઇ આવ્યા અને મુહાજિરે ઇન્કાર કર્યો, ત્યારે અલ્લાહ પાકે આ આયત ઉતારી જાહેર કરી દીધું કે જ્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે પોતે આ રસૂલે મુઅઝઝમના જાહેર થવાની દુઆ માંગી તો હવે આ રસૂલના દીનથી ફરશે તે હઝરત ઇબ્રાહીમના દીનથી ફરેલો ગણાશે, એમાં યહૂદીઓ નસારા અને અરબસ્તાનના મુશ્રિકોને લાજવાબ કરવામાં આવ્યા છે કે જેઓ પોતાને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ સાથે સંબંધિત કરીને ગર્વ કરતા હતા. કહેવામાં આવ્યું કે જ્યારે તમે તેમના દીનથી ફરી ગયા તો હવે તમારા સંબંધમાં ગર્વ કરવા જેવું શું છે ?

૨૩૮. રિસાલત અને ખુલ્લતનો મરતબો આપીને રસૂલ અને ખલીલ બનાવ્યા.

૨૩૯. જેમના માટે બુલંદ દરજ્જાઓ છે, તો જ્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ બન્ને જહાનની

**પછી જો તેઓ પણ એવું જ ઇમાન લાવે જેવું તમે લાવ્યા ત્યારે તેઓ હિદાયત પામી ગયા, અને જો મોઢું ફેરવે તો તેઓ નરી જીદમાં છે[૨૪૬] તો અય મહબૂબ! નજીકમાં જ અલ્લાહ તેમનાથી તમને કિફાયત કરશે. અને તે જ છે સાંભળતો જાણતો.[૨૪૭] (૧૩૭) અમે અલ્લાહના રંગમાં રંગાઇ ગયા[૨૪૮] અને અલ્લાહથી વધુ સારો કોનો રંગ, અને અમે તેને જ પૂજીએ છીએ (૧૩૮) તમે ફરમાવો, શું અલ્લાહના વિશે ઝગડો છો[૨૪૯] જો કે તે અમારો પણ માલિક છે અને તમારો પણ[૨૫૦] અને અમારી કરણી અમારી સાથે અને તમારી કરણી તમારી સાથે. અને અમે નર્યા તેનાજ છીએ[૨૫૧] (૧૩૯) બલ્કે તમે એવું કહો છો કે ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અને ઇસ્હાક અને યાકૂબ અને એમના દીકરાઓ યહૂદી અથવા નસરાની હતા, તમે ફરમાવો, શું તમને ઇલ્મ વધારે છે કે અલ્લાહને[૨૫૨] અને તેનાથી વધીને જાલિમ કોણ જેના પાસે અલ્લાહ તરફથી ગવાહી આવી અને તે એને છુપાવે[૨૫૩] અને ખુદા તમારા કરતુતોથી અજાણ નથી (૧૪૦) તે એક જુથ હતું કે ગુજરી ગયું, તેમના માટે તેમની કમાઇ અને તમારા માટે તમારી કમાઇ અને તેમના કામોની તમને પૂછપરછ નહિ થાય (૧૪૧)**

البقرة ٢

فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ
تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ شِقَاقٍ ۚ فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ
السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٣٧﴾ صِبْغَةَ اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ
اللّٰهِ صِبْغَةً ۫ وَّنَحْنُ لَهٗ عٰبِدُوْنَ ﴿١٣٨﴾ قُلْ اَتُحَآجُّوْنَنَا
فِي اللّٰهِ وَهُوَ رَبُّنَا وَرَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ۚ
وَنَحْنُ لَهٗ مُخْلِصُوْنَ ﴿١٣٩﴾ اَمْ تَقُوْلُوْنَ اِنَّ اِبْرٰهٖمَ وَ
اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطَ كَانُوْا هُوْدًا
اَوْ نَصٰرٰى ۗ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ اللّٰهُ ۗ وَمَنْ اَظْلَمُ
مِمَّنْ كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ۗ وَمَا اللّٰهُ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُوْنَ ﴿١٤٠﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ
وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤١﴾

બુઝુર્ગી ધરાવે છે તો પછી આપના તરીકાથી ફરી જનાર જરૂર નાદાન અને મૂર્ખ છે.

**શાને નુઝૂલ :** ૨૪૦. આ આયત યહૂદીઓ વિશે ઉતરી, તેઓએ કહ્યું હતું કે હઝરત યાકુબ અલયહિસ્સલામે પોતાની વફાત સમયે પોતાની ઔલાદને યહૂદી રહેવાની વસિય્યત કરી હતી. અલ્લાહ તઆલાએ તેમના આ જૂઠનો રદીયો આપવા આ આયત ઉતારી. (ખાઝીન) મતલબ એ છે કે અય બની ઇસરાઇલ ! હઝરત યાકુબ અલયહિસ્સલામે જ્યારે પોતાના દીકરાઓને બોલાવીને તેમના પાસેથી ઇસ્લામ અને તવહીદ પર કાયમ રહેવાનું વચન લીધું હતું. ત્યારે તમારા પૂર્વજો હાજર હતા (પછી શા માટે આવું જૂઠ ફેલાવો છો?)

૨૪૧. હઝરત યાકૂબ અલયહિસ્સલામ હઝરત ઇસ્હાક અલયહિસ્સલામની ઔલાદમાં હોવા છતાં આયતમાં હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામને પણ હઝરત યાકૂબ અલયહિસ્સલામના બાપ-દાદાઓમાં એટલા માટે ગણાવવામાં આવ્યા છે કે આપ હઝરત યાકૂબ અલયહિસ્સલામના કાકા થાય છે, અને કાકા બાપના મરતબામાં ગણાય છે. જેવું કે હદીષ શરીફમાં છે. અને હઝરત ઇસ્માઇલનું નામ હઝરત ઇસ્હાક કરતાં પહેલું બે કારણોમાંથી ગમે તે એકને લઇને રાખવામાં આવ્યું છે. પ્રથમ એ કે આપ હઝરત ઇસ્હાક કરતાં ૧૪ વરસ મોટા છે. બીજું એ કે આપ હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લામના દાદાઓમાંથી છે.

૨૪૨. અર્થાત હઝરત ઇબ્રાહીમ અને હઝરત યાકુબ અલયહિસ્સલામ અને આપની મુસલમાન ઔલાદ.

૨૪૩. અય યહૂદીઓ તમે એમના પર બોહતાન ન બાંધો.

૨૪૪. હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું, આ આયત યહૂદી સરદારો અને નજરાન મુકામના નસરાનીઓ (ખ્રિસ્તીઓ) ના જવાબમાં ઉતરી, યહૂદીઓએ તો મુસલમાનોને એવું કહ્યું હતું કે

હઝરત મૂસા અલયહિસ્સલામ બધા નબીઓમાં શ્રેષ્ઠ છે. અને તવરાત તમામ કિતાબોમાં અફઝલ છે, અને યહૂદી ધર્મ બધા ધર્મોથી સારો છે, એની સાથે તેઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને ઇન્જીલ તેમજ કુરઆન સાથે કુફ્ર કરીને મુસલમાનોને કહ્યું કે યહૂદી બની જાવ, એવી જ રીતે નસરાનીઓએ પણ પોતાના ધર્મને સાચો બતાવીને મુસલમાનોને નસરાની બની જવા કહ્યું, ત્યારે આ આયત ઉતરી.

૨૪૫. આમાં યહૂદીઓ અને નસારા વિગેરેને લાજવાબ કરવામાં આવ્યા છે કે તમે મુશ્રિક છો માટે તમે મિલ્લતે ઇબ્રાહીમ પર હોવાનો જે દાવો કરો છો તે ખોટો છે, એ પછી મુસલમાનોને સંબોધવામાં આવે છે કે તમે એ યહૂદી અને નસારાને કહી આપો કે 'કુલૂ આમન્ના' (કહો અમે ઇમાન લાવ્યા ... આખી આયત)

૨૪૬. અને તેમનામાં હક પ્રાપ્ત કરવાની જરા માત્ર પણ ધગશ નથી.

૨૪૭. આ અલ્લાહ તરફથી જવાબદારી છે કે તે પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહે વ સલ્લમને વિજય આપશે, અને એમાં ગયબની ખબર પણ છે કે ભવિષ્યમાં મળનારા વિજયની પહેલાં જ ખબર આપી દીધી, અને એમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો મુઅજિઝો છે કે અલ્લાહ તઆલાની એ જિમ્મેદારી પુરી થઇ અને આ ગયબી ખબર સત્ય થઇને રહી, કાફિરોની ઇર્ષા અને શત્રુતા તેમજ એમની ચાલબાજી-ઓથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કંઇ જ નુકસાન થયું નહિ, હુઝૂરની ફતેહ થઇ, બની કુરૈઝા કત્લ થયા, બની નુઝૈર દેશનિકાલ થયા, અને યહૂદ-નસારા પર જિઝયો નાખવામાં આવ્યો.

૨૪૮. અર્થાત રંગ જે રીતે કપડાના ઝાહિર અને બાતિનમાં ઘુસી જાય છે. એવી જ રીતે અલ્લાહના દીનના સત્ય અકાઇદ અમારી નસે નસમાં પેવસ્ત થઇ જાય છે, અમારૂં ઝાહિર અને બાતિન, શરીર અને રૂહ તેના રંગમાં રંગાઇ ગયાં છે. અમારો રંગ જાહેરી રંગ નથી કે જેનાથી કંઇ ફાયદો ન થાય. બલ્કે એ તો મનુષ્યના આત્માઓને પવિત્ર કરી દે છે. જાહેરમાં એનો અસર દેખાવ અને કાર્યોથી માલમ પડે છે; નસરાનીઓ જ્યારે કોઇને પોતાના ધર્મમાં દાખલ કરતા અથવા એમના ત્યાં કોઇ બાળક જન્મતું ત્યારે તેઓ પાણીમાં પીળો રંગ નાખીને તેને ઝબોળતા હતા અને કહેતા કે હવે આ પાકો નસરાની બન્યો. તેનો આ આયતમાં જવાબ આપવામાં આવ્યો છે કે આ જાહેરી રંગ કશા કામનો નથી.

**શાને નુઝૂલ :**

૨૪૯. યહૂદીઓએ મુસલમાનોને કહ્યું, અમે આગલી કિતાબવાળા છીએ. અમારો કિબ્લો જૂનો છે. અમારો ધર્મ પૂરાનો છે, નબીઓ અમારામાં થયા છે. જો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નબી હોત તો અમારામાં જ હોત, ત્યારે આ આયત ઉતરી.

૨૫૦. તેને અધિકાર છે કે પોતાના બન્દાઓમાંથી જેને ઇચ્છે તેને નબી બનાવે, અરબોમાંથી હોય કે બીજાઓમાંથી.

૨૫૧. કોઇ બીજાને અલ્લાહનો ભાગીદાર નથી બનાવતા અને ઇબાદત તથા બંદગી ફક્ત તેના માટે જ કરીએ છીએ, માટે ઇનામના પાત્ર અમે જ છીએ.

૨૫૨. એનો ખરો જવાબ એ જ છે કે અલ્લાહ જ વધુ જાણનાર છે, તે જ્યારે તેણે ફરમાવ્યું "મા કાન ઇબ્રાહીમ યહુદિયંવ વલા નસરાનિય્યા" ઇબ્રાહીમ યહૂદી કે નસરાની ન હતા. તો તમારી આ વાત અસત્ય છે.

૨૫૩. આ યહૂદીઓની હાલત છે જેઓએ અલ્લાહની ગવાહીઓ સંતાડી કે જે તવરાતમાં બયાન થએલી હતી, અને તે એ હતી કે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેના નબી છે, અને આપના આવા આવા ગુણો છે. આપની આ તારીફ છે, હઝરત ઇબ્રાહીમ મુસલમાન છે અને મકબૂલ દીન ઇસ્લામ છે, યહુદીયત કે નસરાનિયત નહિ.